CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आ5/5

पिंगल दर्शन

(गुजराती)

6.3

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

ग्रन्थालय
दी, वाराणसी-५
आ5/5

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

स्वा. महादेवानंद, सं. ...
श्री लालसदन/ आनंदबाग/
अहमदाबाद-3-80006

[illegible]

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પિંગલદર્શન

आ 5|5
आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

ચિમનલાલ શિ. ત્રિવેદી, એમ. એ.,

ગુજરાતીના અધ્યાપક, એલ્ફિન્સ્ટન
કૉલેજ, મુંબઈ; કવીશ્વર દલપતરામ
ગુજરાતી સાહિત્ય સુવર્ણચંદ્રક
વિજેતા. (ગુજ. યુનિ.)

: પ્રકાશક :

ખડાયતા બુક ડીપો

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ,
બાલાહનુમાન, અમદાવાદ.

કિં. ૧-૪-૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

: પ્રકાશક :
રમણીક પી. કોઠારી,
અગ્રાયતા બુક ડીપો,
બાલાહનુમાન, અમદાવાદ.

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

પ્રથમ આવૃત્તિ : ૧૯૫૩
સુધારેલી બીજી આવૃત્તિ : ૧૯૫૫

: મુદ્રક :
કાંતિલાલ મોતીલાલ દેસાઇ
ચંદ્રિકા પ્રિન્ટરી, મીરઝાપુર રોડ
પ્રભાત પ્રેસ સામે, અમદાવાદ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आम्नाय-ग्रन्थालय, भरतनिधि, फरीदो वाराणसी-5

પ્રાસ્તાવિક

બીજી આવૃત્તિ

બે વર્ષના ટૂંકા ગાળામાં, આ પુસ્તિકાને પુનઃ પ્રકાશિત થવાનું સદ્‌ભાગ્ય મળે છે, એ મારે માટે આનંદનો વિષય છે. આ આવૃત્તિમાં, 'છંદોનો ઐતિહાસિક વિકાસ'વાળું પરિશિષ્ટ છાપ્યું નથી. કેટલાંક ઉદાહરણો બદલ્યાં છે, અને અહીં તહીં થોડાક સુધારાવધારા પણ કર્યાં છે. આ આવૃત્તિ અંગે, ઉપયોગી સૂચનો કરી પ્રોત્સાહિત કરનાર મુ. શ્રી. બચુભાઈ રાવતનો હું આભારી છું.

૧૫, ન્યૂ બિલ્ડીંગ, ગોકુળદાસ વાડી
કેનેડીબ્રિજ, મુંબઇ–૭.
૧૫–૮–૫૫

ચિમનલાલ ત્રિવેદી.

પ્રથમ આવૃત્તિ

છંદઃશાસ્ત્રને વિદ્યાર્થીભોગ્ય બનાવવાનો આ પુસ્તિકાના પ્રકાશન પાછળ ઉદ્દેશ છે. આ વિષયમાં પ્રવેશ કરી, તેનો પરિચય મેળવવા ઇચ્છિતી વ્યક્તિઓને, આ નાનકડી પુસ્તિકા સંતોષ આપી શકશે તો આ પ્રકાશન, આશા છે કે, નિરર્થક નહિ ગણાય.

આ પુસ્તિકાના પ્રથમ ખંડમાં, આપણા પિંગળ સાહિત્યની આછી રૂપરેખા, અને દ્વિતીય ખંડમાં, છંદઃશાસ્ત્રના અગત્યના પારિભાષિક શબ્દોનો પરિચય આપ્યો છે. છેલ્લા ત્રીજા ખંડમાં, છંદોનું ઉદાહરણો સહિત સ્વરૂપદર્શન કરાવ્યું છે. ઉદાહરણો મોકળે હાથે વેર્યાં છે તે એ હેતુથી કે એક જ છંદ પરની વિવિધ કવિઓની કલમ–પ્રસાદી વાચકને મળી રહે.

બી. એ. ની પરીક્ષામાં મુખ્ય વિષય તરીકે ગુજરાતી લેનાર વિદ્યાર્થીઓને, સામાન્ય રીતે, 'પિંગળ પાઠ પઢવાના' હોય છે. હમણાં ગુજરાત યુનિવર્સિટીએ, વિનયન વિભાગનાં પ્રથમ અને દ્વિતીય વર્ષ (ફર્સ્ટ ઇયર અને ઈન્ટર આર્ટ્સ)ની પરીક્ષામાં પણ, છંદોને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્થાન આપ્યું છે. આ પુસ્તિકાના ત્રણે ખંડો બી. એ. ના વિદ્યાર્થીઓની, તેમજ બીજો અને ત્રીજો ખંડ વિનયન વિભાગના પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓની, જરૂરિયાત સંતોષશે એવું માનવું છે.

આ પુસ્તિકા, આપણા ખ્યાતનામ વિદ્વાન પિંગળકારોની મહદ્-અંશે ઋણી છે. કવીશ્વર દલપતરામ, કવીશ્રી નર્મદાશંકર, શ્રી રણછોડભાઈ ઉદયરામ. પ્રો. કે. હ. ધ્રુવ, પ્રો. રામનારાયણ પાઠક વગેરે પિંગળકારોનાં આ વિષયને લગતાં વ્યાખ્યાનો, પુસ્તિકાઓ, ગ્રંથો કે લેખોનો ઉપયોગ કરવા બદ્દલ એ સર્વનો હું ઋણી છું. શ્રી ગ. ગો. બર્વેની 'ગાયનવાદન પાઠમાળા' નો પણ મેં ઠીક ઠીક ઉપયોગ કર્યો છે તે બદ્દલ તેમનો, સ્વ. પ્રો. કાન્તિલાલ વ્યાસ તથા પ્રો. મનસુખલાલ ઝવેરીનાં વૃત્તવિષયક પ્રકરણોનો ઉપયોગ કરવા બદ્દલ એ બંને વિદ્વાનોનો, તેમ જ નરસિંહથી માંડી નવીનતમ કવિઓનાં કાવ્યોમાંથી ઉદાહરણો માટે પંક્તિઓ લેવા બદ્દલ તે તે કવિઓનો હું આભારી છું. લંબાણ ભયે કેટલીકવાર ચાર પંક્તિના શ્લોકને બદલે બે પંક્તિઓ આપીને જ સંતોષ માન્યો છે. કેટલાક કવિઓની પંક્તિઓને વિવિધ છંદોમાં પ્રયોજવા માટે થોડીક ભાંગફોડ પણ કરી છે—એ બદ્દલ સર્વની ક્ષમાપ્રાર્થના.

આ વિષયની મારા અધ્યયનકાળ દરમ્યાન પ્રેરણા આપી લગની લગાડનાર, અને આ પુસ્તિકા લખતી વખતે પણ ઉપયોગી દોરવણી આપનાર, અમદાવાદની એલ્. ડી. આર્ટ્સ કૉલેજ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યુટના ગુજરાતી વિભાગના અધ્યક્ષ, પૂજ્ય પ્રો. રામપ્રસાદ શુકલસાહેબને આ સ્થળે કૃતજ્ઞભાવે વંદું છું. આ અંગે મારા મિત્ર શ્રી કાન્તિભાઈ કાલાની, શ્રી મહેશ કોઠારી તેમજ અન્ય મિત્રોએ કરેલી સહાયતું સ્મરણ પણ આનંદ આપે છે.

અમદાવાદ
૯–૩–૫૩

ચિ. ત્રિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'તમારું 'પિંગલદર્શન' હું રસપૂર્વક જોઇ ગયો. ગુજરાતીમાં આજસુધી જે જે વિદ્વાનોએ છન્દઃ-શાસ્ત્રની ચર્ચા કરી છે તે બધાંનાં પરિણામોને સંકલિત કરવાનો તમે સારો પ્રયત્ન કર્યો છે. દૃષ્ટાન્તો વગેરેથી વિષયને વિદ્યાર્થી-ગમ્ય કરવા પણ પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે........'

—પ્રા. રામનારાયણ વિ. પાઠક

\+ + +

'....તમે તમારી જે મર્યાદા—વિદ્યાર્થી-ગમ્ય બનાવવાની—સ્વીકારી છે તેમાં રહીને ખરેખર સુંદર ઉપયોગી પુસ્તિકા આપી શક્યા છો એમ મને લાગે છે. આપણે ત્યાં આ વિષયમાં થયેલા અદ્યતન વિચારને તમે આમાં સમાવી શક્યા છો તે આ નાની પુસ્તિકાનું વિશિષ્ટાંગ છે........'

—આચાર્ય ડોલરરાય માંકડ

\+ + +

'....આજસુધીના બધા પ્રયત્નોમાં શિખાઉને માટે આ મને સૌથી સરળ અને ઉપયોગી લાગ્યું છે;—એટલું બધું મને ગમ્યું કે મને પહેલેથી જાણ હોત તો હું 'કુમાર'માં ફરીથી તે કટકે કટકે પ્રસિદ્ધ કરત....મારું અભિનંદન સ્વીકારશો.'

—બચુભાઇ રાવત

\+ + +

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'તમારા 'પિંગલદર્શન'માં યોજનાની નવીનતા છે, નિરૂપણની સ્પષ્ટતા છે, અને ઉદાહરણોનું વૈવિધ્ય છે. કૉલેજના વિનયન વિભાગના વિદ્યાર્થીઓ માટે આ પુસ્તક આશીર્વાદરૂપ નીવડશે એમાં શંકા નથી........'

—પ્રા. કાન્તિલાલ બ. વ્યાસ.

\+ \+ \+

'....તમારું પુસ્તક વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન કરાવે એવું મને અવશ્ય લાગ્યું છે.......'

—પ્રા. સુંદરજી ગો. બેટાઇ.

\+ \+ \+

'....તમારું 'પિંગલદર્શન' વિદ્યાર્થીઓને, કવિતારસિકોને અને ઉદીયમાન કવિઓને ઘણું ઉપયોગી થઈ પડશે.'

—પ્રા. ઇશ્વરલાલ ર. દવે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વ. માતાને....

હૈયાની ઊર્મિને જે સરલગતિભરી પ્રેરણા સાંપડે છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आम्नाय–ग्रन्थालय, भरतनिधि, करौंदी वाराणसी-5

અનુક્રમણિકા

		પૃષ્ઠ
ખંડ : ૧	'પિંગલ'; કવિતા અને છંદ'	૧
	આપણું પિંગલ સાહિત્ય	૩
ખંડ : ૨	પારિભાષિક શબ્દો	
	લઘુ–ગુરુ	૧૪
	ગણ	૧૫
	અક્ષરમેળ	૧૬
	રૂપમેળ	૧૬
	સંખ્યામેળ	૧૭
	માત્રામેળ	૧૭
	પ્રયત્નબંધ	૧૮
	યતિ	૧૮
	યતિભંગ	૧૯
	શ્લોકભંગ	૨૧
	શ્રુતિભંગ	૨૧
	ખંડ	૨૩
	અખંડ–સખંડ	૨૩
	સંધિ	૨૪
	આવૃત્ત–અનાવૃત્ત	૨૫
	સમવૃત્ત	૨૭
	અર્ધસમવૃત્ત, વિષમવૃત્ત	૨૮
	પદ–પાદ–ચરણ	૨૮
	રૂપમેળ અને માત્રામેળ વચ્ચેના ભેદ	૨૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખંડ : ૩ છંદો : ઉદાહરણો સહિત સ્વરૂપ પરિચય

૧ અક્ષરમેળ
(૧) અનુષ્ટુપ ૩૪
૨ અખંડ રૂપમેળ છંદો
(૨) ઇન્દ્રવજ્રા ૩૬
(૩) ઉપેન્દ્રવજ્રા ૩૭
(૪) ઉપજાતિ ૩૮
(૫) સ્વાગતા ૩૯
(૬) રથોદ્ધતા ૩૯
(૭) ઇંદ્રવંશા ૪૦
(૮) વંશસ્થ ૪૧
(૯) દ્રુતવિલંબિત ૪૨
(૧૦) પ્રમિતાક્ષરા ૪૩
(૧૧) તોટક ૪૪
(૧૨) ભુજંગી ૪૪
(૧૩) સ્ત્રગ્વિણી ૪૫
(૧૪) મંજુભાષિણી ૪૫
(૧૫) વસંતતિલકા ૪૬
(૧૬) પૃથ્વી ૪૭
—અભ્યસ્ત પૃથ્વી ૪૮
—પૃથ્વી તિલક ૪૯
૩ સખંડ રૂપમેળ છંદો ... ...
(૧૭) શાલિની ૫૦
(૧૮) લલિત ૫૦
(૧૯) વૈશ્વદેવી ૫૧
(૨૦) પ્રહર્ષિણી ૫૧
(૨૧) માલિની ૫૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુક્રમણિકા

				પૃષ્ઠ
ખંડ : ૧	'પિંગલ'; કવિતા અને છંદ'	...	...	૧
	આપણું પિંગલ સાહિત્ય	...	...	૩
ખંડ : ૨	પારિભાષિક શબ્દો	...	...	
	લઘુ–ગુરુ	...	...	૧૪
	ગણ	...	...	૧૫
	અક્ષરમેળ	...	...	૧૬
	રૂપમેળ	...	...	૧૬
	સંખ્યામેળ	...	...	૧૭
	માત્રામેળ	...	...	૧૭
	પ્રયત્નબંધ	...	...	૧૮
	યતિ	...	...	૧૮
	યતિભંગ	...	...	૧૯
	શ્લોકભંગ	...	...	૨૧
	શ્રુતિભંગ	...	...	૨૧
	ખંડ	...	...	૨૩
	અખંડ–સખંડ	...	...	૨૩
	સંધિ	...	...	૨૪
	આવૃત્ત–અનાવૃત્ત	...	...	૨૫
	સમવૃત્ત	...	...	૨૭
	અર્ધસમવૃત્ત, વિષમવૃત્ત	...	...	૨૮
	પદ–પાદ–ચરણ	...	...	૨૮
રૂપમેળ અને માત્રામેળ વચ્ચેના ભેદ		...	...	૨૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખંડ : ૩ છંદો : ઉદાહરણો સહિત સ્વરૂપ પરિચય

૧ અક્ષરમેળ

(૧) અનુષ્ટુપ ૩૪

૨ અખંડ રૂપમેળ છંદો

(૨) ઇન્દ્રવજ્રા ૩૬
(૩) ઉપેન્દ્રવજ્રા ૩૭
(૪) ઉપજાતિ ૩૮
(૫) સ્વાગતા ૩૯
(૬) રથોદ્ધતા ૩૯
(૭) ઇંદ્રવંશા ૪૦
(૮) વંશસ્થ ૪૧
(૯) દ્રુતવિલંબિત ૪૨
(૧૦) પ્રમિતાક્ષરા ૪૩
(૧૧) તોટક ૪૪
(૧૨) ભુજંગી ૪૪
(૧૩) સ્રગ્વિણી ૪૫
(૧૪) મંજુભાષિણી ૪૫
(૧૫) વસંતતિલકા ૪૬
(૧૬) પૃથ્વી ૪૭
—અભ્યસ્ત પૃથ્વી ૪૮
—પૃથ્વી તિલક ૪૯

૩ સખંડ રૂપમેળ છંદો ... ...

(૧૭) શાલિની ૫૦
(૧૮) લલિત ૫૦
(૧૯) વૈશ્વદેવી ૫૧
(૨૦) પ્રહર્ષિણી ૫૧
(૨૧) માલિની ૫૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

(૨૨) મંદાક્રાન્તા ૫૩
—ખંડ મંદાક્રાન્તા ૫૪
(૨૩) હરિણી ૫૪
(૨૪) શિખરિણી ૫૫
—ખંડ શિખરિણી ૫૭
(૨૫) શાર્દૂલ વિક્રીડિત ૫૮
—ખંડ શાર્દૂલ વિક્રીડિત ૫૯
(૨૬) સુવદના ૬૦
(૨૭) સ્રગ્ધરા ૬૦
—ખંડ સ્રગ્ધરા ૬૧
કેટલાક અક્ષરમેળ—રૂપમેળ છંદોનાં મિશ્રણનાં ઉદાહરણો ૬૩
(૨૮) વૈતાલીય ૬૮
(વિયોગિની)
(૨૯) પુષ્પિતાગ્રા ૬૯

૪. સંખ્યામેળ છંદો

(૩૦) મનહર ૭૦
(૩૧) ઘનાક્ષરી ૭૧
(૩૨) મુક્તધારા (ફૂટનોટમાં) ... ૭૨

૫. માત્રામેળ છંદો

(૩૩) ઉધોર ૭૩
(૩૪) ચોપાઈ ૭૪
(૩૫) ચરણાકુળ ૭૫
(૩૬) ઝૂલણા ૭૫
(૩૭) પ્લવંગમ ૭૬
(૩૮) મહીદીપ ૭૭
(૩૯) રોળા ૭૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૪૦) દોહરો ૭૮
(૪૧) સોરઠો ૭૯
(૪૨) હરિગીત ૮૦
—વિષમ હરિગીત ૮૨
—ખંડ હરિગીત ૮૨
—પરંપરિત હરિગીત ... ૮૪
(૪૩) ચોપાયા છંદ ૮૫
(૪૪) સવૈયા ૮૫
(૪૫) ઝૂલણા ૮૬
—પરંપરિત ઝૂલણા ૮૮
(૪૬) ગાથા અથવા આર્યા ૮૮
(૪૭) ગીતિ ૮૯
(૪૮) કુંડળિયો ૯૦
(૪૯) છપ્પા ૯૧

૬. પ્રકીર્ણ

(૫૦) પ્રમાણિકા ૯૧
(૫૧) ગુલબંકી ૯૨

૭. આગંતુક છંદો

(૫૨) અંજની ગીત ૯૪
(૫૩) દિંડી ૯૫
(૫૪) અભંગ ૯૬
(૫૫) ગઝલ ૯૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૨૨) મંદાક્રાન્તા ૫૩
—ખંડ મંદાક્રાન્તા ૫૪
(૨૩) હરિણી ૫૪
(૨૪) શિખરિણી ૫૫
—ખંડ શિખરિણી ૫૭
(૨૫) શાર્દૂલ વિક્રીડિત ૫૮
—ખંડ શાર્દૂલ વિક્રીડિત ૫૯
(૨૬) સુવદના ૬૦
(૨૭) સ્રગ્ધરા ૬૦
—ખંડ સ્રગ્ધરા ૬૧
કેટલાક અક્ષરમેળ—રૂપમેળ છંદોનાં મિશ્રણનાં ઉદાહરણો ૬૩
(૨૮) વૈતાલીય ૬૮
(વિયોગિની)
(૨૯) પુષ્પિતાગ્રા ૬૯

૪. સંખ્યામેળ છંદો

(૩૦) મનહર ૭૦
(૩૧) ઘનાક્ષરી ૭૧
(૩૨) મુક્તધારા (ફૂટનોટમાં) ... ૭૨

૫. માત્રામેળ છંદો

(૩૩) ઉધોર ૭૩
(૩૪) ચોપાઈ ૭૪
(૩૫) ચરણાકુળ ૭૫
(૩૬) કટાવ ૭૫
(૩૭) પ્લવંગમ ૭૬
(૩૮) મહીદીપ ૭૭
(૩૯) રોળા ૭૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૪૦) દોહરો ૭૮
(૪૧) સોરઠો ૭૯
(૪૨) હરિગીત ૮૦
—વિષમ હરિગીત ૮૨
—ખંડ હરિગીત ૮૨
—પરંપરિત હરિગીત ... ૮૪
(૪૩) ચોપાયા છંદ ૮૫
(૪૪) સવૈયા ૮૫
(૪૫) ઝૂલણા ૮૬
—પરંપરિત ઝૂલણા ૮૮
(૪૬) ગાથા અથવા આર્યા ૮૮
(૪૭) ગીતિ ૮૯
(૪૮) કુંડળિયો ૯૦
(૪૯) છપ્પા ૯૧

૬. પ્રકીર્ણ

(૫૦) પ્રમાણિકા ૯૧
(૫૧) ગુલબંકી ૯૨

૭. આગંતુક છંદો

(૫૨) અંજની ગીત ૯૪
(૫૩) દિંડી ૯૫
(૫૪) અભંગ ૯૬
(૫૫) ગઝલ ૯૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

THAKER'S HIGH SCHOOL

ખંડ : ૧

પિંગલ

છંદોના શાસ્ત્રને પિંગલ કહે છે. 'પિંગલ' શબ્દની ઉત્પત્તિ વિશે એક બે મતો રજૂ થયા છે. આ શાસ્ત્રના મૂળ પ્રવર્તક તરીકે પિંગલમુનિનું નામ પ્રસિદ્ધ છે. આ પિંગલાચાર્યે તેમના છંદઃશાસ્ત્રમાં સૌ પ્રથમ છંદોની શાસ્ત્રીય છણાવટ કરી છે; ત્યારથી છંદઃશાસ્ત્રને 'પિંગલ' નામે ઓળખવામાં આવે છે. 'પિંગલ' શબ્દ વિશે બીજો મત પણ વિચારવા જેવો છેઃ 'પિંગલ' એટલે પિં–ગ–લ. પિં=પિંડ; ગ=ગુરુ અને લ=લઘુ અર્થાત્ લઘુગુરુના પિંડનું જેમાં કથન છે તે પિંગલ. છંદો એ લઘુગુરુના જ બનેલા પિંડ છે એટલે આ મંતવ્ય પણ સ્મરણમાં રાખવા યોગ્ય છે.

કવિતા અને છંદ

શબ્દાર્થૌ સહિતૌ કાવ્યમ્ । એ વ્યાખ્યા અનુસાર શબ્દ અને અર્થના જોડાણને આપણે કાવ્ય કહીએ છીએ; જો કે આપણી વ્યવહારની વાણીના શબ્દો પણ અર્થયુક્ત જ હોય છે તથાપિ કાવ્યના શબ્દાર્થ વૈશિષ્ટ્યયુક્ત હોય છે. આ વિશિષ્ટતા જેમ અર્થ પરત્વે કાવ્યને ઉચ્ચ પદવી અપાવે છે તેમ શબ્દ પરત્વે પણ સામાન્ય વ્યવહારની વાણીથી તેને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરાવે છે. આ વિશિષ્ટતાને કારણેજ કાવ્યમાં છંદનું મહત્ત્વ સ્વીકારાયું છે. છંદ, એ શ્રીપાઠક સાહેબ કહે છે તેમ, ગદ્યની અપેક્ષાએ વાણીનું કૃત્રિમ સ્વરૂપ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે; કાવ્યની બાહ્ય આકૃતિ છે, તેનો દેહ છે, અને એ દેહના સૌન્દર્યની સપ્રમાણતા અને સુઘડતા માટે છંદઃશાસ્ત્રની આવશ્યકતા છે. એક બાજુ સંગીત અને બીજી બાજુ ગદ્ય—એમ બંને ઉત્કૃષ્ટ બિંદુઓની વચ્ચે છંદઃશાસ્ત્રનું ઝરણું વહે છે. કવિતા ગદ્યમાં સંભવી શકે છે અને છે પણ ખરી; वाक्यं रसात्मकं काव्यम् એ વિશ્વનાથવાક્ય 'કાદંબરી' જેવાં ગદ્યકાવ્યોથી સત્ય ઠર્યું છે; તો પણ કવિહૃદયનો ઊર્મિપ્રવાહ, સામાન્ય રીતે, સરિતાના જલપ્રવાહની જેમ, છંદના કિનારાઓમાં વહેવું પસંદ કરે છે. કવિ હૃદયમાં ઊઠતી ભાવની ભરતી પ્રથમ એક પ્રકારનું આંદોલન જગાવે છે. આ આંદોલન પોતાની મેળેજ ભાવને અનુકૂળ છંદ શોધી લઈને કાવ્યરૂપે અવતરણ પામે છે. કાવ્યના ભાવને ગદ્યમાં મૂકતાં ઉત્પન્ન થતી કૃત્રિમતા એ છંદની અનિવાર્યતા માટે રજૂ થયેલું નકારાત્મક છતાં નક્કર કારણ છે. છંદને કવિતાસુંદરીનાં ઝાંઝર ગણી—તેને બંધનરૂપ માની—કેટલાક કવિઓએ તે ફગાવી દીધાના દાખલા પણ નોંધાયા છે. છતાં ઉપર્યુક્ત આંદોલન એક યા બીજા સ્વરૂપે રજૂ થઈ તેમની કવિતાના શબ્દદેહને 'સાંદોલ' તો કરી ગયું છે જ. 'નિયતિકૃતનિયમરહિત' કાવ્ય જગત સ્વતંત્ર છે પણ અતંત્ર નથી. 'હૃદયનો વ્યાપાર' ગણાતી કાવ્યકલા છેવટે તો આત્માનો જ આવિર્ભાવ ગણાતાં તેમાં બુદ્ધિ વગેરેની આવશ્યકતા સ્વીકારાઇ છે. હૃદયની ભાવમયતાને અતંત્ર અને નિરંકુશપણે સ્વચ્છંદી બનતાં અટકાવનાર આ બુદ્ધિની તેજસ્વિતા છે. એ જ બુદ્ધિ, હૃદયની ભાવમયતા સાથે અવિનાભાવિ સંબંધ રાખનાર આંદોલનને નિયમનમાં મૂકી, કાવ્યના બહિરંગને સૌન્દર્યયુક્ત બનાવે છે. નિયમન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ કેદ નથી પણ સદર્થે મૂકેલો અંકુશ છે. એટલેજ સ્વ૦ રમણભાઈને કહેવું પડેલું કે છંદો એ 'બેડીઓ' નથી પણ કવિતાને ઊંચે ઊડવાની પાંખો છે. પરિપકવ થયેલી શકિત-વાળા કવિઓને છંદોરચના સહજ અને સ્વાભાવિક હોય છે. એટલા માટે જ કદાચ દલપતરામે, કાનને કોમળ લાગતી અને મનને મીઠાશ અર્પતી કલ્પના–કવિતાને, 'પિંગળ પાઠ' વિના 'વિમળ વાણી' નહોતી કહી.

આપણું પિંગળ સાહિત્ય

આપણા અર્વાચીન પિંગળ સાહિત્યનો પ્રારંભ થયે હજી પૂરાં સો વર્ષ પણ નથી થયાં. અર્વાચીન યુગમાં છંદઃશાસ્ત્રની શાસ્ત્રીય છણાવટ ત્રણ ચાર પિંગલકારોએ કરી છે. તેમના એ કાર્યનું આપણે ઊડતું પંખીદર્શન કરી લઈએ.

દલપત–નર્મદ

કવીશ્વર દલપતરામ અને કવિ નર્મદાશંકર એ અર્વાચીન યુગના આપણા પ્રથમ પિંગલકારો. દલપતરામે તો છેક કચ્છમાં જઈને પિંગળનો શાસ્ત્રીય અભ્યાસ કરેલો. ઈ. સ. ૧૮૫૫માં 'બુદ્ધિપ્રકાશ'માં તેમણે 'કકડે કકડે પિંગળ આપવાની શરૂઆત કરેલી' અને ઇ. સ. ૧૮૬૨ માં એ પિંગળ વિષયક લેખોને 'ગુજરાતી પિંગળ' એ નામે ગ્રંથસ્થ કરેલા. કવિશ્રીએ કરેલો પિંગળનો ઊંડો અભ્યાસ સૌ પ્રથમ આ પુસ્તકમાં આપણને અર્કરૂપે મળેલો. વિષયનો સામાન્ય પરિચય કરાવતાં કરાવતાં તેમણે પોતાનું કાવ્ય અંગેનું દૃષ્ટિબિન્દુ પણ તેમાં સ્પષ્ટ કરી દીધું છે. પાંચ પ્રકરણોમાં તેમણે અનુક્રમે સંજ્ઞાવિચાર, માત્રામેળ છંદ, અક્ષરમેળ છંદ, સંખ્યાપ્રસ્તાર અને ભાષાકવિતા–વિચારની ચર્ચા કરી છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩૯ જેટલા માત્રામેળ છંદો (અર્ધસમપદ અને વિષમપદ છંદો સમેત) અને ૧૨૪ અક્ષરમેળ છંદોનું સોદાહરણ સ્વરૂપ તેમણે પદ્યમાં સમજાવ્યું છે.

પિંગળની ૨૨ મી આવૃત્તિથી તેનું નામ 'દલપત પિંગળ' રાખવામાં આવ્યું છે. તેની અત્યારસુધીમાં લગભગ ત્રીસ આવૃત્તિઓ થઇ છે અને નકલ સંખ્યા પણ આશરે લાખ સુધી પહોંચી છે. ગુજરાતના આ પ્રથમ પિંગળકારનું નામ આપણાં પિંગળ સાહિત્યમાં ચિરસ્મરણીય છે.

કવિશ્રી નર્મદાશંકરે તેમના 'નર્મ કવિતા' નામના ગ્રંથના છેવટના ભાગમાં કાવ્યશાસ્ત્ર અંગે ત્રણ વિભાગો આપ્યા છે; તેમાં 'પિંગળ પ્રવેશ' એ એમની છંદઃશાસ્ત્રની વિચારણાનો અર્ક છે. સૌ પ્રથમ ઈ. સ. ૧૮૫૭માં તેમણે તે છપાવેલ. ૧૮૬૦ માં તેની બીજી આવૃત્તિ થયેલી. ત્રિભુવનના કર્તાને નમન કરી, બ્રહ્મપરમપદ અને સર્વ કવિરાજને વંદન કરી પિંગળ વિશે લઘુગ્રંથ રચવા કવિ નર્મદ 'પિંગળ દેશ મુઝાર સાંચર્યા' છે. લઘુ–ગુરુ, ગણ, અને અંક સંજ્ઞાનો આછો પરિચય આપી, માત્રાવૃત્તો, માત્રાગણવૃત્ત અને અક્ષરવૃત્તો એમ લગભગ સોએક છંદોની તેમણે સોદાહરણ ચર્ચા કરી છે.

(ઈ. સ. ૧૮૬૫ માં કવિ હીરાચંદ કાનજીએ 'પિંગળાદર્શ' નામના વ્રજભાષાના ગ્રંથને ગુજરાતી ટીકા તથા ઉદાહરણાત્મક નીતિબોધ સાથે પ્રગટ કરેલો, તેમ ઈ. સ. ૧૮૯૩માં જીવરામ અજરામ ગોરે પણ 'ભગવતપિંગળ' લખેલું તે અહીં સ્મરી લઈએ.)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રણછોડભાઇ ઉદયરામ

ગુજરાતી પિંગળ સાહિત્યના બીજા માર્ગસૂચક સ્તંભનાં દર્શન આપણને સ્વ. રણછોડભાઈ ઉદયરામના 'રણપિંગલ'માં થાય છે. પિંગલાચાર્યથી આરંભી સંસ્કૃત, પ્રાકૃત અને વ્રજભાષાના કવિઓના સર્વ ઉપલબ્ધ ગ્રંથો પરથી છંદઃ-શાસ્ત્રસારના દોહનરૂપ ગ્રંથ લખવાના તેમને થયેલા ઉત્સાહનું આપણને ઈ. સ. ૧૯૦૨માં મળેલું આ સુફળ છે. ત્રણ મોટા ભાગમાં વહેંચાયેલા પિંગળના આ મહાગ્રંથમાં લેખકે પ્રવેશક, માત્રામેળજાતિ, અને વર્ણમેળ પ્રથમ ભાગમાં, ત્રિવિધ પ્રસ્તારાદિ પ્રક્રિયા બીજા ભાગમાં અને વૈદિક છંદોની ચર્ચા છૂટા છપાયેલા ત્રીજા ગ્રંથમાં કરીને, કુલ પાંચ વિભાગો પાડ્યા છે. આ ગ્રંથ લખવામાં લેખકે લગભગ સોએક ગ્રંથોનો અભ્યાસ કરેલો. પ્રવેશકમાં તેમણે છંદઃશાસ્ત્રના પારિભાષિક શબ્દોની તેમજ પ્રાસાદિની પ્રાથમિક ચર્ચા કરી છે. જે છંદોનાં સ્વરૂપોની તેમણે ચર્ચા કરી છે તે છંદોની અનુક્રમણિકાએ જ લગભગ સવાસો પાનાં રોકયાં છે;—એ ઉપરથી એમના ભગીરથ કાર્યનો આપણને સહેજે પરિચય મળી જાય છે. વૈદિક છંદોની ચર્ચા કરતાં કરતાં એમણે પ્રત્યેકના ઉપભેદો પણ સોદાહરણ ચર્ચ્યા છે. ગુજરાતનું પિંગળ સાહિત્ય 'રણપિંગલ'ના પ્રકાશનથી સગર્વ ઉન્નત મસ્તક કરી શકે તેટલું સમૃદ્ધ થયું છે.

કેશવલાલ ધ્રુવ

ગુજરાતી પિંગળ સાહિત્યને પણ તેમની મનોહર રસપાંડિત્યની દીપ્તિથી ઝળહળાવનાર સ્વ. કેશવલાલ ધ્રુવ આપણા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રખર પિંગળશાસ્ત્રી છે. 'સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યના વિશાળ મહાસાગરનું મંથન કરતાં કરતાં ઐતિહાસિક વિકાસ પર ઉજ્જવળ પ્રકાશ ફેંકતું તેજસ્વી રત્ન તેમને પ્રાપ્ત થયેલું.' 'પદ્યરચનાના પ્રકાર' એ ઈ. સ. ૧૯૦૮ માં 'બુદ્ધિપ્રકાશ'માં છપાયેલો તેમનો તદ્દ્‌વિષયક અપૂર્વ અને અદ્વિતીય 'જ્ઞાનગર્ભ' લેખ છે. એ લેખમાં તેમણે છંદોની ઉત્પત્તિનો પ્રશ્ન ઐતિહાસિક અને શાસ્ત્રીય રીતે ચર્ચ્યો છે. વેદકાળ, મુનિકાળ, સંસ્કૃતપ્રાકૃતકાળ અને અપભ્રંશકાળમાં છંદોનો થયેલો વિકાસ તેમણે પ્રથમવાર જ દર્શાવી તેના ઐતિહાસિક વિકાસનું પ્રખર વિદ્વત્તાભર્યું નિરૂપણ કર્યું છે. આ ઉપરાંત 'પદ્યરચનાની ઐતિહાસિક આલોચના' એ એમણે આ જ વિષય પર આપેલાં ગ્રંથસ્થ થયેલાં વ્યાખ્યાનો છે. પિંગળકાર ધ્રુવે છંદોના ઐતિહાસિક વિકાસના નિરૂપણ સાથે સાથે પારિભાષિક શબ્દો અને છંદોની સ્વરૂપ ચર્ચા પણ કરી છે. ઉપરોક્ત ગ્રંથ એ 'રણપિંગલ' પછીનો આ વિષયનો આપણને પ્રાપ્ત થયેલ બીજો ગ્રંથમણિ છે. છંદોની એમને એવી ઊંડી સૂઝ હતી કે છંદ–વપરાશ પરથી એ પ્રાચીન કવિનો સમય નિર્ણય પણ નક્કી કરી નાખતા. પદ્યજ્ઞાનનો એમનો જાદુઈ દંડ, ભૂતકાળના—સમયની બાબતમાં અંધારપિછોડી ઓઢી સૂઈ ગયેલા—સર્જકો પર ફરી, તેમને તેમનો સમય કહેવાની ફરજ પાડતો. ગુજરાતનું જ નહિ પરંતુ ભારતભરનું પિંગળ સાહિત્ય તેમની તદ્દ્‌વિષયક વિદ્વત્તા અને તેમના અર્પણનું ઋણી છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રામનારાયણ પાઠક

વર્તમાન યુગના વિદ્યમાન વિદ્વાન પિંગળકાર છે અધ્યાપક રામનારાયણ પાઠક. ગુ૦ વ૦ સો. તરફથી ઇ. સ. ૧૯૨૯ની આખરમાં અર્વાચીન ગુજરાતી કાવ્ય સાહિત્ય ઉપર વ્યાખ્યાનો આપવાનું કામ તેમને સોંપાયેલું. પદ્ય રચનાના ફેરફારો, વૃત્તોના વિસ્તારની અને મિશ્રણની વૈચિત્ર્યમય રચનાઓ તેમજ બ્લેંકવર્સના પ્રયત્નો—એમ ત્રણ વ્યાખ્યાનોમાં ઐતિહાસિક બળોને પ્રાધાન્ય આપીને તેમણે પિંગળ-ચર્ચા કરી છે. ૧૯૩૩માં 'અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય' એ નામે તે વ્યાખ્યાનો ગ્રંથસ્થ થયાં છે.

'પ્રાચીન ગુજરાતી છંદો—એક ઐતિહાસિક સમાલોચના' એ લગભગ ચારસો પાનાના દળદાર ગ્રંથમાં તેમણે આપણા ગેય–દેશીબદ્ધ પ્રાચીન કાવ્યસાહિત્યનું સતત પઠન કરીને પ્રાચીન છંદોની ઐતિહાસિક સમાલોચના કરી છે. 'ગરબીઓનું પણ પિંગલ હોવું જોઈએ' એ આપણા વિચક્ષણ વિવેચક નવલરામના પ્રેરણાદાયક મંતવ્યને સ્વીકારી અને આચાર્ય આનંદશંકર ધ્રુવના મીઠા દબાણને વશ થઈ, તેમણે સ્વીકારેલા આ ભગીરથ કાર્યની સિદ્ધિનાં દર્શન આપણને આ ગ્રંથ કરાવે છે. ગદ્યની આપેક્ષાએ વાણીના કૃત્રિમ સ્વરૂપ છંદની 'પીઠિકા'માં ચર્ચા કરીને, પહેલાં બે પ્રકરણોમાં તેમણે અનુક્રમે સંસ્કૃત અક્ષરમેળ વૃત્તો અને માત્રામેળ છંદોના સ્વરૂપની તાત્ત્વિક ચર્ચા કરતાં કરતાં કેટલાક પારિભાષિક શબ્દોની પણ સૂક્ષ્મ દૃષ્ટિએ છણાવટ કરી છે. પછીનાં બે પ્રકરણો અપભ્રંશ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાહિત્યનાં વારસારૂપે મળેલા કડવાંબદ્ધ અને ઇતર પ્રબંધોના છંદો ચર્ચે છે; જૂની ગુજરાતીના કાવ્યસાહિત્યના પ્રકારો અને તેનાં અંગોપાંગોની છણાવટ કરીને જાતિછન્દો અને દેશીઓનું સ્વરૂપ અને તેની સ્વરૂપ ઘટનાની સામાન્ય ચર્ચા કર્યા બાદ તેઓ ચોપાઈ અને રોળાની દેશીઓનું સ્વરૂપ સમજાવે છે. તેર પ્રકરણોમાં તેમણે આ પ્રાચીન છંદોની મૂળગામી અને શાસ્ત્રીય ચર્ચા કરી છે. શ્રી. પાઠક સાહેબ પાસે છંદોના rhythm ને પકડી લેવાનો 'કાન' છે. આ ગ્રંથને વર્ષના એક ઉત્તમ ગ્રંથ તરીકે સ્વીકારી સંયુક્ત રીતે કાંટાવાળા પ્રાઇઝ' એનાયત થયેલું. આ ઉપરાંત પણ શ્રી. પાઠક સાહેબે છંદો અંગે છૂટક છૂટક લેખો લખ્યા છે. ઇ. સ. ૧૯૫૧ના અંતભાગમાં મહારાજા સયાજીરાવ ત્રીજાના સુવર્ણ મહોત્સવના સ્મારક તરીકેની વ્યાખ્યાનમાલાની યોજનામાં તેમણે 'ગુજરાતી પિંગલ–નવી દૃષ્ટિએ' એ વિષય પર અક્ષરમેળ વૃત્તો, માત્રામેળ કે જાતિછંદો અને પદ કે દેશી એમ ત્રણ વ્યાખ્યાનો આપીને આ વિષયની ઊંડી છણાવટ કરી છે. પહેલા વ્યાખ્યાનમાં અક્ષરમેળ વૃત્તોની ચર્ચા કરતાં કરતાં તેમણે યતિ અને સંધિની વિદ્વત્તાભરી તાર્કિક ચર્ચા કરી છે; માત્રામેળ છંદોના સંધિઓની ચર્ચા કરતાં કરતાં સંખ્યામેળ છંદોનું સ્વરૂપ પણ સમજાવી દીધું છે તો ત્રીજા વ્યાખ્યાનમાં આપણા મધ્યકાલીન સાહિત્યના છંદોને સંગીતપ્રધાન પદ અને દેશીમાં મૂકીને તેના સંધિઓ માત્રામેળના સંધિઓ જ છે એ સ્પષ્ટ કરી આપ્યું છે. શ્રીપાઠકસાહેબ કેટલાંય વર્ષોથી પિંગળ ઉપર એક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહાગ્રંથ લખી રહ્યા છે; તે પ્રકટ થવાની તૈયારીમાં જ છે. તેમના જીવનભરના શ્રમના પરિપાકરૂપ 'બૃહત્ પિંગળ' પ્રકટ થશે ત્યારે ગુજરાતી પિંગળ સાહિત્ય સમૃદ્ધિનું શિખર સર કરશે. ગુજરાતનો એ 'શકવર્તી ગ્રંથ' ગણાશે એટલું જ નહિ પરંતુ સમગ્ર ભારતવર્ષના પિંગળસાહિત્યમાં એ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરશે. લગભગ સાતસો પાનાંનો એ મહાગ્રંથ ૧૫ પ્રકરણો અને ૨૦ પરિશિષ્ટોમાં વહેંચાયેલો છે. પહેલા પ્રકરણના ઉપોદ્ઘાતમાં 'કાવ્યમાં છંદનું સ્થાન' વિચારી તેમણે અક્ષરના સ્વરૂપને ઓળખાવ્યું છે. ગુજરાતી ઉચ્ચારણોને ચકાસતાં લઘુગુરુની ચર્ચા પણ એમણે એમાંજ કરી લીધી છે. પ્રથમ પરિશિષ્ટમાં 'અક્ષર'ના સ્વરૂપની વિસ્તૃત ચર્ચા કરી, બીજામાં ઐતિહાસિક દૃષ્ટિએ લઘુ–ગુરુ-વિવેકની સમજ આપી ત્રીજામાં પિંગલોમાં સ્વીકારાયેલા અપવાદ–શૈથિલ્ય અને છૂટની ચર્ચા કરતાં કરતાં ગુજરાતીને પ્રાકૃત અપભ્રંશના વારસામાં મળેલી હદ વિનાની છૂટને અંકુશમાં મૂકવાની હિમાયત પણ કરી છે. છંદોના મુખ્ય પ્રકારોની બીજા પ્રકરણમાં ચર્ચા કરી તેનાં બે પરિશિષ્ટોમાં અનુક્રમે વૈદિક છંદો અને અત્યાર સુધીનાં પિંગલોએ ગણાવેલા છંદોના મુખ્ય મુખ્ય પ્રકારોનું નિરૂપણ કર્યું છે. ત્રીજું પ્રકરણ અક્ષરમેળવૃત્તોનું પરંપરાગત સ્વરૂપ દર્શાવે છે. તેમાં આપણી ગણપદ્ધતિની અશાસ્ત્રીયતા નિર્દેશી તેના પહેલા પરિશિષ્ટમાં સંસ્કૃત પિંગલોમાંની યતિચર્ચા ચકાસતાં યતિભંગની અદોષતા અને સદોષતા ઉલ્લેખી, બીજા પરિશિષ્ટમાં વૃત્તોના સ્વરૂપ નિર્ણયની પદ્ધતિઓ નિર્દેશી ત્રીજામાં આવૃત્ત-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંધિઅક્ષરમેળવૃત્તોનો દલપતપિંગળ પ્રમાણેનો ન્યાસ આપી, ચોથા પરિશિષ્ટમાં વૃત્તોના પરંપરાગત પઠનની ઝીણવટ પૂર્વક ચર્ચા કરી છે. ચોથા પ્રકરણમાં માત્રાગર્ભવૃત્તોની ચર્ચા કરતાં વૈતાલીયના સ્વરૂપ નિર્ણયની સોદાહરણ ચર્ચા કરી, અંતમાં દલપતરામ પ્રમાણે અનુષ્ટુપનું સ્વરૂપ સમજાવી તેના પરિશિષ્ટમાં અનુષ્ટુપનું પ્રમાણભૂત પિંગલોએ કરેલું નિરૂપણ તપાસી તેનો લગાત્મક ન્યાસ રજૂ કર્યો છે. આ અંગે એમણે લીધેલા અવિરત શ્રમનાં દર્શન આ પ્રકરણ આપણને કરાવી જાય છે. પાંચમું પ્રકરણ વૃત્તોનો મેળ તપાસી, યતિના અર્થની ચર્ચા કરી, તેની આવશ્યકતાનું કારણ જણાવી, અમુક સ્થળે તેના અભાવનો ખુલાસો આપી, યતિભંગની નિર્વાહ્યતા અને અનિ-ર્વાહ્યતાની ગુજરાતમાંથી શતાર્ધ જેટલાં દૃષ્ટાન્તો લઈ સૂક્ષ્મ ચર્ચા કરે છે. તેનું પ્રથમ પરિશિષ્ટ યતિ પૂર્વેના અક્ષરના ગુરુત્વનું કારણ આપે છે તો બીજું, યતિ સંબંધી અર્વાચીન વિવેચકોની ચર્ચાની ચકાસણી કરે છે. છઠ્ઠા પ્રકરણમાં 'વૃત્તોના મેળ' ને કેન્દ્રમાં રાખી તેઓ સંધિની વ્યાખ્યા કરતાં વિવિધ પિંગલ-કારોના સંધિવિષયક અભિપ્રાયો ચર્ચે છે. તો તેના પરિશિષ્ટમાં વૃત્તોના સ્વરૂપ નિર્ણયની કેટલીક રીતિઓ દર્શાવી સાતમામાં આગળના પ્રકરણના 'મેળ' ના પ્રશ્નને આધારે વિવિધ વૃત્તાનાં થયેલાં મિશ્રણોની ચર્ચા કરે છે. તેમ કરતાં તેમણે યોજેલા પારિભાષિક શબ્દ 'સંગમ' તેમજ 'શૃંખલાપદ્ધતિ' ની સમજ આપી છંદોનાં થતાં મિશ્રણોનાં કારણોમાં ઊતરે છે. અનુષ્ટુપના વિકલ્પના જુદા જુદા સંધિઓ જુદી જુદી રીતે નિયત કરી આપી, તેઓ ગુરુબહુલથી લઘુબહુલ તરફ થતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વૃત્તવિકાસની સદૃષ્ટાંત સમજ આપે છે. આઠમા પ્રકરણમાં માત્રામેળ કે જાતિછંદોના પરંપરાગત સ્વરૂપની ચર્ચા છે અને નવમામાં તેમના મેળની ચર્ચા કરતાં જાતિછંદોમાં પ્રાસનું પ્રયોજન દર્શાવી તેના પ્રકારની પણ વિચારણા કરી છે. પરિશિષ્ટમાં શ્રી કે. હ. ધ્રુવનો અનાવૃત્તસંધિ માત્રામેળ સંબંધી મત તપાસી, દસમા પ્રકરણમાં ચતુષ્કલસંધિ છંદોની તેમની દૃષ્ટિએ ચકાસણી કરતાં, જ 'ગણના નિષેધની આમૂલાગ્ર તપાસણી પણ કરી છે. તેનું પરિશિષ્ટ' પ્લવંગમ–પઠન પરના નરસિંહરાવ, બ્રવે વગેરેના મતોને ચર્ચે છે. ૧૧મું પ્રકરણ ત્રિકલ, પંચકલ અને સપ્તકલ જાતિઓના મેળની ચર્ચા કરવા સાથે તાલની પણ ઝીણવટ ભરી આલોચના કરે છે. ૩૩ પાનાનું પરિશિષ્ટ ક 'ડિંગલના છંદો' ને ચર્ચે છે. ડિંગલ વિશેની પ્રમાણભૂત સર્વ માહિતી અહીં મળી રહે છે; તેમાં ડિંગલની ખાસિયત વર્ણવી, તેની ચતુષ્કલ, ત્રિકલ, પંચ-બત્રીસી તેમ કુંડલિયા રચનાઓની ચર્ચા કરતાં તેઓ ડિંગલના સંખ્યામેળ પ્રકાર પણ વર્ણવે છે અને સાથે ડિંગલની વિશેષતા પણ નિરૂપે છે. એના જેવું જ આશરે ૩૭ પાનાનું પરિશિષ્ટ ખ 'ગઝલ'ના પ્રકારનું સર્વદૃષ્ટિકોણોથી સંપૂર્ણ દર્શન કરાવતું આ વિષયનું નાનકડું પુસ્તક જ બની રહે છે. ગઝલના છંદો એ જાતિછંદો જેવાજ આવૃત્તસંધિ છંદો છે એવી સમજ આપતાં, તેઓ અરબી–ફારસી છંદોની ઘટના પણ સમજાવે છે તેમ તેના વિવિધ પ્રકારોનું પણ નિરૂપણ કરે છે. કેટલીક ગુજરાતી ગઝલોને લગાત્મક રૂપમાં મૂકી તેના સ્વરૂપને તપાસતાં તેમાં આવતાં શૈથિલ્ય કે ફેરફારો નિહાળે છે અને અંતે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ફારસી પિંગળના મેળના અભ્યાસ માટે ઉપસ્થિત થતા પ્રશ્નો પરત્વે અંગુલિનિર્દેશ પણ કરે છે.

બારમું પ્રકરણ મનહર, ઘનાક્ષરી વ. સંખ્યામેળ છંદોનો અરસપરસ સંબંધ તપાસી અભંગના સ્વરૂપની પણ ચર્ચા કરે છે. અનુષ્ટુપના સંખ્યામેળને લગાત્મક રૂપે ઉતારી એ પરથી નિયમો ફલિત કરે છે; અને એ સાથે ગુરુપ્રધાન છંદ અનુષ્ટુપને સંખ્યામેળમાં મૂકી શકાય કે કેમ?– એવો તર્ક રજૂ કરે છે. તેના પ્રથમ પરિશિષ્ટમાં મરાઠીમાંના ઘનાક્ષરીનું અને બીજામાં ઓવી અને અભંગના સ્વરૂપની ચર્ચા છે. ૧૩માં પ્રકરણમાં દેશીના ઉદ્ભવ અને અર્થની ચર્ચા કરી, દેશીઓ અને જાતિ છંદો વચ્ચેના ભેદોને તપાસી, દેશીના વિશેષ લક્ષણની નોંધ લઈ તેના સંધિઓ શોધવાની રીત પણ નિર્દેશે છે. ૧૪મા પ્રકરણમાં સમસંખ્યસંધિબદ્ધ પંક્તિઓની દેશીઓની અને પંદરમામાં અસમસંખ્યસંધિબદ્ધ પંક્તિઓની દેશીઓની સવિસ્તર સોદાહરણ સમજૂતિ આપી છે. પરિશિષ્ટ ગ દેશીઓ અને પદોનું પરિશિષ્ટ છે તો છેલ્લું પરિશિષ્ટ ઘ 'પ્રવાહીછંદ'–સળંગ પદ્યરચનાના ગુજરાતી ભાષામાં નર્મદથી બળવંતરાય સુધીમાં થયેલા બ્લેન્કવર્સના પ્રયત્નોની–અંગ્રેજી બ્લેન્કવર્સની વ્યાખ્યા અને તેનું સ્વરૂપ સમજાવી–તેના ગુજરાતી પર્યાયો નોંધી–છંદઃશાસ્ત્રની દૃષ્ટિએ પર્યાલોચના કરે છે. એમાં ડોલનશૈલી, રામછંદ, કટાવછંદ, ગુલબંકી, પ્રવાહી, હરિગીત, અનુષ્ટુપ, પૃથ્વી, મહાછંદ વ. ને ચકાસી પૃથ્વીની બ્લેન્કવર્સનું પૂરેપૂરું કામ આપી શકવાની અસમર્થતા નિર્દેશી, અનુષ્ટુપની નાટકોચિત સળંગ પદ્યરચના માટે અસમર્થતા સૂચવી અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નાટકની ઉક્તિઓ માટે વનવેલીની સમર્થતા દર્શાવી અંતે અનુષ્ટુપ, વસંતતિલકા અને મિશ્રોપજાતિને સળંગ પદ્યરચના માટે મોટું ક્ષેત્ર છે એવા સૂચન સાથે આ વિષયનું સમાપન કરે છે.

અવિરત શ્રમ લઈ એકત્રિત કરેલાં અસંખ્ય દૃષ્ટાન્તોને તપાસી–ચકાસી એમાંથી જ નિયમ તારવી આપવાની પાઠક સાહેબ પાસે રહેલી સહજ સૂઝ ભરી વૈજ્ઞાનિકદૃષ્ટિની પ્રતીતિ કરાવતો, અનેક વિશિષ્ટતાઓથી સોહતો, વિષયને સાદ્યન્ત હસ્તામલકવત્ પ્રત્યક્ષ કરતો અને આ વિષયની અ–ભૂતપૂર્વ ચર્ચા કરતો આ મહાગ્રંથ, અત્યારસુધીના આ વિષયક સર્વગ્રંથોની માળામાં મેર રૂપ બની રહેશે એ નિઃશંક.

આપણા અર્વાચીન પિંગળ સાહિત્યનું પંખીદર્શન અહીં પૂરું કરીએ. આ પંખીદર્શનમાં આપણા માર્ગસ્તંભો જેવા પિંગળકારોનું જ આછું અવલોકન કરવાનો નમ્ર પ્રયત્ન છે. છૂટા છવાયા તદ્‌વિષયક લેખો કે ચર્ચાને અહીં પ્રસ્તુત ગણ્યાં નથી તે ક્ષમ્ય ગણાશે એવી પ્રાર્થના.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખંડ : ૨

પારિભાષિક શબ્દો

લઘુ—ગુરુ

છંદોની સમજ માટે લઘુ-ગુરુની સમજ પાયારૂપ છે, અનિવાર્ય છે. લઘુ એટલે નાનું અને ગુરુ એટલે મોટું–એ એમનો સામાન્ય અર્થ. આપણી બારાખડીના કેટલાક અક્ષરો લઘુ છે અને કેટલાક ગુરુ છે. જેનો ઉચ્ચાર કરતાં સમય ઓછો લાગે છે તે હ્રસ્વ વર્ણોને લઘુ કહે છે અને જેનો ઉચ્ચાર પ્રમાણમા વધુ સમય લે છે તે દીર્ઘવર્ણોને ગુરુ કહે છે.

અ, ઇ, ઉ, ઋ–એ હ્રસ્વ સ્વરો લઘુ કહેવાય છે અને બાકીના આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ વગેરે દીર્ઘ સ્વરો ગુરુ કહેવાય છે. તેવી જ રીતે

ક, કિ, કુ, કૃ–લઘુ ગણાય

અને કા, કી, કૂ, કે, કો, કૌ, કં, કઃ–ગુરુ કહેવાય.*

ક્વચિત્ લઘુ પણ અમુક કારણસર ગુરુ ગણાય છે. જ્યારે શબ્દ જોડાક્ષર–સંયુક્તાક્ષરવાળો હોય ત્યારે શબ્દના જોડાક્ષરથી એની પૂર્વેનો લઘુવર્ણ જો થડકો પામતો હોય તો તે લઘુવર્ણને ગુરુ ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે,

શક્તિ, પુષ્પ, મુક્તિ વગેરે શબ્દોના જોડાક્ષરો ક્તિ, ષ્પ વગેરેથી તેની પૂર્વેના વર્ણ શ, પુ વગેરેનો ઉચ્ચાર કરતાં તે થડકાય છે માટે શ, પુ અને મુ લઘુ હોવા છતાં તેમને ગુરુ ગણવા

---

*'सानुस्वारश्च दीर्घश्च विसर्गांत च गुरूर्भवेत्।'
કોમળ અનુસ્વારયુક્ત વર્ણ લઘુ ગણાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોઈએ. તદુપરાંત પંક્તિને અંતે આવેલો લઘુ પણ મોટે ભાગે ગુરુ ગણાય છે. લઘુ માટે ⌣ (અર્ધચંદ્રાકાર) અને ગુરુ માટે – (સીધી લીટી) એવાં ચિહ્નો વપરાય છે. લઘુને ટૂંકમાં લ અને ગુરુને ગા કહે છે.

ગણ

લઘુગુરુને સગવડ ખાતર જુદા જુદા આઠ પ્રકારના સમૂહમાં વહેંચી દેવામાં આવ્યા છે. ત્રણ ત્રણ અક્ષરના બનેલા એ સમૂહને ગણ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. એ આઠ ગણો નીચે પ્રમાણે છે.

			ઉદાહરણ
૧ ય ગણ	⌣ – – લ ગા ગા	પ્રથમ લઘુ અને બીજા બંને ગુરુ	યશોદા
૨ મ ગણ	– – – ગા ગા ગા	ત્રણે ગુરુ	માતાજી
૩. ત ગણ	– – ⌣ ગા ગા લ	પ્રથમ બે ગુરુ અને ત્રીજો લઘુ	તીખાશ.
૪. ર ગણ	– ⌣ – ગા લ ગા	પ્રથમ અને ત્રીજો ગુરુ અને વચ્ચે લઘુ	રામજી.
૫. જ ગણ	⌣ – ⌣ લ ગા લ	પ્રથમ અને ત્રીજો લઘુ અને વચ્ચે ગુરુ.	જકાત
૬. ભ ગણ	– ⌣ ⌣ ગા લ લ	પ્રથમ ગુરુ અને બીજા બંને લઘુ.	ભોજન.
૭. ન ગણ	⌣ ⌣ ⌣ લ લ લ	ત્રણે લઘુ.	નગર.
૮. સ ગણ	⌣ ⌣ – લ લ ગા	પ્રથમ બે લઘુ અને ત્રીજો ગુરુ.	સમતા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગણોને એકી સાથે યાદ રાખવા માટે નીચેનું સૂત્ર ખૂબ પ્રચલિત છે.

યમાતારા જભાન સલગા.

સૂત્રના પહેલા આઠે અક્ષરો આઠ ગણોનાં નામ સૂચવે છે. જે ગણના લઘુગુરુ ગોઠવવા હોય તે ગણના અક્ષર સાથે પછીના બીજા બે અક્ષરો એમ કુલ ત્રણ અક્ષરનો સમૂહ ધ્યાનમાં રાખતાં તે સરળ થઈ પડે છે. ઉદાહરણ તરીકે ય ગણના લઘુ ગુરુ ગોઠવવા હોય તો 'યમાતા'ના ત્રણ અક્ષરના સમૂહને આપણે લગાગા–માં તરત જ મૂકી શકીએ. તેવી જ રીતે જ ગણ માટે 'જભાન' દ્વારા લગાલ અને સ ગણ માટે 'સલગા' દ્વારા લલગા મૂકી શકીએ.

અક્ષરમેળ

વૈદિક છંદોને અક્ષરમેળ અથવા અક્ષરબંધ છંદો કહેવામાં આવે છે. છંદની પ્રત્યેક પંક્તિ અમુક અક્ષરોની સંખ્યાવાળી હોય છે–પ્રત્યેક પંક્તિની અક્ષરસંખ્યા નક્કી કરેલી હોય છે. પરંતુ તેમાં પ્રત્યેક અક્ષરનું સ્થાન નિશ્ચિત હોતું નથી. તેમાં સંધિ, યતિ (આની સમજ હવે પછી આપવામાં આવશે) વગેરેને સ્થાન નથી. વેદનો ગાયત્રી છંદ આ પ્રકારમાં આવે.

રૂપમેળ

અક્ષરમેળ અને રૂપમેળ છંદોને ઘણા એક જ કહે છે. પરંતુ સ્વ. કેશવલાલ ધ્રુવે બંને વચ્ચે રહેલો તફાવત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શાવ્યો છે. અક્ષરમેળ છંદમાં, પંક્તિમાં રહેલા પ્રત્યેક અક્ષરનું સ્થાન નિશ્ચિત હોતું નથી; જ્યારે રૂપમેળ છંદમાં પંક્તિના પ્રત્યેક અક્ષરનું—લઘુ-ગુરુનું—સ્થાન નક્કી હોય છે. અક્ષરમેળ ગાયત્રી છંદમાં લઘુગુરુનું સ્થાન નક્કી નથી, જ્યારે રૂપમેળ છંદો શિખરિણી, મંદાક્રાંતા વગેરેમાં પ્રત્યેક અક્ષર કયો લઘુ અને કયો ગુરુ તેનું સ્થાન નિશ્ચિત છે. રૂપમેળને રૂપબંધ પણ કહેવામાં આવે છે. આ પ્રકારમાં છંદના દરેક ચરણના દરેક અક્ષરનું રૂપ મુકરર હોવાથી તેનું નામ રૂપમેળ યોગ્ય જ છે. અક્ષરમેળ-રૂપમેળ માટે વર્ણમેળ શબ્દ પણ વપરાયો છે, પરંતુ તે યોગ્ય નથી.

સંખ્યામેળ

અક્ષરમેળની માફક સંખ્યામેળમાં પણ નિયત કરેલી અક્ષરોની જ સંખ્યા હોય છે. માત્ર તેમાં અમુક સંધિઓ નક્કી કર્યા મુજબ આવર્તિત થાય છે. શ્રી પાઠકસાહેબ મનહર, ઘનાક્ષરી, અભંગ (અને અનુષ્ટુપ પણ) ને આ પ્રકારમાં મૂકે છે.

માત્રામેળ

લઘુની એક માત્રા અને ગુરુની બે માત્રા ગણાય છે. કારણ કે, લઘુનો ઉચ્ચાર કરતાં જેટલો સમય લાગે છે તેના કરતાં ગુરુનો ઉચ્ચાર કરતાં પ્રમાણમાં બમણો સમય લાગે છે. આ પ્રકારના છંદોનું બંધારણ માત્રાની ગણત્રી ઉપર આધાર રાખે છે. તેમાં નિયત કરી હોય તેટલી માત્રાઓનો સરવાળો એક પંક્તિમાં થવો જોઇએ; અક્ષરો ગમે તેટલા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવે. ઉદાહરણ તરીકે, હરિગીત છંદ અઠ્ઠાવીસ માત્રાનો છે. તેની પ્રત્યેક પંક્તિની માત્રાનો સરવાળો ૨૮ થવો જોઈએ એ નિયમ; પછી પ્રત્યેક પંક્તિમાં અક્ષરો ગમે તેટલા આવે. તેમાં પ્રત્યેક પંક્તિમાં નિયત થયેલ સંધિનું આવર્તન હોય છે; તેથી શ્રી પાઠક સાહેબ, માત્રા મેળ છંદોને 'આવૃત્ત-માત્રાસંધિમેળ' એવું નામ આપે છે. આને જાતિછંદો કે માત્રાબંધછંદો પણ કહે છે.

પ્રયત્નબંધ

શબ્દોનો ઉચ્ચાર કરતી વખતે તે તે શબ્દમાં આવેલા અક્ષરો પૈકી કોઈ અક્ષર ઉપર સ્વાભાવિક રીતે જ ભાર–વજન પડે છે; તે શબ્દના બાકીના અક્ષરો એવા વજનથી મુક્ત રહે છે. આ ભાર કે વજનને 'પ્રયત્ન' કહે છે. અંગ્રેજીના Stress accent અને આપણા આ 'પ્રયત્ન' વચ્ચે સામ્ય છે. આ 'પ્રયત્ન' ઉપર લક્ષ રાખીને સંવાદ જળવાતો હોય તેવી રચનાને આપણે 'પ્રયત્નબંધ' કહી શકીએ. આપણી કહેવતો, ઉખાણાં વગેરેની પદ્યરચના આ પ્રકારની પ્રયત્ન-બંધ હોય છે.

યતિ

યતિ એટલે એક પ્રકારનો વિરામ. કાવ્યની પંક્તિનું ઉચ્ચારણ કરતાં જ્યાં સ્વાભાવિક વિરામ લેવો પડે છે ત્યાં આપણે અલ્પવિરામ મૂકીએ છીએ તેને યતિ કહેવામાં આવે છે. યતિથી પંક્તિના ખંડો પડી જાય છે અને પંક્તિનું પઠન કરતાં આપણને વિરાંમ મળે છે. રૂપમેળ છંદોમાં જ્યાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્યાં યતિ હોય છે ત્યાં ત્યાં તેની પૂર્વેનો સ્વર હમેશાં ગુરુ હોય છે. ઉ૦ત. મંદાક્રાંતા છંદમાં ચોથે અને દસમે અક્ષરે આપણે વિરામ લેવો પડે છે. માટે તે છંદમાં બે યતિઓ છે; પ્રત્યેક યતિની પૂર્વનો સ્વર ગુરુ છે. જુઓ,

(૧) તૈયારી છે, ચુપચુપ કહે, કાગડાઓ નકીબ. (નર્મદાશંકર)

જ્યાં જ્યાં સામટા ગુરુના કે લઘુના ખડકલા હોય ત્યાં ત્યાં યતિની આવશ્યકતા ઊભી થાય છે. ઉપરના છંદના પ્રથમ ખંડમાં સામટા ચાર ગુરુ આવતાં સ્વાભાવિક રીતે વિરામ લેવાની આવશ્યકતા ઊભી થઈ અને પરિણામે યતિ આવ્યો; તેવી જ રીતે બીજા ખંડમાં સામટા પાંચ લઘુ અને એક ગુરુ પછી યતિ મૂકવો પડયો.

હરિણીમાં પ્રથમ ખંડમાં પહેલા સામટા પાંચ લઘુ અને એક ગુરુ પછી તેમજ બીજા ખંડમાં સામટા ચાર ગુરુ પછી યતિ આવે છે:

ગિરસર સમું, હંસોનો જે કલધ્વનિ રેલતું,
તમરું પણ ત્યાં, આજે મૂંગી, વ્યથાથી ન બોલતું.

(રાજેન્દ્ર શાહ: ધ્વનિ)

માલિની છંદના પ્રથમ ખંડમાં સામટા છ લઘુ અને પછી બે ગુરુ આવતાં યતિ આવે છે.

ઉ૦ત૦ કમલવત ગણીને, બાલના ગાલ રાતા. (કલાપી)

યતિભંગ

સામાન્યરીતે યતિની પાસે શબ્દ પૂરો થઇ જવો જોઈએ; પરંતુ કેટલીકવાર પદ્યરચનાની ગોઠવણીમાં શબ્દને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તોડવો પડે છે. એ શબ્દના અમુક અક્ષરો યતિની પહેલાં અને અમુક અક્ષરો યતિની પછી આવે તો તેને 'યતિભંગ' થયો કહેવાય. વચમાં આવતાં યતિ પાસે શબ્દને ભાંગવો એટલે યતિભંગ–ઉદાહરણ તરીકે,

પી જાણે હા–લાહલો હોઠથી જે.

આ શાલિની છંદની પંક્તિમાં ચોથા અક્ષરે યતિ નિયત થયેલો છે. પરંતુ અહીં 'હાલાહલો' એ શબ્દનો 'હા' એક બાજુ અને 'લાહલો' બીજી બાજુ વાંચવો પડે છે; એટલે અહીં યતિભંગ થયો કહેવાય; કાનને આ તૂટેલો શબ્દ સાંભળવો ક્લેશકર લાગે છે. કેટલીક વાર યતિભંગ કર્ણકટુ નથી પણ લાગતો, જેમકે, નીચેનો 'હોનારત' શબ્દઃ

આવી હોના–રત હતી કદી ના સુણી વા ન દીઠી.

તો પણ યતિભંગ એ દોષ તો ગણાય જ.

યતિભંગનાં વિશેષ ઉદાહરણ જુઓ :

(૧) ના એને હિં–મત ગભરુને અગ્રપાદો ઉઠાવી
થાવું જીવો ઉદર સરકં–તા થકી ભિન્ન ઊંચા.

(વસંતવર્ષા)

(૨) ભર્યું ઘર હતું તેના સૂના રજોમય પ્રાંગણે
લઘુક ગઠડી મૂકી આયુ–ષ્યના અવશેષની.

(રાજેન્દ્ર શાહઃ ધ્વનિ)

(૩) નાની મારી કુટિરમહીં મા–ટી તણી દીવડીનાં
આછાં તેજે મધુરપ લહીં'–તી બધી જિંદગાની.

(રાજેન્દ્ર શાહઃ ધ્વનિ)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્લોકભંગ

કાવ્યનો શ્લોક અથવા ટૂંક ચાર ચરણની હોવી જોઈએ એવો સામાન્ય નિયમ કેટલાંય વર્ષોથી ચાલ્યો આવે છે. પ્રાચીન યુગના આપણા પૂર્વજો પશુના સતત સાનિધ્યમાં હોવાને કારણે પશુના ચાર ચરણો (પગ)ને પૂર્ણ ગણી તેમણે શ્લોકનાં પણ ચાર ચરણો હોવાં જોઈએ એવી પ્રણાલિકા રાખેલી; જે અત્યારસુધી જળવાઈ રહેલી છે. વર્તમાન યુગમાં આ વિચાર પલટો લે છે. જ્યાં કવિનો વિચાર કે ભાવ પૂર્ણ થાય ત્યાં જ શ્લોક પૂરો થયો કહેવાય; પછી ભલે પંક્તિસંખ્યા પાંચની હોય કે સાતની હોય. ચાર ચરણની આ તૂટેલી પ્રણાલિકાને 'શ્લોકભંગ' નામે ઓળખવામાં આવે છે. અર્વાચીનયુગમાં સ્વ.પ્રો.બ. ક. ઠાકોરે યતિભંગ, શ્લોકભંગ અને શ્રુતિભંગ કાવ્યક્ષેત્રે દાખલ કરેલાં. યતિભંગને તેઓ યતિસ્વાતંત્ર્ય ગણે છે. અને શ્લોકભંગને અર્થ–ભાવ પ્રવાહ સાથેની સંવાદિતા માટે ઉપયોગી માને છે.

શ્રુતિભંગ

શ્રુતિ એટલે—Syllable. જેમાં: 'માત્ર સ્વર કે વ્યંજન નહિ પણ એક સ્વર અથવા એક સ્વરને આધારે એ સ્વર સાથે બોલતો વ્યંજન કે આખું વ્યંજનગુચ્છ ઉદ્દિષ્ટ છે'*

---

* રા.પાઠકસાહેબ.

સરખાવો શ્રીકાકાસાહેબના ઉદ્ગારો : " સિલેબલ ' એટલે એક સ્વર અને એને આધારે ઉચ્ચારાતા એક અથવા અધિક વ્યં-જનો મળીને તૈયાર થતો ધ્વનિ " [પૂર્વ આફ્રિકામાં -પૃ. ૧૫૭]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક ગુરુને સ્થાને ક્વચિત્ બે લઘુ મુકાય છે તેને શ્રુતિભંગ કહે છે. પ્રો.બ. ક. ઠાકોરે લખ્યું છે: બે લઘુને ક્વચિત્ એક ગુરુનું સ્થાન અપાય તો ગુજરાતી ભાષાના ઉચ્ચારણની વિલક્ષણતા પ્રમાણે હોઈ અનુગતું નથી.' આથી છંદના ચરણના આરંભે કે અંતે એક ગુરુને બદલે બે લઘુને સ્થાન આપ્યું હોય તો શ્રુતિભંગ થયો કહેવાય—અને આરંભે કે અંતે એવી છૂટ લીધી હોય તો જ મોટે ભાગે સંવાદ જળવાઈ રહે. ઉદા૦ પૃથ્વી છંદની નીચેની પંક્તિ વાંચીએ :

લગીર જ સુશીત, સ્વલ્પ તડકો, હવા ખુશનુમા
આને સ્વરૂપ સાથે મેળવીએ :

લગા લ લ લગા લગા લ લ લગા લગા ગા લગા

અહીં પંદરમો અક્ષર ગા–ગુરુ જોઈએ; પરંતુ કવિએ ઉપરના ઉદાહરણમાં એક ગુરુને સ્થાને બે લઘુ–ખુશ્–મૂકી, સંવાદ જાળવીને, શ્રુતિભંગ કર્યો છે. તેવીજ રીતે—

ઉદધિ ભરતી હેલારામાં ચલત્ ચમકીલી ચિત્
લલલલલગા ગાગાગાગા, લગા લલગાલ ગા

હરિણી છંદના આ ચરણમાં ત્રીજા ખંડમાં બીજો અક્ષર અને છેલ્લો અક્ષર ગુરુ–ગા જોઈએ; પરંતુ ત્યાં પણ અનુક્રમે એક–એક ગુરુને સ્થાને બે બે લઘુ–'લત્' અને 'ચિત્'–મૂકી કવિએ શ્રુતિભંગ કર્યો છે.

'ઝુલો પોપટ ઝુલે સૃષ્ટી...' આ પંક્તિમાં પણ મંદાક્રાંતા છંદનો પ્રથમ ખંડ એવડાવીને પ્રથમ 'ઝુલો પોપટ'માં ચાર સળંગ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગુરુને બદલે છેલ્લા ગુરુની જગ્યાએ બે લઘુ–પટ–વાપરી શ્રુતિભંગ કર્યો છે. પંક્તિને આરંભે ગા=લલ પ્રયોજાયેલ હોવાંથી સંવાદ કે લયને હાનિ પહોંચતી નથી.

અરે શીળી સુન્દર સુખદ દયિતે, આવ ઢુંકડી

આ શિખરિણી છંદની પંક્તિના પ્રથમ ખંડમાં છેલ્લો ગુરુ જોઈએ પરંતુ 'દર્' ત્યાં ગુરુ ગણવો જોઈએ. આ રીતે ચરણારંભે સંવાદ જાળવી એક ગુરુને સ્થાને બે લઘુ મૂકાયા છે. જુઓ શ્રી ઉમાશંકરની નીચેની પંક્તિઃ

હસે નીલું ઊંડું નભ, હૃદય આશિષ્ વરસતું.'

(વસંતવર્ષા–પૃ. ૧૫૭)

ખંડ

કવિતાની પંક્તિમાં યતિ આવતાં તેના જે વિભાગો પડે છે તેને ખંડ કહે છે. પંક્તિમાં જેટલા યતિ હોય તેટલા ખંડ પડે.

ઉ૦ ત૦

વર્ષા કાલે | જલધિજલના | હોય જાણે તરંગ

મંદાક્રાંતાની આ પંક્તિમાં ચોથા ને દસમાં અક્ષરે બે મધ્યયતિઓ આવતાં, પહેલા બે અને છેલ્લો એમ કુલ ત્રણ ખંડ પડયા કહેવાય. તેવી જ રીતે,

હૃદયે હૃદયે | હાસ્યો કેરી | છટા છલકી રહી

એ હરિણી છંદની પંક્તિના ત્રણ ખંડો પડે.

અખંડ અને સખંડ

રૂપમેળ છંદોના બે પ્રકાર છેઃ અખંડ અને સખંડ; અખંડ એટલે–ખંડ વિનાના–યતિવિનાના છંદો અને સખંડ એટલે–ખંડવાળા–યતિવાળા છંદો. ૧૧ અક્ષરના ઇંદ્રવજ્રાથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માંડી ૧૭ અક્ષરના પૃથ્વી છંદ સુધીના છંદો યતિરહિત હોવાને કારણે–કાવ્ય પંક્તિઓના ખંડ ન પડતા હોવાથી–અખંડ રૂપમેળ છંદો કહેવાય છે; જ્યારે ૧૧ અક્ષરના શાલિનીથી માંડી ૨૧ અક્ષરના સ્રગ્ધરા સુધીના છંદો યતિવાળા હોવાથી–કાવ્યપંક્તિના ખંડો પડતા હોવાથી–સખંડ રૂપમેળ છંદો કહેવાય છે.

સંધિ

સંધિઓને છંદઃશરીરના જીવતા અવયવો કહેવામાં આવ્યા છે; કારણ કે સંધિઓના ફેરફારથી નવા નવા છંદો નીપજે છે.

કાવ્યપંક્તિમાં આવતા અક્ષરોનું ઉચ્ચારણ કરતાં જે સ્વાભાવિક અને સહજ રીતે પંક્તિના જુદા જુદા કટકા પડે છે, તે કટકામાં આવતા અક્ષરો કે માત્રાના સમૂહોને સંધિ કહેવામાં આવે છે. પંક્તિના યતિથી પડતા વિભાગોને જેમ આપણે ખંડ કહીએ છીએ તેમ ખંડના ઘટક અવયવોને સંધિ કહે છે. બે કે વધારે સંધિઓથી ખંડ બને છે. સંધિને અંગ્રેજીમાં ફૂટ (foot) કહે છે. વાંચો શ્રી પાઠક-સાહેબે આપેલી વ્યાખ્યા : '....પઠનમાં સ્વાભાવિક રીતે વિલંબન આવવાથી જે અક્ષરજૂથો છૂટાં પડે છે તેજ સંધિઓ.' (બૃ. પિં. પૃ. ૨૧૮) ઉદાહરણથી સમજવાનો પ્રયત્ન કરીએ. સ્રગ્ધરા છંદનું સ્વરૂપ અને ઉદાહરણ લઈએ :

ગાગા ગાગા લગાગા | લલલલલલગા | ગાલગા ગાલગાગા
નિદ્રામાંથી જગાડી | ઝટમધુકરને | છોડવે પદ્મમાંથી
૧ ૨ ૩ ૪ ૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ ઉદાહરણમાં સાતમે અને ચૌદમે અક્ષરે બે મધ્ય-યતિઓ છે તેથી તે પંક્તિના ત્રણ ખંડો પડ્યા. પ્રથમ ખંડ 'નિદ્રાસાંથી જગાડી' નો ઉચ્ચાર કરતાં 'નિદ્રામાંથી' અને 'જગાડી' એવા બે સ્વાભાવિક કટકા પડ્યા. તેથી એ બંને 'સંધિ' કહેવાય. 'ઝટમધુકરને' નો ઉચ્ચાર સમગ્ર રીતે કરવો પડે છે માટે તે એકજ સંધિ. તેવીજ રીતે 'છોડવે' અને 'પદ્મસાંથી' એ ત્રીજા ખંડના બે સંધિઓ. આથી આ પંક્તિમાં કુલ પાંચ સંધિઓ છે. તેવી જ રીતે

ધીમેધીમે છટાથી કુસુમરજલઈ ડોલતો વાયુવાય
૧ ૨ ૩ ૪ ૫

એ પંક્તિના પણ પાંચ સંધિઓ પડે.

વસંતતિલકા છંદ લઈએ:

ગાગાલગા લલલગા લલગા લગાગા
માધુર્યએ ઉછળતું ક્યહિંના સમાય
૧ ૨ ૩ ૪

એમ ચાર સંધિઓ પડે. તેવી જ રીતે ઉપેન્દ્રવજ્રા છંદ લઈએ તો

લગાલગાગા લલગા લગાગા
કપાળઢાળી નયનો નિતાર્યાં
અથાગઆગે ઉરને પ્રજાળ્યું
૧ ૨ ૩

એમ ત્રણ સંધિઓ પડે.

આવૃત્ત અને અનાવૃત્ત

એક ને એક સંધિ જ્યારે ફરી ફરીને આવતો હોય ત્યારે તે આવૃત્ત સંધિ કહેવાય. માત્રામેળ છંદોમાં આવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવૃત્ત સંધિઓ હોય છે. માત્રાસંધિઓ ચાર છે : ત્રિકલ, ચતુષ્કલ, પંચકલ, સપ્તકલ. આ સંધિઓને સંગીતના તાલોની સાથે સંબંધ છે.

ત્રિકલ સંધિ ત્રણ માત્રાની બનેલી છે. દા. ત. લદા કે દાલ (દા=બે માત્રા) મહીદીપ છંદમાં ત્રિકલ દાલ સંધિનું આવર્તન થાય છે.

દાલ દાલ દાલ દાલ દાલ દાલ ગાગા

ચતુષ્કલ સંધિ ચાર માત્રાનો બનેલ છે.

દા. ત. દાદા.

પ્લવંગમ, રોળા વગેરે છંદોમાં ચતુષ્કલ દાદા સંધિનું આવર્તન થાય છે.

પંચકલ સંધિ પાંચ માત્રાનો હોય છે.

દા. ત. દાલદા

ઝૂલણા છંદમાં પંચકલ દાલદા સંધિનું આવર્તન થાય છે.

સપ્તકલ સંધિ સાત માત્રાનો હોય છે.

ઉ. ત. દાદાલદા

દાદાલદા દાદાલદા દાદાલદા દાદાલદા દાદાલદા

એ સાત માત્રાના બનેલા સંધિનું .હરિગીત છંદમાં ચારવાર આવર્તન થાય છે. રૂપમેળ છંદોમાં સંધિઓનું આવર્તન થતું નથી. છતાં તોટક અને ભુજંગી જેવા છંદોમાં આવા સંધિઓનું આવર્તન થાય છે.* ઉ૦ ત૦

---

* તોટક અને ભુજંગી જેવા છંદોનો મેળ આવર્તનાત્મક હોવાથી શ્રી પાઠકસાહેબ તેમને અક્ષરમેળ (રૂપમેળ) છંદોમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તોટક : લલગા લલગા લલગા લલગા.
ભુજંગી : લગાગા લગાગા લગાગા લગાગા.

આ સર્વ છંદોમાં સંધિઓનું આવર્તન થતું હોવાથી આ બધા છંદોને આવૃત્તસંધિવાળાછંદો ગણવામાં આવે છે.

રૂપમેળ છંદોમાં એકનો એક સંધિ ફરી ફરીને ન આવતો હોવાથી તેમને અનાવર્તી રૂપમેળ કે અનાવૃત્તસંધિ-રૂપમેળ છંદો કહેવામાં આવે છે. ઉ૦ ત૦

શાલિની છંદ :

ગાગાગાગા	ગાલગા	ગાલગાગા
૧	૨	૩

અહીં ત્રણે સંધિઓ જુદા છે; પહેલા સંધિનું આવર્તન થતું નથી માટે અનાવૃત્ત સંધિ–રૂપમેળ.

સમવૃત્ત

જે વૃત્ત–છંદના શ્લોકોનાં ચારે ચરણો સરખાં હોય–સરખા માપનાં હોય તેને સમવૃત્ત કહે છે.

ગણવાની ના પાડીને તેમને માત્રામેળ ગણે છે. કારણ, રૂપમેળ છંદોમાં સંધિઓનું આવર્તન થતું જ નથી. તોટક જેવા છંદો અનાવૃત્તસંધિ અક્ષરમેળમાં ભળી જઈ ગોટાળો ન કરે માટે તો તેઓ તેવા છંદોને કાન પકડીને માત્રામેળમાં મૂકી દેવાનું કહે છે. ('ગુજરાતી પિંગલ–નવી દૃષ્ટિએ' પૃ, ૨૩.) સ્વ.ધ્રુવ પણ તોટક, દોધક પ્રમાણિકા અને સ્રગ્વિણીને માત્રાબંધ પ્રકૃતિની ચિત્ર રચનાવાળી વિકૃતિ ગણે છે. (પદ્યરચનાંના પ્રકાર પૃ. ૨૯૨).

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અર્ધસમવૃત્ત

આ પ્રકારના વૃત્તમાં પહેલું અને ત્રીજું (વિષમ) ચરણ તેમજ બીજું અને ચોથું (સમ) ચરણ સરખાં હોય છે; અર્થાત્ એકી ચરણો (૧, ૩) એક સરખાં તેમ બેકી ચરણો (૨, ૪) પણ એક સરખાં.

વિષમવૃત્ત

જે વૃત્તનાં ચારે ચરણો જુદા જુદા માપનાં હોય અથવા એકી–બેકી ચરણો પણ જુદા જુદા માપનાં હોય તે વિષમવૃત્ત કહેવાય છે. આને અસમવૃત્ત પણ કહે છે.

પદ–પાદ–ચરણ

પદ્યની પ્રત્યેક પંક્તિને પદ, પાદ કે ચરણ કહે છે. ‘સૌ પ્રથમ જ્યારે પદ્યની રચના ઉત્પન્ન થઇ હશે ત્યારે બે કડીનાં પદ્યો પ્રથમ રચાયાં હશે. એ મૂળભૂત બે કડીનાં પદ્યને મનુષ્યનું રૂપક આપી પદ્યની ચાલ બતાવનાર કડીને પદ, પાદ કે ચરણ નામ આપ્યું હશે.’

આપણા પદ–પગ–ચરણ જેમ જુદા જુદા સાંધાના બનેલા છે તેમ કવિતાના શ્લોકનું ચરણ પણ ગણ, સંધિ વગેરેનું બનેલું છે.

રૂપમેળ અને માત્રામેળ

છંદોનો સ્વરૂપ પરિચય મેળવતાં પૂર્વે આપણે રૂપમેળ અને માત્રામેળ છંદો વચ્ચે રહેલા તફાવતનું પંખીદર્શન કરી લઇએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માત્રામેળ

૧. માત્રામેળ છંદોમાં અક્ષર સંખ્યા નહિ, પરંતુ મુકરર કરેલી માત્રા સંખ્યા હોય છે.

ઉ.ત. હરિગીત છંદમાં ૨૮ માત્રાઓ મુકરર કરેલી છે; એમાં અક્ષરો ગમે તેટલા આવી શકે, માત્રા–સંખ્યા જાળવવી એજ એમાં ઉદ્દિષ્ટ છે.

૨. માત્રામેળ છંદોમાં બે માત્રાના દા બીજને સ્થાને એક એક માત્રાનાં બે લ બીજ ખુશીથી મૂકી શકાય છે. તેમજ તેથી ઊંધું, એક એક માત્રાનાં બે લ બીજનેસ્થાને બે માત્રાનું એક દા બીજ મૂકી શકાય; ક્વચિત ત્રણ માત્રાના દાલ ને સ્થાને ત્રણ માત્રાનો લદા મૂકવાની પણ છૂટ હોય છે.

ઉ.ત. 'ચોપાયા' છંદમાં :

દાદા દાદા દાદા દાદા
દાદા દાદા દાદા દાદા
પાડોશણને આટો આપો
ઘરનાં ચાટે ઘંટી

એમાં ત્રીજા 'દા' અને નવમા

રૂપમેળ

૧. રૂપમેળ છંદોમાં નિશ્ચિત રૂપવાળી મુકરર કરેલી અક્ષર સંખ્યા હોય છે.

ઉ. ત. મંદાક્રાંતા છંદમાં ૧૭ અક્ષરો જોઈએ; સ્રગ્ધરામાં ૨૧.

૨. રૂપમેળ છંદોમાં ગુરુની જગ્યાએ લઘુ, લઘુની જગ્યાએ ગુરુ કે બે લઘુને સ્થાને એક ગુરુ અથવા એક ગુરુને સ્થાને બે લઘુ મૂકી શકાય નહિ; લઘુ ગુરુનો આવો ફેરફાર આ પ્રકારમાં થઈ શકે નહિ.

ઉ. ત. શાલિની જેવામાં ગાગાગાગા, ગાલગા ગાલગાગા
જાવા ટાણે, આશ રાખી હતી મેં

અહીં લઘુને સ્થાને ગુરુ કે ગુરુને સ્થાને લઘુ ચાલી શકે નહિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'દા'નાં બે માત્રાના બીજને બદલે અનુક્રમે 'શણ' અને 'ઘર'નાં એક એક માત્રાનાં લ બીજ મૂક્યાં છે.

૩. માત્રામેળ છંદોમાં સંધિઓનાં આવર્તન થવાં જ જોઈએ, અનિવાર્ય છે. તેની પંક્તિઓ ત્રિકલ, ચતુષ્કલ, પંચકલ, કે સપ્તકલ સંધિઓ પૈકી કોઈપણ એક સંધિનાં નિયત સંખ્યાનાં આવર્તનોની બનેલી હોય છે. ઉ. ત. ઝૂલણા છંદમાં :

દાલદા દાલદા દાલદા દાલદા
દાલદા દાલદા દાલદા દા

કે રોળા, હરિગીત, સવૈયા વ. છંદોમાં સંધિઓનાં આવર્તન થાય છે.

૩. રૂપમેળ છંદોમાં સંધિઓની આવૃત્તિ થતી નથી.

ઉ. ત. વસંતતિલકામાં–

ગાગાલગા લલલગા લલગા લગાગા

અહીં એકનો એક સંધિ બીજીવાર આવતો નથી.

૪. માત્રામેળછંદના સંધિઓ એક સરખાજ હોય છે. (ઉપરના દૃષ્ટાંતથી એ સ્પષ્ટ થયું હશે.)

૪. કેટલીકવાર બે કે વધારે સંધિઓ લઘુગુરુનાં—રૂપ–પિંડોમાં એક હોય એમ દેખાતા હોવા છતાં જોરની વહેંચણીમાં તે તે સંધિઓ જુદા પાડે છે. ઉ. ત. 'શાલિની

ગાગાગાગા ગાલગા ગાલગાગા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

	કે શાર્દૂલવિક્રીડિત ગાગાગા લલગાલ ગાલ લલગા ગાગાલગા ગાલગા આ છંદોમાં ગાલગા, લલગા કે ગાગાલ જેવા સંધિઓ રૂપપિંડોમાં સરખા દેખાય છે. પરંતુ પઠન કરતાં જોરની વહેંચણીમાં તરત તે સંધિઓ જુદા પડે છે.
૫ સંધિઓ ભિન્ન ન હોવા છતાં સંધિમાં રહેલાં માત્રાનાં બીજોને નાનાત્વનો અવકાશ રહે છે.	૫ આથી સંધિઓનું ભિન્નત્વ એ રૂપમેળ છંદોનું અગત્યનું લક્ષણ છે, અને એથી સંધિમાં રહેલા લઘુગુરુનાં રૂપોને નાનાત્વ પ્રાપ્ત થતું નથી.
૬ માત્રામેળ છંદોમાં લ અને દ્ર એ બેનાં મિશ્રણ અને ફેરફારીથી નવા નવા યોગો દ્વારા અનેક ભાવ સૂચવવાની શકિત છે.	૬ રૂપમેળ છંદોમાં પ્રત્યેક અક્ષરનું રૂપ નિશ્ચિત હોવાથી લઘુ–ગુરુના અનેક યોગો દ્વારા નવા નવા ભાવ સૂચવવાની સ્વતંત્રતા રહેતી નથી.
૭ માત્રામેળ છંદોમાં યતિ આગન્તુક છે, બંધારણનો ભાગ નથી; છંદનું અંગભૂત લક્ષણ નથી કે તેને	૭ અનાવૃત્તસંધિરૂપમેળ છંદોમાં યતિ એ બંધારણનો ભાગ છે, મેળનું અંગ છે; અને યતિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મેળસાથે સંબંધ નથી. તેથી જ ઘણાખરા માત્રામેળ છંદોમાં મધ્યયતિનું સ્થાન નિશ્ચિત હોતું નથી. યતિ પૂર્વે લઘુ પણ આવે છે.

ઉ. ત.

પ્રભુએ બાંધી પાળ.
રસસાગરની પુણ્યથી.

૮ માત્રામેળ છંદોમાં ચરણાન્તપ્રાસ છંદનું અંગ છે. [માત્રામેળ છંદોમાં પંક્તિનો અંત પ્રાસ દ્વારા દર્શાવી શકાય છે; (જોકે જ્યાં જ્યાં પ્રાસ હોય ત્યાં ત્યાં ચરણ પૂરું થાય છે એમ નહિ, પરંતુ તે શણગાર ઉપરાંત ચરણાન્તદ્યોતક પણ બને છે; ચરણનો અંત અંત્ય એક કે બે સંધિઓની બધી માત્રાઓ—અક્ષરોથી પૂરી ન દેતાં અમુક સ્થાને અમુક માત્રાનાં પ્લુતો

સ્વાભાવિક હોવાથી યતિખંડ છંદઃશરીરનું એક સ્વતંત્ર ઉપાંગ બને છે. તેમજ યતિ પૂર્વે હમેશાં ગુરુ (ગા) જ આવે છે.

ઉ. ત.

માંગલ્યોને મધુછલકતા
મુક્તિના કુંભ જેવા.

૮ આવા છંદોમાં પ્રાસ એ છંદનું અંગ નથી, પરંતુ આગન્તુક અલંકરણ છે—શણગાર રૂપે આવીને શોભામાં વૃદ્ધિ કરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મૂકવાથી પણ દર્શાવી શકાય છે)]

૯ માત્રામેળ છંદ મૃદુ, સાદો અને સરળ છે.

૯ રૂપમેળ છંદ ઘટ્ટ, પ્રૌઢ અને વિકટ છે.

૧૦ માત્રામેળનો મૂળ અને મિશ્રસંધિ જાણ્યા પછી પ્રત્યેક છંદ વિચારવો પડતો નથી.

૧૦ રૂપમેળનો પ્રત્યેક છંદ વિચારવો પડે છે.

૧૧ તાલ એ મુખ્ય છે.

૧૧ સંવાદનું સાતત્ય મુખ્ય છે.

૧૨ માત્રામેળ છંદોને આવૃત્ત-માત્રાસંધિમેળ કહેવા જોઈએ.

૧૨ રૂપમેળ છંદોને અનાવૃત્ત-અક્ષરસંધિમેળ કહેવા જોઈએ.

*   *   *   *

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખંડ : ૩

છંદો : ઉદાહરણો સહિત સ્વરૂપ-પરિચય.

આ ખંડમાં આપણે છંદોનો સોદાહરણ સ્વરૂપ પરિચય કરીશું. અક્ષરમેળ-રૂપમેળ છંદો પૈકી પ્રથમ યતિ વિનાના, અને પછી યતિવાળા છંદોનાં-અક્ષરસંખ્યા પ્રમાણે-ક્રમશઃ-લઘુ-ગુરુ સ્વરૂપ, ગણ અને ઉદાહરણો આપ્યાં છે. પછી અગત્યના સંખ્યામેળ, માત્રામેળ, પ્રકીર્ણ અને આગંતુક છંદોનો સોદાહરણ પરિચય આપ્યો છે.

અક્ષરમેળ છંદો

આ પ્રકારના છંદોમાં મુખ્યત્વે ગાયત્રી, ત્રિષ્ટુભ, અનુષ્ટુપ અને આખ્યાનકી છંદો નોંધપાત્ર છે. અનુષ્ટુપ સિવાયના છંદો હાલ પ્રચલિત નથી, માટે અહીં તેમની સ્વરૂપ-ચર્ચા કરી નથી.

*(૧) **અનુષ્ટુપ:**—અનુષ્ટુપ છંદને 'શ્લોક' પણ કહે છે. ધીરગંભીર ભાવના આલેખન માટે આ છંદ વિખ્યાત છે. ઓછાં નિયમનોવાળો આ છંદ, કવિની સાચી કસોટી કરે છે એમ કહેવામાં અત્યુક્તિ નથી.

તેના પ્રત્યેક ચરણમાં આઠ અક્ષરો હોય છે. રૂપમેળ છંદોની માફક આ છંદના પ્રત્યેક અક્ષરનું રૂપ મુકરર કરેલું

નોંધ : અગત્યના પ્રચલિત છંદો આગળ * આવાં ચિહ્નો મૂક્યાં છે.

'અનુષ્ટુપને સંખ્યામેળમાં મૂકી શકાય'-એમ કહીને પણ શ્રી પાઠકસાહેબે છેવટે તો લખ્યું છે કે '...કોઇ પણ પ્રકારમાં, નિઃસંદેહ જેને મૂકી શકાતો નથી તે અનુષ્ટુપ...' (બૃ. પિં. પૃ. ૬૭૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી, માટે તેને અક્ષરમેળ છંદ ગણ્યો છે. ચરણના આઠ અક્ષરો પૈકી પાંચમો અક્ષર લઘુ જોઈએ એવો આ છંદનો નિયમ છે. *છઠ્ઠો અક્ષર ગુરુ હોય તો સારું, તેમ જ પહેલી અને ત્રીજી પંક્તિનો સાતમો અક્ષર ગુરુ, અને બીજી તથા ચોથી પંક્તિનો સાતમો અક્ષર લઘુ જોઈએ એવું આ છંદનું સ્વરૂપ છે.

નહીં નાથ નહીં નાથ ન જાણો કે સવાર છે
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે.

० ० ० ० (કાન્ત)

પ્રેમની કવિતા કેરો ? કે એ જાહોજલાલીનો ?
સૌન્દર્યનો ? કલાનો ? કે તાજ આ મુગલાઈનો ?

(ન્હાનાલાલ : ચિત્રદર્શનો)

० ० ० ०

પૂર્વમાં તણખ્યો તારો, વાયુમાં કંપ કૈં થયો,
નિદ્રામાં લીન પૃથ્વીએ ન જોયો, ન અનુભવ્યો.

(સું. બેટાઈ : જ્યોતિરેખા)

સેવનીય તણી પૂજા સેવા સંપૂજનીયની
હતા ત્યારે કરી ના રે સોનાની પળ વેડફી,

(પૂજાલાલ : પારિજાત)

---

* पंचमं लघु सर्वत्र सप्तमं द्विचतुर्थयोः ।
गुरु षष्ठं च जानीयात् शेषेष्वनियमो मतः ॥

'અનુષ્ટુપ'ની વિશેષ ચર્ચા માટે જુઓ 'બૃહત્ પિંગલ' પ્ર૦ ૪, ૧૨, ૧૫ નું પરિશિષ્ટ ઘ ૧૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખંડ રૂપમેળ છંદો

રૂપમેળ છંદોમાં પ્રત્યેક અક્ષરનું સ્થાન–કાં ગુરુ, કાં લઘુ–નિયત થયેલું છે. લઘુને લ સંજ્ઞાથી અને ગુરુને ગા સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. તેથી પ્રથમ 'લગા' સંજ્ઞા દ્વારા રૂપમેળ છંદોનું સ્વરૂપ દર્શાવ્યું છે. જ્યાં 'લ' છે ત્યાં લઘુ અને 'ગા' છે ત્યાં ગુરુ જ જોઇએ. ક્વચિત્ સગવડ ખાતર લઘુને સ્થાને ગુરુ અને ગુરુને સ્થાને લઘુ મૂકી દેવાની કવિઓ છૂટ લે છે. નીચે આપેલાં ઉદાહરણોમાં બને ત્યાં સુધી આવી છૂટવાળાં ઉદાહરણો ઓછાં લીધાં છે, તથાપિ વૈવિધ્ય વગેરે કારણોસર એવાં ઉદાહરણોને સ્થાન પણ આપ્યું છે. લઘુને સ્થાને જ્યાં ગુરુ વાંચવાનો છે તેની ઉપર—(સીધી લીટી) નું ચિહ્ન કરેલું હશે, અને ગુરુને સ્થાને જ્યાં લઘુ વાંચવાનો હશે તેની ઉપર˘(અર્ધ ચંદ્રાકાર)નું ચિહ્ન કરેલું હશે. રૂપમેળ છંદોના પ્રત્યેક ચરણનો છેલ્લો અક્ષર લઘુ હોય તો પણ ગુરુ ગણવો જોઇએ.

***(૧) ઇન્દ્રવજ્રા : અક્ષર : ૧૧**

સ્વરૂપ : ગાગા લગાગા લલગા લગાગા

ગણ : ત, ત, જ + બે ગુરુ

ઉદાહરણો : ઘંટી તણા ઘોષ ઘણાક થાય,
દાણા પડ્યા બે પડમાં દળાય;
આકાશ પૃથ્વી પડ બે પ્રમાણો,
જીવો પડ્યા તેમ દળાય જાણો. (દલપતરામ).

० ० ० ०

ચાંદો ફરંતો નભથી હું લાવી,
એનાં રચ્યાં હોત દડા બનાવી;
ને એ દડે હું વીજ રેખ બાંધું,
એને ઉછાળી જગ વ્યોમ સાંધું. (ચં. ચી. મહેતા)

० ० ० ०

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માની અરે જે સુખબીજ વાવ્યાં
તેમાં–જ–થી આ દુખવૃક્ષ ફાલ્યાં;
ને દુઃખ જાણી પગથી ઉશેટયાં
તે તો બનીને સુખપદ્મ મ્હેકયાં.

(સું. બેટાઈ : વિશેષાંજલિ)

મૃદંગ વાગે કરતાલ બાજે,
ત્રિલોકમાં ભૈરવનાદ ગાજે,
મૃત્યુંજયી સૂર દિગંત માંહે
ફરી વળી શાશ્વત શાંતિસ્થાપે.

(હરિશ્ચન્દ્ર ભટ્ટ)

*(૨) ઉપેન્દ્રવજ્રા : અક્ષર : ૧૧

(ઈન્દ્રવજ્રા છંદના પ્રત્યેક ચરણના પહેલા અક્ષર ગુરુ (ગા) ને સ્થાને લઘુ (લ) મૂકીએ તો ઉપેન્દ્રવજ્રા છંદ બને.)

લગા લગાગા લલગા લગાગા.

ગણ : જ, ત, જ + બે ગુરુ,

અરે ન કીધાં ફૂલ કેમ આંબે ?
કર્યાં વળી કંટક શા ગુલાબે ?
સુલોચનાને શિર અંધ સ્વામી;
અરે વિધાતા તુજ કૃત્ય ખામી. (દલપતરામ)

○ ○ ○ ○

દયા હતી ના, નહિ કોઈ શાસ્ત્ર,
હતી તહીં કેવળ માણસાઈ! (રામનારાયણ પાઠક)

○ ○ ○ ○

અમાસની અંતર વેદનાને
ઉકેલવા કો કરજો ન હામ. (ઉપવાસી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

*(૩)ઉપજાતિ : અક્ષર : ૧૧

[આ છંદ ઈન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રા છંદનું મિશ્રણ છે. એક ચરણ ઈન્દ્રવજ્રાનું અને બીજું ચરણ ઉપેન્દ્રવજ્રાનું મૂકવાથી ઉપજાતિ છંદ બને છે.*]

(ઇન્દ્ર૦) આયુષ્યના ઉંબરમાં ઉભેલો
(ઉપેન્દ્ર૦) જુવાન ઝંખે ક્ષિતિજો વળોટી,
(ઈન્દ્ર૦) ને પેખી લે પ્રાણ પ્રયાણ ઘેલો
(ઉપેન્દ્ર૦) ભવિષ્યની કૂચ તણી રજોટી.

० ० ० ०

જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ
બની રહો તેજ સમાધિયોગ. (ઉમાશંકર જોષી)

० ० ० ०

આ જિંદગીની અણદીઠ ભોંમે
ભમી ભમી આખર ભૂલવાનું?
પડયા હશે પંથ અનંત તોયે
હસી જગે કો નહિ દોરનારું!

(નંદકુમાર પાઠક : સંવેદના)

० ० ० ०

---

* સ્વ. બ. ક. ઠાકોર 'ઉપજાતિ' અને 'મિશ્રજાતિ' વચ્ચે ભેદ દર્શાવતાં લખે છે :

'વર્ણ સંખ્યા એક જ પણ ગણમેળમાં ભિન્ન ભિન્ન એવાં વૃત્તોનાં, તેમ એકવર્ણી ફેરવાળાં વૃત્તોનાં મિશ્રણ, શક્ય (એટલે સંવાદિત જણાય) તે બધાં યે આ **ઉપજાતિ**ના વર્ગમાં આવે. વર્ણસંખ્યામાં એકથી વધારેનો ફેર હોય, એવાં વૃત્તોનાં મિશ્રણને ઉપજાતિ નહીં ને '**મિશ્રજાતિ**' કહેવાં. ગણમેળ-વૃત્તોની પરિભાષામાં ૧૧ વર્ણથી માંડીને ૧૪ વર્ણવૃત્તો લગીના ક્ષેત્રમાં જ વાપરવાનાં છે.'

('પારિજાત'નો પ્રવેશક પૃ. ૩૨)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેવા ધરાથી થઈ પુષ્ટ મેઘ,
વર્ષે ધરા ઉપર મેઘ પાછા,
તેવાં અમે તૃપ્ત થતાં જ વર્ષ્યાં
ને વર્ષીને તૃપ્ત થયાં ફરીથી!
ને ત્યાં અમો બેઉ અને શિશુનો
બની રહ્યો મંગલ એ ત્રિકોણ! (રા. પાઠક)

(૪) સ્વાગતા: અક્ષર: ૧૧

ગાલગા લલલગા લલગાગા

ગણ: ર, ન, ભ + બે ગુરુ.

વાર તો બહુ ગઇ ન હતી જ્યાં
એ પ્રદેશ થકી મુક્ત થયાં ત્યાં
અંધકાર ટળતાં અજવાળું,
એ સુશોભિત બહુજ નિહાળું. (કાન્ત)

૦ ૦ ૦ ૦

રે નભાગિ ગઢનાથ જુઓ છો,
સ્વાગતા શિદ સમૃદ્ધિ ખુઓ છો; (દલપતરામ)

(૫) રથોદ્ધતા: અક્ષર ૧૧

[સ્વાગતા છંદના નવમા–દસમા અક્ષરોનું સ્થાન અહીં અરસ-પરસ બદલાય છે.]*

ગાલગા લલલગા લગાલગા.

ગણ: ર, ન, ર + લગા.

નાથ એક કરુણાકટાક્ષથી
પાપ પુંજ સળગી જતા, અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આત્મ જંગલ અજામિલો ઉઠી
ભાળી દિવ્ય નિજરૂપ લાજતા. (ક. માણેક)

० ० ० ०

જન્મ મૃત્યુ–વચગાળ ઝૂલતો
આત્મ એકરસ કાળ હીંચકે,
દિક્પટે પ્રચલ ચિત્રમાલિકા
કૌતુકપ્રિય મને નિહાળતો.

(પૂજાલાલ : પારિજાત)

० ० ० ०

*(૬) ઇન્દ્રવંશા : અક્ષર : ૧૨.

(ઇન્દ્રવજ્રા છંદના ચરણના અંતે રહેલા બે ગુરુની વચ્ચે એક લઘુ (લ) ઉમેરી દઈએ તો ઇન્દ્રવંશા બને.)

ગાગાલગાગા લલગા લગાલગા
ગણ: ત, ત, જ, ર.
પાનોઠપીળી થઈ જારબાજરી
વેઠી શકે યૌવનભાર ના નદી.

(ઉ. જોષી: વસંતવર્ષા.)

० ० ० ०

---

* શ્રી ઉમાશંકરે રથોદ્ધતાને છેડે એક ગુરુ ઉમેરી નવા જ શોકવાહી લયવાળા વાપરેલા છંદનું ઉદાહરણ જુઓ :

થૈ ગદ્ગાભિમુખ નાથ હે સુતેલા
સંગિની વિસરી કે શું રુદ્ધઘેલા ?

(પ્રાચીના)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દીવો કદી પાલવઓથ છૂપતો,
ઢંકાય ના ત્યાં ભડકો ભભૂકતો:

(પ્રાચીના)

° ° ° °

લાવાભર્યો કેવલ ભીતરે અહીં.
ને રાચતું આ મન અભ્ર રંગનાં
લાવણ્યથી કૉળત જિંદગી જ્યહીં !

(પુરુષોત્તમ મિસ્ત્રી)

° ° ° °

વર્ષાન્ત ને જીવન અન્ત આવશે
ને ખાલી કેલેન્ડર શું શરીર આ
કો ટોપલી કે સગડી સુહાવશે. (સુંદરમ્: વસુધા)

° ° ° °

શી આરતી વા ફૂલમાળ ત્યાં હવે,
જ્યાં પ્રાણકેરી થઇ પુષ્પમાળ,
ને કાય કેરી થઈ ભવ્ય આરતી
શિખા સહસ્ત્ર થઈ રક્તધારની ! (પ્રહ્લાદ પારેખ)

***(૭) વંશસ્થ** : અક્ષર : ૧૨

(ઇન્દ્રવંશા છંદના પ્રત્યેક ચરણના પહેલા ગુરુને સ્થાને, લઘુ (લ) મૂકીએ (અથવા ઉપરના જેવો જ ફેરફાર ઉપેન્દ્રવજામાં કરીએ) તો વંશસ્થ છંદ બને.]

લગાલગાગા લલગા લગાલગા.

ગણ: જ, ત, જ, ર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નમું તને ચિન્મય મૂર્તિને નમું
પ્રતીક રૂપી પ્રભુતા તને નમું. (પૂજાલાલ.)

૦ ૦ ૦ ૦

ત્રિકાળનું જ્ઞાન હતું કુમારને,
નજીક આંખે નીરખે થનારને;
સ્વપક્ષનો દ્યૂત વિષે પરાજ્ય,
વળી દીસે દ્રૌપદી માનનો ક્ષય. (કાન્ત)

૦ ૦ ૦ ૦

રસે હવે દે ભરી પાત્ર બાઈ;
પ્રભુ કૃપાએ નકી એ ભરાશે;
સુખી રહે બાઇ! સુખી રહો સૌ,
તમારી તો આશિષ માત્ર માગું! (કલાપી)

૦ ૦ ૦ ૦

ગગો ગયોઃ બા–વહુ બારીએ ઉભાંઃ
અને બટાટા સુસવે ચુલે ચડયાં! (માણેક)

***(૮) દ્રુતવિલંબિત : અક્ષર : ૧૨**

દ્રુત : પ્રથમ સામટા ત્રણ લઘુ હોવાથી ઉચ્ચાર ઝડપથી કરવો પડે છે, અને પછી–વિલંબિત.

લલલગા લલગા લલગા લગા
ગણ : ન. ભ, ભ, ર.

જગતનું ટહુકે પરભાતિયું
શબ્દ શ્વાસ નવેસરથી ધરે.
(ચંદ્રવદન મહેતા.)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉરતરંગ અનેક ઉછાળતી,
મલિનતા પણ સર્વ મટાડતી;
અઘતણા ઢગને રહી ગાળતી,
જરુર વત્સલતા જગજાહ્નવી. (બોટાદકરઃ શૈવલિની)

○ ○ ○ ○

શિશિરવાયુ સુશીતળ સૂસવે,
તરુતણાં થડથી રસ કૈં ઝવે.
ખરત પાન, રહ્યાં બસ ડાંખળાં,
સભર ધાન્ય થકી સુહતાં ખળાં (ઉ. જોષીઃ વસંતવર્ષા)

○ ○ ○ ○

પ્રણયની પણ તૃપ્તિ થતી નથી
પ્રણયની અભિલાષ જતી નથી :
સમયનું લવભાન રહે નહીં :
અવધિ અંકુશ સ્નેહ સહે નહીં. (કાન્ત)

(૯) પ્રમિતાક્ષરા : અક્ષર : ૧૨.

(લલ + સ્વાગતા—ગાઃ સ્વાગતા છંદના પ્રત્યેક ચરણના આરંભે એ લઘુ ઉમેરીએ, અને પ્રત્યેક ચરણનો છેલ્લો ગુરુ દૂર કરીએ તો પ્રમિતાક્ષરા છંદ બને.)

લલગા લગા લલલગા લલગા.

ગણ : સ, જ, સ, સ.

રવિતેજ ચંદ્રસમ શીતલતા
ગુણગાય સર્વજન આપતણા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

*(૧૦) તોટક: અક્ષર ૧૨

(નીચે આપેલા તોટક, ભુજંગી અને સ્રગ્વિણી છંદોનો મેળ આવર્તનાત્મક હોવાથી, અર્વાચીન પિંગળકારો તેમને માત્રામેળી છંદો ગણે છે.)*

લલગા લલગા લલગા લલગા.

ગણ: સ, સ, સ, સ.

તવ હું તુજ એ સહુ સુંદરતા
કલપી બહુ મોદ ધરૂં મનમાં;
તુજ રંગ બધા મુજ આ તનમાં
પ્રસરી કંઇ નૃત્ય નવું કરતાં. (ખબરદાર)

નહિ તે કંઈ દોષભર્યાં નયનો
પણ નિર્મલ નેહ સરોવર સારસ–
યુગ્મ સમાં પરિપૂર્ણ દયારસ
–એ જખમી દિલનાં શયનો. (કાન્ત)

*૧૧: ભુજંગી: અક્ષર: ૧૨.

લગાગા લગાગા લગાગા લગાગા.

ગણ: ય, ય, ય, ય.

ભલો દૂરથી દેખતાં દિલ ભાવ્યો,
ચડી જેમ આકાશમાં મેહ આવ્યો;

* '......આ સ્પષ્ટરૂપે ચતુર્માત્રિક સંધિનાં ચાર આવર્તનોનો છંદ છે. તેનો મેળ ચોપાઇ જેવોજ છે, માત્ર તેના સંધિને લલગાનું સ્થિર પાસાદાર રૂપ આપેલું છે. એના મેળનો સિદ્ધાંત માત્રામેળનો છે, એટલે હું આને માત્રામેળની લગાત્મક જાતિ ગણું છું.' (રા. પાઠક: બૃ. પિં. પૃ. ૪૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દીસે કુંડનો દેવતા બીજ જેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો. (દલપતરામ)

० ० ० ०

વડાં પાથર્યાં આભનાં પત્ર કાળાં
લખી તેજના શબ્દથી મંત્ર માળા. (ન્હાનાલાલ)

(૧૨) સ્રગ્વિણી : અક્ષર ૧૨

(ગા + ભુજંગી–ગા : ભુજંગી છંદના પ્રત્યેક ચરણ પૂર્વે એક ગુરુ ઉમેરવાથી, અને અંતનો ગુરુ દૂર કરવાથી સ્રગ્વિણી છંદ બને છે.)

ગાલગા ગાલગા ગાલગા ગાલગા.

ગણ : ર, ર, ર, ર.

ઇંદુ જેવાં જુઓ બિંબ આકાશમાં
ભાળિયે આપણે ઈન્દુ આભાસમાં. (દલપતરામ)

(૧૩) મંજુભાષિણી : અક્ષર ૧૩

(લલ + રથોદ્ધતા : રથોદ્ધતા છંદના પ્રત્યેક ચરણની પૂર્વે બે લઘુ ઉમેરવાથી મંજુભાષિણી છંદ બને છે.)

લલગા લગા લલલગા ગાલગા

ગણ : સ, જ, સ, જ + એક ગુરુ (ગા)

જશ તો જરૂર જગમધ્ય જામશે,
પરિપૂર્ણ સુખ પણ તો તું પામશે. (દલપતરામ)

० ० ०

દુબળાં કપોળ પરિપાંડુ કાંતિથી
દિસતી સુશોભિત મુખે લટો ઢળી;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરુણા તણી મુરતિ, વા શરીરિણી
વિરહ વ્યથા જ, વનજાય, જાનકી.

(ભવભૂતિ. અનુ. શ્રી. પદ્માવતી)

*(૧૪) વસંતતિલકા : અક્ષર ૧૪

(આ છંદનું સ્વરૂપ લોમવિલોમ રચનાવાળું છે. પહેલા ૬ અક્ષરોનું અને ચરણને અંતે ઊંધેથી વાંચતાં ૬ અક્ષરોનું સ્વરૂપ સરખું છે, અને બન્નેની વચ્ચે લગા છે.)

ગાગાલગા લલલગા લલગા લગાગા
————→ ←————

ગણ : ત, ભ, જ, જ + બે ગુરુ.

ખીલી વસંત, વન ફૂલભર્યાં મહેકે,
ગાતા ફરે ભ્રમર, કોકિલનાદ લ્હેકે.
ઊંડે સુગંધકણ પુષ્પતણા રસોના,
આવ્યા સુણાય ગગને સ્વર સારસોના

∘ • ∘ (ઉ. જોષી : વસંતવર્ષા)

મેં પ્રેમમાં તડફતાં મમ શાંતિ ખોઈ,
આનંદની મધુરપાંખ ન ક્યાંય જોઈ.

∘ ∘ ∘ (કલાપી.)

ઘંટારવે યદપિ ના રણકાર કીધો,
ને તોય રે અમલ ગુંજનનો શું પીધો !

(રાજેન્દ્ર શાહ : ધ્વનિ)

∘ ∘ ∘

આ રોમ રોમ પર શી નવરંગ વેશ
શી માણતી ય મુજને નિજનો પ્રદેશ !

∘ ∘ ∘ (પુરુષોતમ મિસ્ત્રી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શું આ વિરાટ નહિ આ કણથી બનેલ ?
તો શું વિરાટ નહિ આ કણમાં વસેલ ? (ગોવિંદસ્વામી)

° ° ° °

તું ઊઠ, જાગ, જનમંડળને જગાડ,
થા મોખરે, અરુણ નોબતને વગાડ.

(દેશળજી પરમાર)

નવીન કવિઓમાંના કેટલાક, વસંતતિલકા છંદના ચૌદ અક્ષરના ચરણમાં એક લઘુ ઉમરે છે:

ઉ. ત.

વીતી ગઈ મિલનની રજની, જતાં જતાં
ચંદ્રે દીધું ચરમ ચુંબન શ્વેત પદ્મને:
ને એ કપોલ પરના લઘુ મૌક્તિકે હતું,
માધુર્ય વિશ્વભરનું વિલસી રહેલ રે !

(રાજેન્દ્ર શાહ : ધ્વનિ)

*(૧૫) પૃથ્વી : અક્ષર ૧૭

(લગા લલલગા બે વાર, અને પછી લગા ગાલગા. આ છંદમાં લઘુ કે ગુરુના સામટા ખડકલા નથી, તેથી અગેયકાવ્યરચના માટે આ છંદ આપણે ત્યાં ખૂબ પ્રસિદ્ધિ પામ્યો છે)

લગા લલલગા લગા લલલગા લગા ગાલગા.

ગણ : જ, સ, જ, સ, ય+લગા*

મહાકવિ તું કાલિદાસ, તુજ મુક્તકોની પ્રભા
છટા મધુરને સદા સરલ વાસ્તવે વર્ણવે

---

* પૃથ્વી છંદમાં, કેટલાક, આઠમા અથવા નવમા અક્ષરે યતિ ગણે છે. ‘બૃહત્ પિંગલ’માં, વસંતતિલકા, પૃથ્વી વ. માંના યતિના અભિપ્રાયને શાસ્ત્રીય ગણ્યો નથી. (પૃ. ૧૯૩)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કુલોકિસલયો, લતા તરુવરો, નદી પર્વતો,
સુધાધવલ મ્હોલ જ્યાં ઝળહળંત રત્નદ્યુતિ...
० ० ० ० (બ. ક. ઠા : મ્હારાં સૉનેટ)

મને બહુ ગમે સદૈવ ઋતુ એ તણી સન્ધિકા,
લગીર જ સુશીત, સ્વલ્પ તડકો, હવા ખુશ્નુમા,
નિરભ્ર નભ શુભ્ર ચોગમ હસી પડે, ચન્દ્રિકા
ઝરે સુખમયી, સુહાસભર ભર્ગ સપ્તર્ષિનાં.
० ० ० ० (રામપ્રસાદ શુકલ : બિન્દુ)

હજૂ શ્રવણમાં શમે ન રણકો, રમે સ્પષ્ટ શો;
કઠોર કદિ ઉગ્ર વજ્ર સમ તીવ્ર કો ત્રાડ શો,
સુકોમલ કદીક મંદ મૃદુ રે નર્યો લાડ શો,
હજૂ સ્વપ્નમાં ય તે નવ જણાય જે નષ્ટ શો.
० ० ० ० (નિરંજન ભગત)

પ્રિયે ! કવિત સુંદરી ! નિકટ અંતરંગે રહે,
સદૈવ તવ સ્નિગ્ધ દર્શન કરાવ આનંદિની ! (પૂજાલાલ)
० ० ० ०

વિરાટ વણઝાર આ યુગતણી જતી ક્યાં હશે ?
અખંડ ચગડોળ આશઅભિલાષનો શે ફરે ?
રમે ખણખણે ય ઘોર પગઘૂઘરા કાળના,
હસે મનુજ શે અને ઠમક આપતો તાનમાં ?
(નંદકુમાર પાઠક : સંવેદના)

અભ્યસ્ત પૃથ્વી :

પૃથ્વી છંદના ચરણમાં આઠમા અક્ષરે કેટલાક કોમળ યતિ માને છે. આ આઠ અક્ષરવાળા પૂર્વખંડને જો બેવડાવ્યો હોય તો અભ્યસ્ત પૃથ્વી–ખંડપૃથ્વી–છંદ બને.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. ત. સ્વીકારી કંઈ નાચતી,
સખી નયન રાચતી,
વિયોગ ન કળાવતી થઇ અલોપ એ ઘોડલી. (બં.ક.ઠા.)

० ० ० ०

ભલે અસત સત્યનો કપટ સ્વાંગ પહેરી દમે
ભલે સત દડી પડે અસત–એડીની આગળે,
પરંતુ દિલ ના ડગે,
ન ચિત્ત ફફડી ખડે
અખૂટ ઉર ધૈર્યથી ચપલ સ્થાપવું સ્થાણુને.
(દેશળજી પરમાર)

પૃથ્વીતિલક :

આ છંદ પ્રો. ઠાકારે રચ્યો છે. તેઓ લખે છે : '...પૃથ્વીની પંક્તિમાં ગમે ત્યાં ત્રણ માત્રા ઉમેરવામાં આવે (લલલ, ગાલ, લગા) અને એમ જે અતિપૃથ્વી પંક્તિ થાય તે તે સર્વને પૃથ્વીતિલક નામ આપું છું.'

લગા લલલગા લગા લલલ લલલગા લગા ગાલગા.

ઉ. ત. ગયૂં તુજ જુવાનિજોમ, પ્રિય હૃદય ગાદલી યે ગઈ,
ગયાં પ્રિય સુતાસુતો, તડતડ તુટિ ગૈ ઉમેદો બધી.
(બ. ક. ઠા.)

પદધ્વનિ શું કાલનો સુણત કાન માંડી રહ્યો વારિધિ !
(વસંતવર્ષા)

 Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સખંડ રૂપમેળ છંદો

(દરેક ચરણને અંતે તો ચરણાન્ત યતિ હોય જ છે, માટે તે જુદી દર્શાવ્યો નથી.)

***(૧૬) શાલિની:** અક્ષર: ૧૧. યતિ: એક, ચોથા અક્ષરે.
(પહેલો ખંડ ચાર ગુરુનો બનેલો છે, અને બીજા ખંડમાં સાત અક્ષરો છે.)

ગાગાગાગા, ગાલગા ગાલગાગા
ગણ: મ, ત, ત + બે ગુરુ

જે કૈં માણી, જિન્દગીની ઉજાણી,
જે કૈં માણ્યા, મિત્રજૂથો શું સ્નેહ;
ના જોયો ત્યાં સંભવે ક્યાંય તારો:
મૃત્યુ, તારી ગાય એ મૃત્યુ ગાથા,

० ० ० ० (ઉમાશંકર જોષી: નિશીથ)

જાવા ટાણે આશ રાખી હતી મેં
કે ડોકાશે સ્વર્ગને નેન–ખૂણે
ઝીણી એવી સ્નેહની અશ્રુરેખા
ને એ ન્યાળી ધન્ય હું તો થઇશ.

० ० ० ० (મેઘાણી: રવીન્દ્ર–વીણા)

સોનાથાળી શી રુડી જિંદગાની,
છોને એમાં મૃત્યુની મેખ મારી;
માણી લેવા દો ભલા જિંદગીને
સ્હેશું છેલ્લે વેદના મેખની યે.

(સું. બેટાઈ: વિશેષાંજલિ)

***(૧૭) લલિત:** અક્ષર: ૧૧. યતિ: એક, છઠ્ઠા અક્ષરે.
(નામ પ્રમાણે આ છંદનું ગાન પણ લલિત છે: કરુણરસની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આમાં સુંદર જમાવટ થઈ શકે છે. પહેલા ખંડમાં બે લઘુ પછી લગાલગા અને બીજા ખંડમાં એક ગરુ પછી લગાલગા)

લલલ ગાલગા, ગાલગા લગા

ગણ : ન, ર, ર + લગા

અરર બાલુડાં ! બાપલાં અહો !
જનની આ હવે, સ્વર્ગમાં જતી !
સમજશો નહિ શું થઈ ગયું !
રમકડું કયું, હાથથી ગયું ! (કલાપી)

શરદ શી સુહે ! વાદળાં ગયાં,
જળ નદી તણાં નીતરાં થયાં.
ગગનથી સુધા ચંદ્રની ઝરી,
રસભરી રમે રાસ ગુર્જરી.

(ઉ. જોષી : વસંતવર્ષા)

(૧૮) **વૈશ્વદેવી** : અક્ષર : ૧૨. યતિ : એક, પાંચમા અક્ષરે.

(ગા + શાલિની : શાલિની છંદના પ્રત્યેક ચરણની પૂર્વે એક ગુરુ (ગા) ઉમેરવાથી વૈશ્વદેવી છંદ બને છે. આથી પ્રથમખંડ પાંચ ગુરુનો બને છે.

ગાગાગાગાગા, ગાલગા ગાલગાગા

ગણ : મ, મ, ય, ય.

મામાયે યજ્ઞે, કૃષ્ણને યાદ કીધા,
તેડાવ્યા વિપ્રો વૈશ્વદેવી પ્રસિદ્ધા;
મલ્લોને આજ્ઞા આપિ એવી વળી જે
જો આવે જજ્ઞે કૃષ્ણનો જીવ લીજે. (દલપતરામ)

(૧૯) **પ્રહર્ષિણી** : અક્ષર : ૧૩. યતિ : એક, ત્રીજા અક્ષરે.

ગાગાગા, લલલલ ગાલગાલગાગા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગણ : મ, ન, જ, ૨ + ગા

અશ્રુનાં જલ ટપકી નવીન આવ્યાં,
એ ગાળે સરવરમાં સરોજ દીઠાં;
પાંખોથી મદકલ મસ્ત મલ્લિકોના
કંપાવ્યાં, પ્રગટ થતાં મૃણાલવન્તાં.

(ભવભૂતિ : અનુ. શ્રી. પદ્માવતી)

૦ ૦ ૦ ૦

ક્રોધાગ્ની તણિ નિજ ઝાળ મધ્ય જેણે
નંદોને ઝડપિ પ્રજાળિયા નવેને
તે ચંદ્રગ્રહણનિ ગાથ હેરિ હાવે
ઘેરાવો નરપતિ ચંદ્ર શંકિ આવે. (મુદ્રારાક્ષસ)

*(૨૦) **માલિની** : અક્ષર : ૧૫. યતિ : એક, આઠમા અક્ષરે.

(આઠ અને સાત અક્ષરના બે ખંડોમાં, પ્રથમ ખંડ છ લઘુ અને બે ગુરુનો છે, જ્યારે બીજો સાત અક્ષરનો ખંડ શાલિનીનો ઉત્તર ખંડ છે.)

લલલલલલગાગા, ગાલગા ગાલગાગા.

ગણ : ન, ન, મ, ય, ય.

મધુર સમય તેવે ખેતરે શેલડીના
રમત કૃષિવલોનાં બાલ ન્હાનાં કરે છે;
કમલવત ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે. (કલાપી)

૦ ૦ ૦ ૦

અરણવથી કિનારે, આવતાં પંખી ભાળ્યાં
સકળ જન કહે એ, વૃષ્ટિના થાય ચાળા. (નર્મદાશંકર)

૦ ૦ ૦ ૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુરભિભર સુહાગી, સ્નિગ્ધ શું વેલડીને
કઠિન લઈ કુહાડી, કોઈ પાડે પ્રહારે? (બેટાઈ)

*(૨૧) મંદાક્રાંતા : અક્ષર : ૧૭. યતિ : બે, ચોથા અને દસમા અક્ષરે.

[શાલિની છંદના બે ખંડોની વચ્ચે, પાંચ લઘુ અને એક ગુરુવાળો છ અક્ષરનો ખંડ ઉમેરવાથી મંદાક્રાંતા છંદ બને છે. (મંદ + આક્રાંતા = ધીમે ધીમે રડતી સ્ત્રી જેવો અવાજ.) મેઘદૂત-પ્રસિદ્ધ આ છંદ દીર્ઘલયવાળો છે.

ગાગાગાગા, લલલલલગા, ગાલગા ગાલગાગા

ગણ : મ, ભ, ન, ત, ત + બે ગુરુ

પાડીનાખે તનુપર પડ્યું બિંદુ જે હેમ આવી
ઝાડીમાંથી મૃગપતિ જરા યાળ જેવો હલાવી;
ફીધો નીચે સુતનુકરને એ પ્રમાણે કર્યે જ્યાં,
ઝાંખા જેવો વિધુ પણ થયો દૈન્ય દેખી નભે ત્યાં.
(કાન્ત)

તું ગાયત્રી અરુણધવલા ભાસ્વતી દીપ્તિમંત
તારાં તેજે શિશુ ઉરતણાં ઊઘડે શાં અનંત
(રાજેન્દ્ર શાહ : ધ્વનિ)

ગોરું ચૂસે અખુટરસથી અંગુઠો પદ્મજેવો,
આવી જોઈ. દયિત ઉચરો લોચને કોણજેવો ?
(બ. ક. ઠા.)

ધીમે ધીમે ટમટમ થતા દીપની જ્યોત થંભે,
થંભે ધીમી પવન પગલી, વિશ્વ આખું ય થંભે.
(મનસુખલાલ ઝવેરી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંધારાના વિષમ પડઘા ઘોર ઝંકારતા'તા,
રાત્રિ કેરા અનિલ રણકા તારલે કો થતા'તા;

(ન્હાનાલાલ.)

હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે !
પાપી તેમાં ડૂબકી દઈ ને પુણ્યશાળી બને છે.

(કલાપી).

ખંડ મંદાક્રાંતા :

મંદાક્રાંતા છંદના ૪, ૬ અને ૭ અક્ષરના ત્રણ ખંડો પૈકી, ચાર અક્ષરના પ્રથમ ખંડને બેવડાવ્યો હોય તો ખંડ મંદાક્રાંતા છંદ બને.

ધીમે ધીમે આછે વ્યોમે
અનિલ ઝૂલતો મન્દ આનન્દ વાય :
વ્હાલી ! જો આ આકાશોમાં
વનવન વિશે ઉત્સવો કાંઈ થાય.

(ન્હાનાલાલ)

નીચેના ઉદાહરણમાં, મંદાક્રાંતાના પ્રથમખંડને ત્રેવડાવ્યો છે:
અર્ધાં સૂકાં,
ખાવા ધાયે ક્ષેત્રો લૂખાં.
વિણકણુસલાં, ગાવડીશાં વસૂક્યાં !

(ઉ. જોષી: વસંતવર્ષા).

*(૨૨) હરિણી : અક્ષર ૧૭. યતિ: બે, છઠ્ઠા અને દસમા અક્ષરે.

[મંદાક્રાંતાનો પહેલો અને બીજો ખંડ, અહીં અનુક્રમે બીજો, અને પહેલો હોય છે; છંદના ત્રણે ખંડોની લઘુ ગુરુની ગોઠવણી, આપણને હરિણીનાં (મૃગલીનાં.) પડતાં–ઉપડતાં પગલાંની યાદ આપે છે.)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લલલલલગા, ગાગાગાગા, લગાલલગાલગા.

શરીરપટનાં આત્મા માટે ન આવરણો ઘટે,
રસમય થતાં આડા સ્થૂલો તણા પડદા ચડે;
જગત સઘળું નાનું નાનું અનંત વિહારને,
પણ રમતમાં ટૂંકી વાડે દ્દ્રા અટકી પડે.

(કલાપી : કલાપીનો કાવ્યકલાપ)

કપુર ધવલા આછી ગાઢી હસે મૃદુ ચાંદની,
પવન પર થૈ ધોળાં ધોળાં ખસે રૂપ ચોસલાં.

(બાલમુકુંદ દવે)

० ० ०

સરવરજલે ઝોલાં ખાતાં રમે મસ લ્હેરિયાં,
હરિત હસતાં ક્ષેત્રો લ્હેકે સમીપ જ શાળનાં,
ગિરિવરતણી ચારે બાજુ વિલંબિત આવલી,
તરુવર ઘટા જૂથે ગાઢી વિશાળ વનસ્થલી,

(રામપ્રસાદ શુક્લ)

મૃદુ મદભર્યાં ગાત્રો ત્હારાં તજી ન શકું કદા,
વિરલ કચથી આચ્છાદીને પ્રસન્ન રહું સદા;
નયન નમણાં, ગ્રીવા ધોળી, લલાટ સુહામણું,
અવિરત ફરી ચુંબી ચુંબી કૃતાર્થ નહીં ગણું!

(કાન્ત : પૂર્વાલાપ)

ગિરિસર સમું હંસોનો જે કલધ્વનિ રેલતું.
તમરું પણ ત્યાં આજે મૂંગી વ્યથાથી ન બોલતું.

(રાજેન્દ્રશાહ : ધ્વનિ)

*(૨૩) **શિખરિણી** : અક્ષર ૧૭. યતિ : એક, છઠ્ઠા અક્ષરે.×
(પ્રથમ ખંડમાં એક લઘુ પછી સામટા પાંચ ગુરુ આવી,

× કેટલાક બારમા અક્ષરે કોમળ યતિ પણ જણાવે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

આપણને પર્વતના શિખરના ચઢાણની પ્રતીતિ કરાવી જાય છે. જ્યારે બીજા ખંડની શરુઆત સામટા પાંચ લઘુથી થાય છે, એટલે શિખર ચડ્યા પછી સડસડાટ નીચે ઊતરતા હોઇએ તેવું લાગે છે.)

લગાગાગાગાગા, લલલલલગા ગાલ લલગા

ગણ : ય, મ, ન, સ, ભ, + લગા

તરે જે શોભાથી વનવન વિષે બાલહરિણી,
સરે વા જે રીતે સુરસરિતમાં સૌમ્ય કરિણી;
કરે એવું જ્યોત્સ્ના ભ્રમણ, ભ્રમણે ત્યાં અટકતો
શશાંક પ્રેક્ષીને સુભગમણિ સેંથે ઝબકતો. (કાન્ત)

૦ ૦ ૦

હતું તેનું હૈયું કમલ સરખું કોમલ અને
હતો તેમાં દૈવી પ્રણયરસ મીઠો ટપકતો. (કલાપી.)

૦ ૦ ૦

સખી મેં ઝંખી'તી જલધર ધનુષ્યેથી ઝુલતી,
અદીઠી શી મીઠી અવનવલ રંગોની લટ શી.
(ઉમાશંકર જોષી)

૦ ૦ ૦

ભલે ઊગ્યાં વિશ્વે નયન નમણાં એ પ્રભુ તણાં,
ઉગ્યાં ને ખીલ્યાં ત્યાં કિરણકણી આછેરી પ્રગટી,
પ્રભા ત્યાં રેલાઈ જગત પર દિવ્યા મુદ તણી,
હસી સૃષ્ટિ હાસે, દલકમલનાં ફુલ્લ બનિયાં.
(સુન્દરમ્)

૦ ૦ ૦

સમગ્રે વ્યોમે તો અચળ તપતો એક જ રવિ,
છતાં તેજચ્છાયા વિવિધ ધરતી ગોળ પૃથિવી.
(રમણિક અરાલવાળા)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

×ખંડશિખરિણી

(શિખરિણી છંદના ચરણના બે ખંડો પડે છે: એક ૭ અક્ષરનો અને બીજો ૧૧ અક્ષરનો. ક્વચિત્ ૭ ૭ અક્ષરના ખંડો પ્રથમ બે વાર પ્રયોજવામાં આવે છે, અને પછી શિખરિણી છંદનાં બે આખાં ચરણો મૂકવામાં આવે છે. આ રીતે તેમાં ચરણના ખંડો ભાવ પ્રમાણે બેવડાવાતા હોવાથી, તેને ખંડ શિખરિણી કહે છે.)

ઉ. ત. (૧) તજેલી માયાઓ,
મહેચ્છા છાયાઓ,
મરેલી કાયાઓ પુનરપિ બધી જીવિત થતી;
સુકેલી ડાળીઓ અભિનવ સુપત્રો પ્રગટતી.

(સુન્દરમ્)

ઉ ત. (૨) ઊંડા અંતર્નાદે
ઊંચા આશાવાદે યુવક જન હો! રાષ્ટ્ર રચવું;
પુરાતા પાયાના ચણતર મહીં પથ્થર થવું.
અમર ઇતિહાસે ભળી જવું.

(દેશળજી પરમાર)

અથવા ૧૧ અક્ષરના ઉત્તરખંડને પ્રથમ બેવડાવી, પછી ૧૭–૧૭ અક્ષરની પૂરેપૂરા માપની પંક્તિઓ મૂકી હોય તો પણ ખંડ–શિખરિણી કહેવાય :

× ઉદાહરણ ૧ અને ૪ જેવા છંદોને કેટલાક અભ્યસ્ત શિખરિણી કહે છે. પરંતુ, આ સર્વને આપણે ખંડશિખરિણી કહીએ તો કશું ખોટું નથી. શ્રી. પાઠકસાહેબ પણ આ નામના પ્રશ્નને મહત્ત્વનો ગણતા નથી.

એમણે તો કહ્યું છે : ખંડશિખરિણી કોઇ નવો છંદ નથી, છંદનો વિકાર નથી, પણ શિખરિણીનો નવો શ્લોકબંધ છે.' 'અભ્યસ્ત શિખરિણી પણ ખંડશિખરિણીનો એક પ્રકાર જ છે, જેને ભિન્ન કરવાની જરૂર નથી. ખંડશિખરિણી એટલે જેમાં અખંડ ચરણને બદલે તેનો યતિખંડ જ એક કે વધારે પંક્તિમાં આવતો હોય એવો છંદ.' (બૃ. પિં. ૧૮૩–૮૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. ત. (૩) સ્થિર જગતનું યન્ત્ર બનશે;
ગહન નભ રંગો ઉપટશે;
મહાકાલાબ્ધિમાં અતુલ યુગના ઓઘ શમશે;
સમાધિમાં ત્હારી સખિ ! મુજ રસેન્દુ ય તપશે.
(ન્હાનાલાલ : ઈંદુકુમાર ૧)

અથવા પ્રથમ એ પૂર્વખંડો, અને પછી એ ઉત્તર ખંડો એવડાવવાથી પણ ખંડ શિખરિણી છંદ બને :

ઉ. ત. (૪) સખે સંધ્યાકાલે
પ્રતીચીની ભાલે ટિલડી ટમકે શુક્રકણિકા,
પલક ઝબકે જ્યોતક્ષણિકા.
(ઉમાશંકર જોષી)

ઉ. ત. (૫) તમે ક્યારે ક્યારે
મળીજાઓ જ્યારે પથ પર મને કોઈક પલે,
તમારી આંખોને અધર મધુરા તેજસ જલે.
પ્રબલ પરશે અંતર જલે.
(પિનાકિન્ ઠાકોર : અલાપ)

***(૨૪)શાર્દૂલવિક્રીડિત : અક્ષર : ૧૯. યતિ : એક, બારમા અક્ષરે.**

[ત્રણ ગુરુ અક્ષરથી શરુ થતો બાર અક્ષરના લાંબા પથરાટ-વાળો પ્રથમ ખંડ, આપણને સિંહની લાંબી ફાળની યાદ આપી જાય છે. સાત અક્ષરનો બીજો ખંડ, ઊંધેથી વાંચશો તો શાલિનીનો ઉત્તર ખંડ જ છે. સિંહની ફલંગ બાર હાથની હોય છે, તેથી બાર અક્ષરે યતિ–વાળા છંદને શાર્દૂલવિક્રીડિત કહ્યો છે.]

ગાગાગા લલગાલ ગાલલલગા, ગાગાલગા ગાલગા.

ગણુ : મ, સ, જ, સ, ત, ત + ગા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવે એક ચૂસી રસો કુસુમના, ડંખેય ત્યાં ના પડે,
બીજો જીવનકાજ જીવ ભરખી, ત્રાસે ભરે સૃષ્ટિને.

° ° ° (સુન્દરમ્).

'રે સંગીત, તું દૂર થા ! યતિ ય તું સંતાઈજા ફૂબડા !
આપો પ્રાસ ન ત્રાસ, શ્લોક તું ય તે ભાંગી પ્રવાહી જ થા !'

° ° ° (સ્નેહરશ્મિ).

ઊગે છે નભ સૂર્ય ગાઢ જગના અંધારને ડારવા,
જન્મે છે ત્યમ માનવી ગહન એ અંધારને ટાળવા.

° ° ° (નંદકુમાર પાઠક).

હીરાની કણિકા સમાન ઝળકે તારા ઝગારે ગ્રહો !
મોતીનાં લુમખાં બધે લળી રહ્યાં નક્ષત્રમાળા અહો !

° ° ° (હરિલાલ ધ્રુવ).

ઊગે છે સુરખી ભરી રવિમદુ હેમંતનો પૂર્વમાં
ભૂરૂં છે નભ સ્વચ્છ સ્વચ્છ દિસતી એકે નથી વાદળી.

° ° ° (કલાપી).

ઊડે આતમ એકલો તનુ ધરી બ્રહ્માડમાં જૂજવાં,
લીલા આ સહુ તે સનાતનતણી, સાદ્યંત આ વિશ્વમાં.

° ° ° (મ. ઝવેરી: ફૂલદોલ).

ખંડ શાર્દૂલવિક્રીડિત :

શાર્દૂલના બાર અને સાત અક્ષરના બે ખંડો પૈકી, બાર અક્ષરનો પ્રથમ ખંડ જો બેવડાએ હોય તો ખંડ શાર્દૂલ૰ બને :

ઉ. ત. ઘૂમીને દિનરાત સૃષ્ટિ નવલી
પીધાં સ્વચ્છ સ્ફટિક નિર્મળજળ : આત્મન્ ભરી જ્ઞાનનાં.
એવાં મંગલ વર્ષ આ જીવનનાં
વાત્સલ્યેનીતરંત અંક રમતાં, વીતી ગયાં...એ...ગયાં !

(ચિ. ત્રિવેદી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૨૫) સુવદના : અક્ષર : ૨૦. યતિ : બે, સાતમે અને ચૌદમે અક્ષરે.

[મંદાક્રાંતાના પ્રથમ ચાર ગુરુવાળા ખંડ પછી લગાગાનું ઉમેરણ, અને વચલાખંડની પૂર્વે એક લઘુ ઉમેરવાથી સુવદના છંદના પ્રથમ બે ખંડો બને છે. ત્રીજો છ અક્ષરનો ખંડ નવો જ છે.]

ગાગાગાગાલગાગા, લલલલલલગા, ગાગાલલલગા.

ગણ : મ, ર, ભ, ન, ય, ભ + લગા.

કેવી મીઠી સુગંધી, કમલ–કુસુમની, લેઈ વહત આ
અંગાંગે મોદ અર્પી પરિમલ ભરતો વાયે પવન આ.(ચિ.)

૦ ૦ ૦

ગર્જંતા ભેખડોને બળ કરિ દળતા, કાળા તન છતાં,
સિંદૂરે શોણ પ્રૌઢા મુજ ગજ મદનૂં વારી બહવતા;
પ્રૌઢો જે શોણ નામે નદ ઘન વનથી કાળો તટ બળે,
મોડે ને નીર રેલે ગરજિ પિ જ જશે તેનૂં સઉં જળે.
(મુદ્રારાક્ષસ)

***(૨૬) સ્રગ્ધરા** : અક્ષર : ૨૧. યતિ : બે, સાતમે અને ચૌદમે અક્ષરે.

[ઉપરના સુવદના છંદ પ્રમાણે, મંદાક્રાંતા છંદના ફેરફારવાળા પ્રથમ બે ખંડો, અને ત્રીજો ખંડ તો સહેજ પણ ફેરફાર વિના મંદાક્રાંતાનો જ દૃષ્ટિગોચર થાય છે. આટલા ફેરફારથી, મંદાક્રાંતાની સરિતા–સ્ત્રી જેવી કોમળતા, સ્રગ્ધરામાં સમુદ્ર–પુરુષ જેવી ભવ્યતા ધારણ કરે છે.]

ગાગાગાગાલગાગા, લલલલલલગા, ગાલગા ગાલગાગા.

ગણ : મ, ર, ભ, ન, ય, ય, ય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધીમે ધીમે છટાથી, કુસુમરજ લઈ, ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી, પરિમલ પ્રસરે, નેત્રની તૃપ્તિ થાય.

० ० ० (કાન્ત)

કુંજે ને પુષ્પ કુંજે, ગિરિવર કુહરે, નિર્ઝરોનાં નૂપુરે,
સિન્ધુ સ્રોતે પ્રચંડે, જલધિ જલતરંગે, દિશા અંતરાલે.
પંખીગાને સુરીલે, વન–રણ–ગગને, તારકાવૃંદ સૂરે,
સન્મંત્રો ગુંજતા'તા સરલ, શુભ, સ્વયં સૃષ્ટિને બાલ્યકાળે.

(ઉમાશંકર જોષી : ગંગોત્રી)

० ० ०

વિશ્વોના ગોળ ફૂટે, ગ્રહગણ ગબડે, ધૂમકેતુ વછૂટે,
ને આખી યે ધરિત્રી ધણધણી ઉઠતી કારમાં કમ્પનોથી.
અદ્રિનાં શૃંગે તૂટે, સરિતગણ છળે, વાયુનાં વ્હેણ ગાજે,
સિંધુમાં આભ ડૂબે, સકળદિશ તણી ચેતનાઓ હરાતી.

(રામપ્રસાદ શુક્લ)

० ० ०

દેવો ને માનવોનાં મધુમિલનતણા સ્થાન સંકેત જેવો,
દૈવી વૈમાનિકોના વિરતિભવન શો સિદ્ધ શૈલેશ ઊભો.

(બોટાદકર)

० ० ०

હૈયાનાં શૂળ જેવાં વિષમ ઉતરશે વેરનાં ઝેર આંહી,
સાચાં પાણી મપાશે ગરવ ઉછળતા શૌર્યનાં આજ આંહીં.

(મ. ઝવેરી.)

ખંડ સ્રગ્ધરા :

સ્રગ્ધરા છંદના ત્રણ ખંડો પૈકી, સાત અક્ષરના પ્રથમ ખંડને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જો ખેવડાવ્યો હોય, તો ખંડ સ્ત્રગ્ધરા બને. ઉપરના ત્રીજા ઉદાહરણને જો નીચે પ્રમાણે લખીએ તો આ છંદ બને :

વિશ્વોના ગોળ ફૂટે
ને આખી યે ધરિત્રી ધણધણી ઉઠતી કારમાં કમ્પનોથી.

અથવા ત્રણ ખંડો પૈકી, જો વચલા ખંડનું આલેખન ન કરવામાં આવ્યું હોય, તો પણ ખંડ સ્ત્રગ્ધરા બને.

ઓઢ્યા'તા—ઓઢવું છું યોગના અંચળાઓ,
સેવા લીધી—સમર્પી તાહરા યોગક્ષેત્રે;
ન્યાળ્યું આ સાત વર્ષે, સમરંગોનું વિશ્વ;
પ્રારંભ્યું હાસ્ય થીને કરુણ મહીં ડૂબ્યું શાન્તની સાંત્વનાથી.

(ચિ. ત્રિવેદી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેટલાક અક્ષરમેળ–રૂપમેળ છંદોનાં મિશ્રણનાં ઉદાહરણો.

(૧) ઉપજાતિ અને વસંતતિલકા :

તારા ગણોને મુજ્યાળ માંહિ
પરોવિ અંધાર વિશે જ કાંઈ
ગાજું કરી નૃત્ય પ્રચંડ ગાને
સેવું હું તો પરમ પુરુષ એ વિધાને. (નરસિંહરાવ)

પૂર્વે ઉષા અંતરરંગ ખીલે
ને તેજ પૂરે બહુ સૃષ્ટિ હીલે;
એવા સનાતન જગે ઉર નાચનારું
આહ્‌લાદ–સૌભાગ્ય હજો તમારું. (દેશળજી પરમાર)

(૨) વસંતતિલકા–મંદાક્રાંતા :

ઝૂક્યો અધીર વિધુ મુગ્ધ વસુંધરા પે,
જોવા લળે રસિક કો નિરખી પ્રિયાને;
ને ગૌર તે પ્રિયતમા મુખને સુહાવી,
ઝૂલી લટો અલકની જ્યમ રમ્ય રે'તી.
છાયાઓ શી ત્યમ રહી લળી પૃથ્વી–ભાલે–કપોળે.

(સ્નેહરશ્મિ)

(૩) ઉપજાતિ–શાલિની :

નિશીથ હે ! નર્તક રુદ્ર રમ્ય !
સ્વર્ગંગનો સોહત હાર કંઠે
કરાલઝંઝા ડમરુ બજે કરે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પીંછાં શીર્ષે ઘૂમતા ધૂમકેતુ,
તેજો મેઘોની ઉડે દૂર પામરી.
હે સૃષ્ટિ પાટે નટરાજ ભવ્ય !

(ઉમાશંકર જોષી : નિશીથ)

(૪) ઉપજાતિ–અનુષ્ટુપ :

પતિવ્રતા પુણ્યવતી અનેક,
વીરાંગનાઓ જગમાં અજોડ,
શ્રદ્ધા પ્રતિમા સમ આર્યનારી
પૃથ્વીને પાટલે બીજે શોધતાં મળશે ક્યહીં ? (મ- ઝવેરી)

(૫) ઇંદ્રવજ્રા–ઇંદ્રવંશા–વંશસ્થ :

ન્યાળી હતે રંગછટા રૂપાળી
મદે ભરેલી તુજ ધૂમ્રસેરની,
વખાણતે ના કવિ કાલિદાસ તો
આષાઢની કાજળ કાળી વાદળી.

(જસુભાઈ શાહ : કવિતા ૪)

(૬) દ્રુતવિલંબિત અને વસંતતિલકા :

નગરને રણ સૌ અભિષેકતી,
કુલવધૂ, કુબ્જા પણ બ્હેકતી;
અતિ ઉદાર શી ચંદ્રની મ્હેંકતી !
એકત્વમાં સકલ સુંદરતું નિકેત.

(નિરંજન ભગત : અલ્પવિરામ)

(૭) વસંતતિલકા–ઉપજાતિ :

ઊભી વિશાળ નભઘુમ્મટ આસમાની
તારા ત્રિલોકમય મંદિર શીર્ષ શોભે;
તારા તણાં ઝુમ્મર કોટિ ઓપે,
સોહે સુધાકર–દિવાકર દીપ ગોખે. (પૂજાલાલ : પારિજાત)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

(૮) શાર્દૂલવિક્રીડિત અને સ્રગ્ધરા :

જો આ માનવ મુગ્ધભાવ નિરખી ત્હારે મુખે જે રમે,
ઊભાં ચિત્રવિલોલ કૌતુકભર્યાં નેત્ર નિહાળે તને.
વ્હેતાં નીર પ્રચંડ પૂર અટકે શું દુર્ગથી ? ક્યાં સુધી ?
હૈયે ઊંડે વહન્તાં ઉછળી અટકશે ભાવનાં પૂર એવાં ?

(બાદરાયણ : કેડી)

(૯) શાલિની–મંદાક્રાંતા :

ચુંબે પેલા શ્યામ સિંધુ તરંગો
આછા જેવા પાતળા મેઘ રંગો;
બ્રહ્માંડોએ સંધિકામાં રમે છે;
વ્હાલી ! એવી તુજ રસદ્યુતિ પ્રેમમાં આથમે છે.

० ० ० ० (ન્હાનાલાલ)

આકાશે તો ચંદ્રમા થંભિયો ને
તેજો રૂપે અંતરિક્ષે ખડું છે;
થંભે ધીમે ડોલતી નાવડીઓ
ના થંભે ત્યાં હૃદયરસને વર્ષતી સૂરમાળા.

(રસિકલાલ પરીખ)

(૧૦) શાલિની–વૈશ્વદેવી–મંદાક્રાંતા :

કો સ્નેહીકેરા સ્નેહના કુંજ આરે
અખંડ જ્યોત્સ્ના સ્નેહરાણી પધારે,
ને એકલી એ સ્નેહકુંજે ઝઝૂમે;
મધ્યાકાશે ત્યમ સુતનુ તે ચન્દ્રી :એકાકી ઘૂમે.

(ન્હાનાલાલ : ચિત્રદર્શનો)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૧૧) શાલિની–મંદાક્રાંતા–સ્રગ્ધરા :

ઊભી જાણે ભવ્ય કો' સ્થિતપ્રજ્ઞા
મીંચી નેત્રો ચિત્તનું તંત્ર જોવા !
એવા ત્હારા પ્રખર પ્રતિભાવંત આ પુણ્ય પંથે
ચોપાસેથી હજારો ધસત અમ સમા એલ્. ડી.ના યોગધામે !

(ચિ. ત્રિવેદી)

(૧૨) શાલિની–માલિની

વ્હાલી આજે શ્રાવણી સંધિકાએ
ગગન સજલ મેઘે આછું આછું છવાયું :
ધીરે ધીરે વર્ષતી ઝરમરોએ
સુભગ તનુ ધરાનું શોભતું સ્નેહ ન્હાયું.

(રાજેન્દ્ર શાહ : ધ્વનિ)

(૧૩) શાલિની–વસંતતિલકા :

એના સ્પર્શે પ્રાણ શો થરથરે છે,
ને ફેંટાનાં ફૂમતાં ફરફરે છે;
આછા આછા હોઠ એ મરમરે છે,
ને સપ્તસૂર ઉરનીય બજંત બીના.

(નિરંજન ભગત)

(૧૪) શાલિની–અનુષ્ટુપ :

તુંયે તારે કલ્પના મીટ માંડી,
બેસીને કો શાશ્વતે સિન્ધુ આરે,
તારાં ગીતો ગૂઢ તે સર્વ ગાજે;
સુણે કો ન સુણે તોયે ગીત ધન્ય જ તું ખરે.

(સુંદરજી બેટાઈ)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૧૫) શાલિની–ઈંદ્રવંશા :

હૈયાની સૌ લાગણીનાં તુફાન
પીંખી રહે છે નિત ચિત્તના સઢો.
સંકલ્પનું ત્યાં દૃઢ છે સુકાન,
શ્રદ્ધા ઝરે છે ધ્રુવ વ્યોમ દીવડો.

(ઉ. જોષી : આતિથ્ય)

(૧૬) અનુષ્ટુપ–ઈંદ્રવંશા :

ઊંચેથી જેટલે આવે
પ્રાણી પ્રજા ભક્તિતણાં નૃપાલનાં
ફુવારા તેટલા ઊંચા
ઊડે પ્રજાની નૃપરાજ ભક્તિના. (ન્હાનાલાલ)

આ ઉપરાંત અનેક છંદોના મિશ્રણો પણ થયાં છે.

* * *

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

*(૨૮) વૈતાલીય :

આ છંદનું બીજું નામ 'વિયોગિની' છે. આ છંદને, કેટલાક પિંગળકારો, અર્ધસમપદ માત્રામેળ છંદ પણ ગણે છે. કારણ કે, તેનું પહેલું અને ત્રીજું ચરણ માત્રામેળ છંદનાં છે, જ્યારે બીજું અને ચોથું ચરણ રૂપમેળ છંદનાં છે. આ પ્રમાણે ગણીએ તો આ છંદનું સ્વરૂપ નીચે પ્રમાણે થાય.

[માત્રામેળમાં લઘુ–ગુરુના લ–ગાને સ્થાને દ–દા મૂકાય છે. લઘુની એક માત્રા અને ગુરુની બે માત્રા ગણવાની. બે લઘુને સ્થાને માત્રામેળમાં એક ગુરુ, કે એક ગુરુને સ્થાને બે લઘુ મૂકી શકાય]

પહેલા ચરણમાં ૬ અને ત્રીજા ચરણમાં આઠ માત્રા.

બીજું–ચોથું ચરણ સરખા માપનાં–રૂપમેળ છંદનાં.

	૧	૧	૨	૧	૧			
	દ	દ	દા	દ	દ			ગાલ ગાલગા
	૧	૧	૨	૨	૧	૧		
	દ	દ	દા	દા	દ	દ		ગાલ ગાલગા
માત્રા	૧	૧	૧	૧	૧	૧		
૬	જ	ળ	ઝ	ર	મ	ર		મેહુલો ઝરે
માત્રા	૧	૧	૨	૧	૧	૨		
૮	ર	સ	માં	ર	ત	થૈ		પુષ્પ પાંગરે.

આ છંદ કરુણરસના વાહક તરીકે ખૂબ પ્રચાર પામ્યો છે. મહાકવિ કાલિદાસે રઘુવંશમાં 'અજવિલાપ', અને 'કુમારસંભવ'માં 'રતિવિલાપ'માં, કરુણરસની જમાવટ માટે, આ છંદનો રૂપમેળ છંદ તરીકે, સફળતાથી ઉપયોગ કર્યો છે. છંદનું બંધારણ જોતાં, રૂપમેળ અને માત્રામેળ છંદની કડી રૂપે આ છંદનું સ્થાન છે, તથાપિ તેનો ઉપયોગ રૂપમેળ છંદ તરીકે વ્યાપક રૂપે થયેલો છે, આથી આને રૂપમેળ છંદ ગણવો વધુ યોગ્ય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

રૂપમેળ છંદ પ્રમાણે બંધારણ.

પહેલા અને ત્રીજા ચરણમાં–૧૦ અક્ષર : ગણ : સ,સ,જ+ગા.
બીજા અને ચોથા ચરણમાં–૧૧ અક્ષર : ગણ : સ,ભ,ર+લગા.
લલગા લલગા લગા લગા
લલગા ગાલલ ગાલ ગાલગા.

સખી ! ત્યાં સુકુમાર વાંકડી
નમતી એક હતી બદામડી;
ઊંચના દ્રુમ ધીમું ડોલતા,
ધ્વજ જેવા ગગને વિરાજતા.

° ° ° (ન્હાનાલાલ : ચિત્રદર્શનો)

સહજે પ્રિય જિંદગી મહીં નવ પાયાં પ્રણયામૃતો પૂરાં
કવિ હું, જીવતાં મચ્યો પૂંઠે પરઓ માંડી જવા સુધાતણી
(ઉમાશંકર જોશી)

° ° °

ઉર હે ! તવ કારમી વ્યથા
સુણશે કોઈ ન, બોલવું છ જ્યાં (રાજેન્દ્ર શાહ: ધ્વનિ)

° ° °

શિશિરે ઉગતું સવાર આ
અરવા શાંત બધાં સમાધિમાં
પવને હળવે રહી તહીં
ઝુલવી વૃક્ષની એક ડાંખળી (હરિશ્ચન્દ્ર ભટ્ટ)

દિનરાત વિષે વિરામતો ગતિ એ શાંત નિરામયી મુદ
દિનરાત થકી ફરી લસે. વહતાં વારિ સુવર્ણ તેજનાં.
(શશી શિવમ્)

*(૨૯) પુષ્પિતાગ્રા :

વૈતાલીયની જેમ આ છંદ પણ, અર્ધસમપદ છંદ ગણાયો છે. પરંતુ તેને વૈતાલીયની જેમ રૂપમેળ ગણવો ઈષ્ટ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પહેલા ત્રીજા ચરણમાં–૧૨ અક્ષર: ગણ: ન, ન, ર, ય.
બીજા ચોથા ચરણમાં–૧૩ અક્ષર: ગણ: ન, જ, જ, ર + ગા.
લલલ લલલ ગાલ ગાલ ગાગા
લલલ લગાલ લગાલ ગાલ ગાગા.

સરવરજલ જેવું વ્યોમનીર
અતલ પડ્યું પથરાઇ નીલઘેરૂં:
પરિમલ પમરી સુધાપ્રભાના
કમલ ખૉલ્યું મહીં એક ચન્દ્રી કેરૂં

○ ○ ○ (ન્હાનાલાલ: ચિત્રદર્શનો)

"રજની મહિં સખી ઘણીક વેળા
નયન મળે નહિ ઊંઘ જાય ચાલી;
કરી તુજ શિરકેશ સર્વ ભેળા,
વદન સુધાકરને રહું નિહાળી!" (કાન્ત)

○ ○ ○

સંખ્યામેળ છંદો

(૩૦) મનહર : અક્ષર ૩૧. શબ્દાન્ત યતિ: આઠમા અક્ષરે.

મનહર છંદનાં બંને ચરણોમાંના અક્ષરોની સંખ્યાનો સરવાળો ૩૧ હોવો જોઇએ. સામાન્ય રીતે, ૧૬ અને ૧૫ અક્ષરની એમાં બે પંક્તિઓ હોય છે. બીજા ચરણનો છેલ્લો અક્ષર (૩૧ મો) ગુરુ જોઈએ. પ્રત્યેક અક્ષરનું લઘુ–ગુરુનું સ્થાન આ છંદમાં નિશ્ચિત નથી. પંક્તિને અંતે પ્રાસ આવશ્યક ગણાયો છે.

ચૌટામાં લુંટાણી મહારાણી ગુજરાતી વાણી,
જાણી તેનું દુ:ખ ઘણો દીલગીર દીલ છું;
કહે દલપતરામ રાજ અધિરાજ સુણો,
રૂડી ગુજરાતી વાણીરાણીનો વકીલ છું.

○ ○ ○ (દલપતરામ)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે. (દલપતરામ)

○ ○ ○

રાધાશું શૃંગાર, અને હાસ્ય ગોપવૃંદ સાથ,
ગોપીના વિયોગથી કરુણ ઉપજાવ્યો છે :
વીર કાલિનાગ સાથ, કંસ સાથ રૌદ્ર, અને
જરાસંઘ થકી ન્હાશી ભય સમઝાવ્યો છે. (છોટાલાલ ન. ભટ્ટ)

○ ○ ○

દેહરૂપી નગરી આ પ્રજા રોમાવલી રૂપી,
ગેહ રૂડાં શરીરનાં અંગ ઠામ ઠારીને;
રાજાજીનો મ્હેલ પ્રેમરૂપી જ્યાં શોભે છે સારો
દેખું છું ત્યાં વાણીરૂપી એકક અટારીને (બાલાશંકર)

○ ○ ○

ખજૂરની કવિતા જો કહો તો હું લખી નાખું,
મજૂરની કવિતા તો મારાથી લખાય ના;
પસીનાથી રેબઝેબ સોડાય છે અંગ એનાં,
ચીંથરાથી વીંટાયેલો દેહ દીઠો જાય ના. (વેણીભાઈ પુરોહિત)

○ ○ ○

કાયાના કરંડિયામાં પોઢેલો આ પ્રાણ મારો
મોરલીના નાદે ત્યારે નાગ જેમ ડોલ્યો છે. (બાલમુકુંદ દવે)

○ ○ ○

રવિવારે રજા તોયે, બીજા દિ'ની બીક લાગે
તેથી મને શનિવાર, રવિથીયે ભાવે છે. (રા. શુક્લ)

○ ○ ○

પરંપરિત મનહરનું એક ઉદાહરણ જોઇએ :

દેશપારવાસીને ના
દિન ઊગે, નિત રાત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊજળું અંધારું ચક્ર
ઘૂંટતું વિષાદ ભાત !
અંતરના અગનીથી
ઉજમાળો થાય શું અંધાર ?

(પ્રજારામ રાવળ: કવિતા ૧૯૫૩)

(૩૧) ઘનાક્ષરી : અક્ષર ૩૨. યતિ: આઠમા અક્ષરે.

(મનહર છંદના બીજા ચરણને અંતે, એક ગુરુ ઉમેરીએ તો ઘનાક્ષરી છંદ થાય.)

ઉ. ત. પીતળનો પ્રીતનો પતંગનો પોથીનો રંગ
નવો નવો નવ દિન, સુધી હેયું હરી જાય;
ચાહિને ચઢાવિયે તો, ચાર ગણો ચઢયો જાય,
ઊતરવા દૈયે તો ઊતરતાં ઊતરી જાય. (દલપતરામ)

---

(૩૨) **'મુક્તધારા'** અક્ષર : ૩૦. એક કડીનાં આઠ ચરણો; મનહર કે કવિત અથવા ઘનાક્ષરી ઉપરથી આ છંદનું બંધારણ કવિ ખબરદારે કરેલું છે. યતિ તેમાં આવશ્યક ગણ્યો નથી. એમાં કવિએ 'પ્રયત્ન'ના નિયમો ચીવટથી પાળ્યા છે. મનહરમાંના બેકી ચરણોમાંથી, એક અક્ષર ઓછો કરવાથી, આ છંદ બને છે.

રજનીને ગળે નભગંગા જેમ દેખી રહે
તેમ પ્રિયાકંઠે શોભે પુષ્પ તણો હાર;
પૃથ્વીને આકાશ કેરી ગંગા બને સાથ મળી
પ્રિયા તણે હૈયે જાણે રેલે શતધાર;
રેલે શતધાર એના ઊંડા ચમકાર બધે,
ઝબુકતા પડે મોંઘા શ્વાસ ને ઉસાસ.
સુવર્ણના પર્વતોએ કાળા ઘનમાંથી જાણે
વીજળીઓ ઝબુકતી પડે આસપાસ.

(ખબરદાર : કલિકા)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માત્રામેળ છંદો

માત્રામેળ છંદોમાં, લઘુ ગુરુનું સ્થાન નિશ્ચિત હોતું નથી એ આપણે આગળ જોઈ ગયા. એક ગુરુને બદલે બે લઘુ, અથવા બે લઘુને બદલે એક ગુરુ, માત્રામેળમાં ખુશીથી ચાલી શકે. લઘુની એક અને ગુરુની બે–એ પ્રમાણે માત્રાઓ ગણતાં, પંક્તિની કુલ માત્રાઓનો સરવાળો–સંધિનાં આવર્તનનો સંવાદ જાળવીને–નિયત કર્યા પ્રમાણેનો થવો જોઈએ. માત્રામેળમાં પણ યતિ વિનાના અને યતિવાળા છંદો છે; પરંતુ માત્રાસંખ્યાના અનુક્રમ પ્રમાણે છંદો આપ્યા હોવાથી, એવા જુદા વિભાગો આપવા કરતાં, જે જે છંદો યતિવાળા છે તેમની સામે નોંધ કરી છે.

માત્રામેળ છંદોમાં, ગમે તે એક માત્રાસંધિનું નિયત સંખ્યામાં આવર્તન થાય છે. ઉ૦ ત૦ દાલ એ ત્રણ માત્રાસંધિના આવર્તનને ત્રિકલ, દાદા એ ચાર માત્રા સંધિના આવર્તનને ચતુષ્કલ, દાલદા જેવા પાંચમાત્રાસંધિના આવર્તનને પંચકલ, કે દાદાલદા જેવા સાત માત્રાસંધિના આવર્તનને સપ્તકલ સંધિઓ કહે છે. 'આ સંધિઓમાં જીવાતુભૂત તત્ત્વ તાલ છે'– અને તે દરેક સંધિની અમુક સ્થાનની માત્રા ઉપર આવે છે. ઊભી લીટી દ્વારા તે દર્શાવેલ છે.

***(૩૩) ઉધોર:** માત્રા ૧૪. ચરણ ૪. તાલ ૬ (૧,૩,૫,૮;૧૦, ૧૨મી માત્રાએ.)

ચરણના છેલ્લા બે અક્ષરો અનુક્રમે ગુરુ અને લઘુ આવે એવો નિયમ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દાદા દાલ દાદા દાલ

। । । ।। ।

૧૧૨ ૨ ૧ ૨૧૧૨ ૧ =૧૪

તરતાં તેજ સાગરમાંહ્ય

મીઠું ગાન ગાતાં જાય

ત્હેને પ્રેમભર જો આજ

નિરખી શો રહ્યો રવિરાજ !

(નરસિંહરાવ : કુસુમમાળા.)

૨૧૧૨. ૧ ૧૧૨ ૨ ૧

સંઘરશો ન ઘરમાં સાપ,

સંઘરશો ન પ્રૌઢાં પાપ;

સંઘરશો ન એમજ આપ

જેમાં છે અનીતિ છાપ.

૦ ૦ ૦ (દલપતરામ)

*(૩૪) **ચોપાઇ** : માત્રા ૧૫, ચરણ ૪. તાલ ૪ (૧,૫,૯, ૧૩મી માત્રાએ.) છેવટના બે અક્ષરો અનુક્રમે ગુરુ–લઘુ.

। । । ।

દાદા દાદા દાદા દાલ

૧૧૧ ૨૧ ૧૧ ૨૧ ૧૨૧

ઉઝડ એક ગિરિ કેરિ કરાડ=૧૫

જ્યહાં મનનો નહિ પગસંચાર

તોપણ ત્યહાં આગિયા અનન્ત,

લટકાવે દીપક ચળકંત.

૦ ૦ ૦ (નરસિંહરાવ : કુસુમમાળા)

શિયાળે શીતળ વા વાય, પાન ખરે; ઘઉં પેદા થાય;

પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ધરે; આવે તંબોળ.

૦ ૦ ૦ (દલપતરામ)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુખમાં દૂર પણ દુ:ખમાં પાસ, એકબીજાની પૂરે આશ;
તનમનધનથી મદદો થાય, મિત્રાચારી તહાં કહેવાય.

૦ ૦ ૦ (નર્મદ)

(૩૫) **ચરણાકુળ** : માત્રા. ૧૬. ચરણ ૪. તાલ: ચોપાઈ પ્રમાણે. છેવટના બંને અક્ષરો ગુરુ.

| | | |
૧૧૨ ૧૧ ૨ ૨ ૨ ૨૨ = ૧૬
હસતે સુખ રસ્તામાં વેર્યાં
ફૂલ નસીએ ગુલાબ કેરાં
નીચાં નમી વીણીશું ક્યારે ?
આજ, આજ ભાઈ અત્યારે.

૦ ૦ ૦

(૩૬) **કટાવ** :

આ છંદનાં ચરણોની સંખ્યા નિશ્ચિત નથી. એક પંક્તિમાં ઓછામાં ઓછાં ચાર ચાર માત્રાનાં બે આવર્તનો હોય છે. આઠ માત્રાના આ સંધિમાં, બીજા એક-બે સંધિ ઉમેરીને, ચરણનો વિસ્તાર સાધી શકાય છે. સળંગ પદ્યરચના માટે કટાવ છંદ ખૂબ અનુકૂળ પડે છે.

૧ ૧ ૧ ૧ ૨ ૨ | ૨ ૨ ૨ ૨ | ૨ ૧ ૨ ૧ ૨
ગિ રિ વ ર કે રે શૈ લે શૈ લે વૃ ક્ષ મા ત્ર ને
પત્રે પત્રે, ઊર્મિ ઊર્મિ ઉપર નદીની
લહરી લહરી સાથ વાયુની, પશુ પક્ષીને
અંગે અંગે-શબ્દે શબ્દે, મેઘમાળને
ખંડે ખંડે, અંશુનાથને કિરણે કિરણે
નીચે લક્ષ્મી વિવિધ વેશથી વિવિધ રંગમાં
ચંચળ ચપળા હાવ ભાવ કરી રમણીય કેવા ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોની જોની રતિ સજીરે
વિશ્વમાં રતિ ઘણી હજી રે!

૦ ૦ ૦ (ગોવર્ધનરામ)

૨૧ ૧૨ ૨
સૂર્ય હસે છે,
પ્રસન્ન નિર્મળ વ્યોમ હસે છે,
કુદરત કેરી અમી ભરેલી
આંખ હસે છે
ભરી ભરી એ ક્યારી જેવાં,
કૃતજ્ઞતાથી સ્નિગ્ધ લળેલાં
હૈયાં નભને
વન્દી હસે છે. (સ્નેહરશ્મિ)

૦ ૦ ૦

સલામ લેજે!
સરહદના હે સંત સિપાઇ,
સવાઈ ખિદમતગાર ખુદાઈ,
દિલભર મૂંગી લાખ અમારી સલામ લેજે! (હસિત બૂચઃ રૂપનાં અમી)

(૩૭) પ્લવંગમ : માત્રા. ૨૧. યતિઃ અગિયારમી માત્રાએ.
ચરણ ૪. તાલ : ૫. (૧, ૫, ૯, ૧૩, ૧૭મી માત્રાએ)

| | | | |
દાદા દાદા દાદા દાદા ગાલગા
૨૨ ૨૨ ૨૧ ૧૨ ૧૧ ૨ ૧ ૨ =૨૧
છત્રે થાતી છાંય, છડી ધર છાજતા
હાથી હોદ્દા માંય, રસિક બિરાજતા.

૦ ૦ ૦

જીવનતું ફળ જાણિ, ભજો ભગવાન રે,
અંતર પ્રીતિ આણિ, ધરો નિત ધ્યાન રે. (દલપતરામ)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

*(૩૮) **મહીદીપ**: માત્રા ૨૨. યતિ: બારમી માત્રાએ. ચરણ ૪ અંતે બે ગુરુ. તાલ: ૪. (૧,૭,૧૩,૧૯ માત્રાએ)

ઽાલ ઽાલ ઽાલ ઽાલ ઽાલ ઽાલ ગાગા
૨ ૧ ૨ ૧ ૨૧ ૧૧૧ ૧૧૨ ૧ ૨ ૨ =૨૨

જો વિચારી જીવ જનમ પામિને શું પામ્યો ?
ભક્તિની ન જુક્તિ જાણી પાપ કાંપ જામ્યો;
છે હજી ઉપાય થાય તો ઘણું જ સારું,
જે ઘડીક જાય ઓછું, થાય આયુ તારું.

૦ ૦ ૦ (દલપતરામ)

પ્રેમબન્ધ બન્ધુતણો વિશ્વજનો બોલે,
બાંધિયો પ્રભુધામથી જ જન્મ થકી જોડે,
જનનીજાત ભગિની ભ્રાતની સમાન આંહિં
મનુજરચિત બન્ધુતણો પ્રેમ બને નાંહિં.

(નરસિંહરાવ: કુસુમમાળા)

*(૩૯) **રોળા**: માત્રા. ૨૪. યતિ: અગિયારમી માત્રાએ. ચરણ ૪ તાલ. ૬. (૧,૫,૯,૧૩,૧૭,૨૧મી માત્રાએ,)

(ચાર ચાર માત્રાનાં ચતુષ્કલનાં છ આવર્તન)

ઽાઽા ઽાઽા ઽાલ, લ ઽાઽા ઽાઽા ઽાઽા
૧૧૨ ૨ ૧૧૨૧ ૧૨ ૨ ૨૨૨૨ =૨૪

ગગડે જ્યહાં ગ્રહગોળ, અને આ તારાટોળું
વેર્યું ફેંકી જ્યહાં, હેવું આ વ્યોમ પહોળું
ફેલાઇ ચોપાસ, હાસ ગમ્ભીરું કરતું,
આલિંગન સુવિશાળ, ભૂમિને ભાવે ભરતું.

૦ ૦ ૦ (નરસિંહરાવ : કુસુમમાળા)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ તે શા તુજ હાલ, 'સૂરત સૂનાની મૂરત;'
થયા પૂરા એ હાલ, સૂરત તુજ રડતી સુરત.

० ० ० (નર્મદાશંકર)

કોઈ ધરે ગજ વેષ, કેસરી કોઈ કહાવે
ગજથી પ્રકટે સિંહ, સિંહ કુંજર બની નાસે;
ખગ, માનવ, પશુવૃક્ષ–રૂપ પળપળમાં ધરતાં.
નહિ શ્રમ કે ન વિલંબ વિવિધ એ વેષ બદલતાં

[બોટાદકર—શૈવલિની]

ચન્દા ઘેલો બની ભમ્યો તું આભ અટારી,
પ્રકૃતિતત્ત્વની નૃત્યલીલા તેં પેખી સારી;
જીવન મૃત્યુતણે રમકડે રમતાં રમતાં,
તેં ગાયાં તુજ ગીત કરુણ રસથી ઓપંતાં,

(ચંદ્રવદન મહેતા)

શીખ્યો'તો તેં સાથ ગીત પથ જાતાં જાતાં,
મીઠેરા સંગાથ મધુર સ્વર ગાતાં ગાતાં.

(પિનાકિન્ ઠાકોર: આલાપ)

*(૪૦) **દોહરો**: માત્રા: ૨૪. યતિ: તેરમી માત્રાએ. દ્વિદલ રચના. તાલ: ૬: ૧, ૫ અને ૯ મી માત્રાએ–પૂર્વાર્ધમાં ત્રણ, અને એવી જ રીતે, ઉત્તરાર્ધમાં ત્રણ.

[પ્રથમ દલના પૂર્વાર્ધમાં ૧૩ અને ઉત્તરાર્ધમાં ૧૧–વિષમ (૧,૩) દલમાં ૧૩, સમ (૨,૪) દલમાં ૧૧–માત્રા; બીજા અને ચોથા દલની ૧૧મી માત્રા લઘુ હોવી જોઇએ. શ્રી પાઠકસાહેબ× દોહરાને

× તેઓ દોહરાને મૂળ દ્વિપદી રચના જ ગણે છે, અને બત્રીસી રચનામાં તેનો ઉદ્દગમ નિહાળે છે. કારણ કે, તેઓ કહે છે તેમ, દૂહો, ચોપાયા મારફત સવૈયામાંથી, અક્ષરમાત્રા ખંડિત થતો થતો ઊતરી આવેલો છે. (પ્રા. ગુ. છંદો. પૃ. ૧૧૭–૧૩૦, ૩૧૧)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માત્રામેળ રચનાની સફાઈ, પહેલદારપણું, ટૂંકાણ, ચોટ એ સર્વનું ઉત્કૃષ્ટતમ દષ્ટાંત કહે છે. દોહરો એ 'અર્ધસમપદ' છંદોના પેટામાં આવે; કારણ કે, તેનાં વિષમ દલ સરખાં છે તેમ સમ દલ પણ સરખાં છે.

| | | | | |
દા દા દા દા દા લ દા, દા દા દા દા ગા લ
૧ ૧ ૨ ૨ ૧ ૧ ૨ ૧ ૨ ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૨ ૧=૨૩
ભણતાં પંડિત નીપજે; લખતાં લહિયો થાય;
ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પંથ કપાય.

[દલપતરામ]

ગર્જંતો અટકી રહે ઘડિ ઘડિ સિન્ધુ મહાન
ઊંડું, મધુરું, નિર્મળું સાંભળવા એ ગાન.

○ ○ ○ [નરસિંહરાવ: હૃદયવીણા.]

કરે ગગનના ગોખમાં ચાંદલિયો ચમકાર
ઉરને સરવર પોયણાં ઉઘડે અપરંપાર.

○ ○ ○ [ન્હાનાલાલ]

એકલ પાંખ ઉડાય ના, એકલ નહિ હસાય,
એકલ રવિ નભ સંચરે એની ભડકે સળગે કાય !

○ ○ ○ (સ્નેહરશ્મિ)

પાંપણ કેરી પાંદડી ઊંચકતી અધરાત:
જોઇ પિતાની ઝુલતી તેજ હિંડોળા ખાટ.

(ઈન્દુલાલ ગાંધી)

***(૪૧) સોરઠો:** માત્રા ૨૪. યતિ: અગિયારમી માત્રાએ. દ્વિદલરચના. તાલ : દોહરા પ્રમાણે.

[દોહરાનાં ચરણો ઉલટાવવાથી સોરઠો બને છે.× અર્થાત્ પહેલા

× શ્રી પાઠકસાહેબ લખે છે: 'પણ એમ ઇતિહાસમાં ખરેખર જ બન્યું હશે એમ માની લેવું એ શાસ્ત્રીય નથી.' (પ્રા. ગુ. છંદો પૃ. ૧૨૧) 'સોરઠિયો દૂહો' એનું ટૂંકું નામ સોરઠો થઇ ગયું છે. (બૃ. પિં. પૃ. ૩૧૫)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દલના પૂર્વાર્ધમાં અને ત્રીજા દલના પૂર્વાર્ધમાં ૧૧ માત્રા, અને બીજા દલના ઉત્તરાર્ધમાં અને ચોથા દલના ઉત્તરાર્ધમાં ૧૩ માત્રા. આથી સોરઠો આપણને ' રોળા ' લાગવાનો સંભવ છે; પરંતુ સોરઠો અને રોળામાં મુખ્ય તફાવત, તાલ અંગેનો, તેમજ યતિ અંગેનો છે. રોળા છંદનો યતિ, વિલંબન કે વિચ્છેદના રૂપનો નથી, પરંતુ શબ્દાન્ત દર્શક યતિ છે.)

। । । । । ।
દા દા દા દા ગાલ દા દા દા દા દા લ દા
૨ ૧૧ ૧૧૨ ૨ ૧ ૧૧૨ ૨૧ ૧ ૨ ૧ ૨=૨૪
ઓ રસ તરસ્યાં બળ! રસની રીત ન ભૂલશો
પ્રભુએ બાંધી પાળ રસસાગરની પુણ્યથી.

(ન્હાનાલાલ)

પ્રજળે દીપક જ્યોત, પ્રજળે ઉરમાં ઝંખના,
દીપક જ્યોતે અંગ હોમે પ્રાણ પતંગિયું.

○ ○ ○ (સુન્દરમ્)

વંદન આબૂરાજ! વંદન વ્હાલપનાં ત્હને:
અંજલિ અર્પું આજ ઝીલ ગુર્જરી બાલની!

(પૂજાલાલ)

કરમો કાળાં મેંશ ઉરમાં અંધારાં રમે
લાજ નહીં લવલેશ, રામ રખોપાં શું કરે?

(જયંતિલાલ દવે)

*(૪૨) **હરિગીત:** માત્રા ૨૮. ચરણ. ૪. તાલ: ૮. (૩, ૬, ૧૦, ૧૩, ૧૭, ૨૦, ૨૪, ૨૭મી માત્રાએ.)

[પંક્તિના અંતે છેલ્લો અક્ષર ગુરુ(ગા) જોઇએ. આ છંદમાં સાત માત્રાના સપ્તકલ સંધિનું ચાર વાર આવર્તન થાય છે.]

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દા દા લ દા દા દા લ દા દા દા લ દા દા દા લ ગા
૧૧૨૧ ૨૧૧૨ ૧૨ ૧૧૨૧ ૨૨ ૨૧૨=૨૮

નરદેવ ભીમકની સુતા દમયંતિ નામે સુંદરી
સુણિને પ્રશંસા હંસથી નળરાયને મનથી વરી.
મોટી સ્વયંવરની સભામાં સુરનરાદિક ને ત્યજી
વરમાળ તેણે વ્હાલથી નૃપનળતણે કંઠે સજી.

o o o

અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દંપતી
વિનિમય કરે નિજ રસતણો ઉર ઉર આગળ ઉઘડી.

(ગોવર્ધનરામ : સ્નેહમુદ્રા)

o o o

સંધ્યા સુહાગણ શાંતિનો સંકેત કૈં સમજાવતી,
ને મંદ મંદ તમિસ્ર કૈં અવ્યક્ત વરસે વ્યોમથી.

(ઓટાદકર)

o o o

બહુ ગૂઢ તરુમાં બેસીને જે ગાય મીઠું કોયલ
ચાલે ઘડી તે એક ને પછી બંધ તે અદ્દભુત સ્વર !

(રમણભાઈ નીલકંઠ)

o o o

આ પ્રેમ સંસારી તણો તુજ તેજ જેવો છે નક્કી,
એ અમૃતે શું ઝેરનાં બિંદુ ભર્યાં વિધિએ નથી ?
અમ એ જ જીવિત, એજ મૃત્યુ, એજ અશ્રુ ને અમી,
જે પોષતું તે મારતું, શું એ નથી, ક્રમ કુદરતી ?

(કલાપી : કલાપીનો કાવ્યકલાપ)

o o o

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની

(કલાપી)

એ પણ શુદ્ધ હરિગીતની ગઝલ છે.

વિષમ હરિગીતઃ માત્રા–૨૬–૨૮.

[હરિગીતના પ્રથમ ચરણમાં ૨૬, અને બીજા ચરણમાં ૨૮ માત્રા પ્રયોજી હોય તો વિષમ હરિગીત છંદ બને.]

દાદાલદા દાદાલદા દાદાલદા દાલદા

૨૧૨૧ ૧૨૧ ૨ ૧૧૨૧૨ ૧૧ ૨ ૧૨=૨૬

મંદમંદ સમીર વ્હે તરુકુંજમાં બહુ મ્હાલતો

ગિરિ ગહ્વરે અથડાઈ મીઠા રાગ મૃદું આલાપતો

(મણિલાલ દ્વિવેદી)

o o o

નામ ચંદ્રા મધુરું મ્હારું પાડિયું મુજ માડિયે,

ઘણી વેળ વિચરું ખેલવા આ વ્યોમ કેરી વાડિયે.

(નરસિંહરાવઃ કુસુમમાળા)

o o o

ખંડહરિગીત

હરિગીતમાં સાત સાત માત્રાનાં ચાર આવર્તન હોવાથી, સામાન્ય રીતે, ૧૪, ૧૪ માત્રાના બે ખંડ પડે; ૧૪ માત્રાના પ્રથમ ખંડમાંથી, બે માત્રા કાઢી નાખી, ૧૨ માત્રાના ખંડને ત્રેવડાવી, અંતે ૧૪ માત્રાનો ખંડ મૂકાય તો તે ખંડ હરિગીત બને.

દાલ દાદા દાલ દા

દાલ દાદા દાલ દા

દાલ દાદા દાલ દા

દા દા લ દા દા દા લ દા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મર્ત્ય જીવન તો ખરે,
માત્ર પૂર્વાલાપ છે,
પૂર્ણ ગીત સમૃદ્ધિ તો,
પરકાળ સંગીતે વસે.

(નરસિંહરાવ)

હરિગીત છંદના આવા અનેક પ્રયોગો થયા છે; કેટલાકે 'મિશ્ર હરિગીત' નામ આપીને તેમાં કાવ્યરચના કરી છે. એમાં પણ હરિગીતની આખી પંક્તિને બદલે તેના ખંડને એવડાવેલા હોય છે, તેથી 'ખંડ હરિગીત' એ નામ જ એને માટે યોગ્ય છે.

ઉ૦ ત૦ ઓ મેઘ ! વૃષ્ટિ લાવજે ! પશુ પંખીને હરખાવજે !

તુજ રવ ભરી, છલ્લ છલ્લ કરી,
ઉર ગાનમાં છલકાવજે !
કવિ–અંતરે કદિ શુષ્કતા આવી વસે !
નીરસ કદર હીણુ જગતથી મંદ જ થશે;
તેને ફરી તું જગાવીને તુજ ગાનપાન કરાવજે !
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ ! તુજશું કલ્પના વ્હેવડાવજે !

(ખબરદાર)

કવિશ્રી ન્હાનાલાલનો હરિગીતનો પ્રયોગ જોઇએ :

મ્હેકતું,
મ્હેકાવતું,
પ્રાણને ચેતાવતું,
વિરલ સૌન્દર્યે કદી કદી ભાસતું
પ્રિયનયનની કાન્તિમાં સ્થિર વાસતું,
સ્નેહના સોહાગ સમ સપ્રભ યશસ્વી વિલાસતું.

(ન્હાનાલાલ)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નવીનતર કવિઓમાંથી આવા પરંપરિત હરિગીતનાં ઉદાહરણો જોઇએ :

(૧) મેદની વિખરાય
ને આ વૃદ્ધ જેની કાય
તે લોહાર આવી કાષ્ટના : એ સ્તંભ પાસે
(જે થકી નીતરું રહ્યું રે રક્ત એવું–શુદ્ધ જાણે સૂર્યનું
ને લોચને વિલસે હજી તો ચંદ્રનું માધુર્ય શું !)
જઈ જુએ શું એક શ્વાસે;
—મેં મકાનો બાંધવાને જે ઘડયા
રે તે ખીલા તો અહીં જડયા !

(પ્રિયકાન્ત મણિયાર : પ્રતીક)

o o o

આષાઢની રજની હતી.
સારંગીના ઝીણા સ્વરોની યાદ દેતી
વાદળી ધીમે ધીમે વર્ષી રહી.

(રમણ કોઠારી : વૃંદાવન)

આવ હે મુક્તિદિન !
આજ તું જોઈલે ભગ્ન અમ સ્વપ્ન બીન !
આવ હે મુક્તિદિન !
જોઇ લે બીનના તાર સૌ છિન્ન છે,
સપ્ત સ્વરનો ધ્વનિ આજ તો સુપ્ત છે,
જીવન સંગીતની કલ્પના એય તે લુપ્ત છે;
જોઈ લે મૌનનો ભાર પણ કેટલો ભિન્ન છે !

(નિરંજન ભગત : છંદોલય)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૪૩ ચોપાયા છંદ : માત્રા ૨૮. યતિ: સોળમી માત્રાએ ચરણ ૪. તાલ: ૭. (૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫ માત્રાએ)

[ચરણનો અંત્ય અક્ષર ગુરુ. ચાર ચાર માત્રાનાં સાત આવર્તનો.]

| | | | | | |
દા દા દા દા દા દા દા દા દા દા દા દા દા ગા
૨ ૨ ૧ ૧ ૨ ૨ ૨ ૨ ૨ ૧ ૧ ૨ ૨ ૨ ૨ ૨=૨૮
પાડોશણને આટો આપો, ઘરનાં ચાટે ઘંટી,
છોકરડાં તો છાશ પિયે ને બાવો માગે બંટી.

° ° ° (દલપતરામ)

મૂર્ખ મનુ ! માયાને રોતા ! મૂર્ખતાને નહિ સીમા !
માયા ઇંધનથી માયાને બાળું આજ આ અવનિમાં.

(ગો. મા. ત્રિ.)

***૪૪ સવૈયા :** માત્રા ૩૧ કે ૩૨. યતિ: ૧૬મી માત્રાએ ચરણ ૪. તાલ ૮. (૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫, ૨૯ માત્રાએ.)

[ચાર ચાર માત્રાનાં આઠ આવર્તનો. એકત્રીસા સવૈયાના ચરણના છેલ્લા બે અક્ષરો, અનુક્રમે ગુરુલઘુ (ગાલ) હોય છે; જ્યારે બત્રીસા સવૈયાના છેલ્લા બંને અક્ષરો ગુરુ હોવાનો નિયમ છે.]

એકત્રીસો સવૈયો :

| | | | | | | |
દા દા દા દા દા દા દા દા દા દા દા દા દા દા ગા લ

બત્રીસો સવૈયો :

| | | | | | | |
દા દા દા દા દા દા દા દા દા દા દા દા દા દા ગા ગા
૨ ૧ ૧ ૨ ૨ ૧ ૧ ૧ ૧ ૨ ૨ ૧ ૨ ૧ ૨ ૨ ૨ ૧ ૧ ૨ ૧=૩૧
અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન રૂપ ?
કાળતણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ ?

° ° ° (સુન્દરમ્)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આકાશે સંધ્યા ખીલી'તી, માથે સાતમ કેરો ચાંદ,
બાગ માંહી ફરતાં'તાં સાથે, પૂછું હું ફૂલોનાં નામ.
(પ્રહ્લાદ પારેખ)

હું એક રમકડું સિંગાપુરથી સાથે લેતો આવ્યો છું,(=૩૨)
કાગળપેટીમાં એ બળીઆ પૂરી બગલમાં લાવ્યો છું.
(ઉ. વસંતવર્મા.)

પણ ઊંચા નભના સંચારી પક્ષીરાજ તું આવ્યો આ
ધરતી પર, ત્યાંથી ઉડ પાછો; પક્ષહીનનો દેશ જ આ
ફફડાવી પાંખો સોનેરી, રચ રસયંત્ર તું રસધરમાં !
વિશાળ વ્યોમ માપી લે, ને ન્હા સૂર્ય કિરણના સરવરમાં.
(ગોવર્ધનરામ)

છેલ્લા ઉદાહરણમાં છેલ્લો અક્ષર ગુરુ છે, અને આવી છૂટ કવિઓએ લીધી છે. પંક્તિની માત્રા સંખ્યા ૩૦ જ છે. પરંતુ છેલ્લો ગુરુ વર્ણ ખૂબ ભાર દઇને–લંબાવીને ઉચ્ચારવાનો હોવાથી ×–અને તેની ત્રણ માત્રાઓ ગણાતી હોવાથી—૩૦ ને બદલે ૩૧ માત્રા થાય.
તેવી જ રીતે,

ધોમ ધખ્યો મધ્યાહ્ન તણો ને સ્થંભ્યા રણવગડાના વા
સ્થંભ્યો શિર પર સૂરજ આવી લુક લાગી તન સળગાવા
૦ ૦ ૦ (ત્રિભુવન વ્યાસ)

***૪૫ ઝૂલણા : માત્રા ૩૭. યતિ : દસમી, વીસમી અને ત્રીસમી માત્રાએ. ચરણ ૪. તાલ ૮: ૧, ૬, ૧૧, ૧૬, ૨૧, ૨૬, ૩૧, ૩૬ માત્રાએ.**

(પાંચ પાંચ માત્રાનાં (પંચકલ સંધિનાં) સાત આવર્તનો, અને અંતે એક ગુરુ (ગા). નરસિંહ મહેતાનાં ઘણાંખરાં પ્રભાતિયાં ઝૂલણા છંદમાં છે.)

× આને પ્લુત ઉચ્ચાર કહે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દાલદા દાલદા દાલદા દાલદા

દાલદા દાલદા દાલદા ગા

૧૧ ૧૨ ૧૧૧૨ ૨ ૧ ૨૨ ૧૨
નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો ?

૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨=૩૭
તે જ હું તે જ હું શબ્દ બોલે,

સ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે
નથી અહીંઆં કોઈ કૃષ્ણ તોલે.

૦ ૦ ૦ (નરસિંહ મહેતા)

આજ, મહારાજ! જલ પર ઉદય જોઇને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે,
સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગનમાંહિ ઉત્કર્ષ પામે; (કાન્ત)

૦ ૦ ૦

તું મહાકાવ્ય થઈ વિશ્વ વ્યાપી રહ્યો,
ત્યાં વળી કવિતહું શું કરું હું ?
અખિલ બ્રહ્માંડ રસરાજ રેલી રહ્યો,
રસતણી વાડકી શું ધરું હું ?

(હરિહર ભટ્ટ)

૦ ૦ ૦ ૦

જન્મ ને મૃત્યુ છે ઉભય સુંદર જગે,
હો ભલે ઉભયના પંથ ન્યારા !
પણ ખરે મૃત્યુ એ અધિક સુંદર દીસે,
જ્યાં ખીલે માત્ર શુભ સ્મરણ ક્યારા !

(ખબરદાર)

૦ ૦ ૦ ૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નીચેના ઉદાહરણમાં, ઝૂલણાના ખંડોને ભાવ પ્રમાણે એવડાવ્યા છે.

આજ નયનો! રડો!
હૃદય! ભાંગી પડો!
પૃથ્વી પેટાળના કાળના કોરડા શા ધરાકમ્પ સૌ સામટા ગડગડો!
આજ આકાશના ઘૂમટ નીચે પડો!
સૂર્યને ચંદ્રને તારલા સૌ ટળો
આજ ગાંધી ગયા!

(મનસુખલાલ ઝવેરી)

પરંપરિત ઝૂલણાનું એક ઉદાહરણ જોઈએ:

પશ્ચિમે ક્ષિતિજને સ્પર્શતો કલાન્ત ને શાન્ત, મોટો રવિ;
પૂર્વમાં ક્ષિતિજથી ઉદ્ભવે ગોળ પૂનમ શશી,
મ્લાન, પાણ્ડુર છવિ:
દિવ્ય કો ત્રાજવે તેજપલ્લાં રુડાં બેઉ સરખાં સુહે!
દાંડીને નિરખવા નજર કરું ઊંચી, ત્યાં,
તારલા શ્વેત ઉપહાસમાં હસી રહે! (પ્રજારામ રાવળ)

* * *

તપ્ત ધરણી હતી
ભાનુની દૃષ્ટિના ભર્ગથી ભાસ્વતી
સૃષ્ટિ સારી ય તે ભસ્મવરણી હતી;

(નિરંજન ભગત : છંદોલય)

***૪૬ ગાથા અથવા આર્યા : માત્રા ૫૭**

યતિ : બારમી માત્રાએ. તાલ ૧૫
(દ્વિદલરચના : ૧ લું — ૧૨ + ૧૮ માત્રા
૨ જું — ૧૨ + ૧૫ માત્રા

કુલ ૫૭ માત્રા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાર માત્રાના ચતુષ્કલનું સાતવાર આવર્તન, અને અંતે ગુરુ. પ્રથમ દલમાં છઠ્ઠું ચતુષ્કલ 'જ' ગણ અર્થાત્ લગાલ જોઈએ.)

દાદા દાદા દાદા, દાદા દાદા લગાલ દાદા ગા
દાદા દાદા દાદા, દાદા દાદા લ દાદા ગા

(પહેલું દલ ૧૨ + ૧૮ = ૩૦ માત્રાનું.
બીજું દલ ૧૨ + ૧૫ = ૨૭ માત્રાનું.)

અથવા

દદદા દદદા દદદા દદદા દદદા લગાલ દદદા ગા

દદદા દદદા દદદા દદદા દદદા લ દદદા ગા,

દુઃખ હર દીનદયાળા, ધર્માળા પ્રભુ સદા સુકર્માળા
ગુણવાળા ગોપાળા, સ્મરણ કરું તારું શોભાળા.

(દલપતરામ)

૦ ૦ ૦ ૦

ચંદ ગગન ચઢિ આવ્યો ન જણાયા તોય જીવણજિ જોઈ,
વિલપે વનમાં વિરહે વિધુરી રાધા ધિરજ ખોઈ.

(ગીતગોવિંદ)

૦ ૦ ૦ ૦

નભ જેવું નિર્મલ જલ, જલ સમ આનન્દકારિ બિંબ,
શશિ બિંબ સમું લસતું, શરદકરે તરુણિનું વદન.

(રામનારાયણ પાઠક)

૦ ૦ ૦ ૦

*૪૭ ગીતિઃ ૬૦ માત્રા. યતિઃ બારમી માત્રાએ. તાલઃ ૧૬

(આર્યામાં ૩૦ અને ૨૭ માત્રાનાં બે દલ થઈને ૫૭ માત્રા થાય છે. જ્યારે ગીતિનાં બંને દલો ૩૦-૩૦ માત્રાનાં હોય છે.)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૨૫) **સુવદના** : અક્ષર : ૨૦. યતિ : બે, સાતમે અને ચૌદમે અક્ષરે.

[મંદાક્રાંતાના પ્રથમ ચાર ગુરુવાળા ખંડ પછી લગાગાનું ઉમેરણ, અને વચલાખંડની પૂર્વે એક લઘુ ઉમેરવાથી સુવદના છંદના પ્રથમ બે ખંડો બને છે. ત્રીજો ૭ અક્ષરનો ખંડ નવો જ છે.]

ગાગાગાગાલગાગા, લલલલલલગા, ગાગાલલલગા.

ગણ : મ, ર, ભ, ન, ય, ભ + લગા.

કેવી મીઠી સુગંધી, કમલ–કુસુમની, લેઈ વહત આ
અંગાંગે મોદ અર્પી પરિમલ ભરતો વાયે પવન આ.(ચિ.)

° ° °

ગર્જંતા ભેખડોને બળ કરિ દળતા, કાળા તન છતાં,
સિંદૂરે શોણ પ્રૌઢા મુજ ગજ મદનૂં વારી બહવતા;
પ્રૌઢો જે શોણ નામે નદ ઘન વનથી કાળો તટ બળે,
મોડે ને નીર રેલે ગરજિ પિ જ જશે તેનૂં સઉં જળે.
(મુદ્રારાક્ષસ)

*(૨૬) **સ્રગ્ધરા** : અક્ષર : ૨૧. યતિ : બે, સાતમે અને ચૌદમે અક્ષરે.

[ઉપરના સુવદના છંદ પ્રમાણે, મંદાક્રાંતા છંદના ફેરફારવાળા પ્રથમ બે ખંડો, અને ત્રીજો ખંડ તો સહેજ પણ ફેરફાર વિના મંદાક્રાંતાનો જ દૃષ્ટિગોચર થાય છે. આટલા ફેરફારથી, મંદાક્રાંતાની સરિતા–સ્ત્રી જેવી કોમળતા, સ્રગ્ધરામાં સમુદ્ર–પુરુષ જેવી ભવ્યતા ધારણ કરે છે.]

ગાગાગાગાલગાગા, લલલલલલગા, ગાલગા ગાલગાગા.

ગણ : મ, ર, ભ, ન, ય, ય, ય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધીમે ધીમે છટાથી, કુસુમરજ લઈ, ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી, પરિમલ પ્રસરે, નેત્રની તૃપ્તિ થાય.

० ० ० (કાન્ત)

કુંજે ને પુષ્પ કુંજે, ગિરિવર કુહરે, નિર્ઝરોનાં નૂપુરે,
સિન્ધુ સ્રોતે પ્રચંડે, જલધિ જલતરંગે, દિશા અંતરાલે.
પંખીગાને સુરીલે, વન-રણ-ગગને, તારકાવૃંદ સૂરે,
સન્મંત્રો ગુંજતા'તા સરલ, શુભ, સ્વયં સૃષ્ટિને બાલ્યકાળે.

(ઉમાશંકર જોષી : ગંગોત્રી)

० ० ०

વિશ્વોના ગોળ ફૂટે, ગ્રહગણ ગબડે, ધૂમકેતુ વછૂટે,
ને આખી યે ધરિત્રી ધણધણી ઉઠતી કારમાં કમ્પનોથી.
અદ્રિનાં શૃંગે તૂટે, સરિતગણ છળે, વાયુનાં વ્હેણ ગાજે,
સિંધુમાં આભ ડૂબે, સકળદિશ તણી ચેતનાઓ હરાતી.

(રામપ્રસાદ શુક્લ)

० ० ०

દેવો ને માનવોનાં મધુમિલનતણા સ્થાન સંકેત જેવો,
દૈવી વૈમાનિકોના વિરતિભવન શો સિદ્ધ શૈલેશ ઊભો.

(ખોટાદકર)

० ० ०

હૈયાનાં શૂળ જેવાં વિષમ ઉતરશે વેરનાં ઝેર આંહી,
સાચાં પાણી મપાશે ગરવ ઉછળતા શૌર્યનાં આજ આંહીં.

(મ. ઝવેરી.)

ખંડ સ્રગ્ધરા :

સ્રગ્ધરા છંદના ત્રણ ખંડો પૈકી, સાત અક્ષરના પ્રથમ ખંડને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. ત. વધે વડાઇ વિશ્વમાં ભલું થશે ભવિષ્યમાં.

પરંતુ ભુજંગી અને તોટકની જેમ, આ છંદ પણ, માત્રાબંધ પ્રકૃતિની ચિત્રરચનાવાળી વિકૃતિ છે. ઉપરના જ ઉદાહરણને આપણે, આને માત્રામેળ છંદ ગણી, નીચે પ્રમાણેની સંધિમાં મૂકી શકીએ.

લદા લદા લદા લદા
લદા લદા લદા લદા

૫૧ ગુલબંકી :

(આ છંદ પણ અક્ષરમેળ છંદ સંભવી શકતો નથી; કારણ કે. ગુલબંકી છંદ એ પ્રમાણિકા છંદનું જ દીર્ઘ સ્વરૂપ છે; તેમાં પણ દાલ સંધિનાં આવર્તનો છે, અને તે ગમે ત્યાં સુધી લંબાવી શકાય.)

જન્મ ગાંઠ :

કાળનાં અનંત સૂત્ર પે પડંતી
જિંદગીતણા અનેક આમળાની એક ગાંઠ,
રાત્રિ ને દિનો તણા મહાન ઝૂડ બાંધનાર
વર્ષ કેરી આવતી વળી વળી જ એક ગાંઠ,

જન્મ ગાંઠ. ○ ○ ○ (સુન્દરમ્)

કેમ એ ભૂલું સવાર ?
નીકળું હું એકલો, તાઝગી પ્રભાત કેરી માણવા લઈ લટાર
એમ તો હજાર વાર;
તોય ચિત્તમાં અખંડ દીપ જ્યોતના સમી એજ જાગતી સવાર

○ ○ ○ (એટાઈ.)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્હાણુ–ખીણુ–ખેતરે,
વાયુએ સમન્દરે,
વાટ ઘાટ પે અને ઘરે ઘરે
મગ્ન સાધના મહીં અમે થઈ,
એક હારમાં અમે બધા મળી,
ઘોષમાં ગજાવશું ઉમંગથી ભરી ભરી :
'મળી, સ્વતંત્રતા, મળી !'

० ० ० (હસિત બૂચ : રૂપનાં અમી)

હું ગુલામ ?
સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ ?

० ० ० (ઉમાશંકર જોષી)

જુવો ઉઘાડું આ કમાડ, જાવ જ્યાં રુચે;
સ્વલ્પ બિંદુ યે દયાનું ના ખપે મ્હને. (બ. ક. ઠા)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આગંતુક છંદો :

ગુજરાતી કાવ્યસાહિત્યમાં, કેટલાંક પર–ભાષાનાં પદ્યસ્વરૂપો આવ્યાં છે, તે પૈકી થોડાંક નીચે આપ્યાં છેઃ

પર અંજની ગીત :

આ પદ્યસ્વરૂપ આપણે ત્યાં મરાઠી સાહિત્યમાંથી આવ્યું છે. આ સ્વરૂપમાં, પ્રથમ ત્રણ ચરણો ૮+૮=૧૬ માત્રાના–પાદાકુલકનાં હોય છે, અને તેમનો પ્રાસ મેળવવામાં આવે છે. છેલ્લું ચોથું ચરણ ૬+૪=૧૦ માત્રાનું હોય છે. કવિ કાન્તે આઠ–નવ અંજની–ગીતો લખીને, આ પ્રકારને આપણે ત્યાં પ્રચલિત કર્યો છે.

ઉ. ત. ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨=૧૬.

આકાશે એની એ તારા :
એની એ જ્યોત્સ્નાની ધારાઃ
તરુણનિશા એની એ : દારા—
૨ ૨ ૨ ૨ ૨=૧૦
ક્યાં છે એની એ ?

૦ ૦ ૦ (કાન્ત)

ઉર એકાન્તે ઝૂરી મરતું,
ભાવતરંગે એકલ તરતું,
અંતરના ઉલ્લાસ નીતરતું,
મારું આ આંસુ.

૦ ૦ ૦ (ઉ. જોષી)

સ્વર્ગંગા સેંથો મા હારો
માનસસર શિરમણિ રૂપાળો
ભાલ–ત્રિવલ્લિ વિમલ હિમ–હારો
જય જય મા મ્હારી !

૦ ૦ ૦ (બ. ક. ઠાકોર)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાદળને વરસી જળ બનવું.
ફૂલડાંને ફળમાં પરિણમવું
જીવનને જનમી શું કરવું ?
હસવું ને રડવું. (સુન્દરમ્)

० ० ०

એકકે શબ્દ ન વ્યર્થ ઘડ્યો તેં
શબ્દે શબ્દે અર્થ ભર્યો તેં,
એ જ મહાન અનર્થ કર્યો તેં
વીરા વ્યાકરણી ! (માણેક)

૫૩ દિંડી : માત્રા : ૧૯. યતિ : નવમી માત્રાએ.

દિંડી પણ આપણે મરાઠીમાંથી લીધી છે. પરંતુ તેના અસલ સ્વરૂપમાં તેનો સ્વીકાર કર્યો નથી.

મરાઠી પ્રમાણે દિંડીનું સ્વરૂપ :

દાલ દાદાદા દાલ દાલ ગા ગા
છત્ર જેવા બેઠા હતા પિતાજી
લગ્નગ્રંથિ અભિનવ રસાલ તાજી;
જનેતાઓ રહેતાં સચિંત જ્યારે,
તે અમારા દિવસો વહી ગયા રે ! (કાન્ત)

આપણે એમાં થોડોક ફેરફાર કરી નાખ્યો છે : +

દાલ દાલ દાલ દાલ દાલ ગા ગા

(દાલ ત્રિકલ સંધિનું પાંચવાર આવર્તન, અને અંતે ચતુષ્કલ —ચાર માત્રાની—સંધિ. નીચે, છેલ્લાથી પૂર્વેના ગુરુનો ઉચ્ચાર પ્લુત થાય છે, એટલે તેની ત્રણ માત્રા ગણવી પડે.)

+ ગુ. પિંગળ—નવી દૃષ્ટિએ પૃ. ૩૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. ત.

મીઠોઁ ભગિની શું પ્રેમ તે ગુલાબ,
લલિત પ્રેમ પુત્રને વિશે અમાપ,
પ્રિયા પ્રેમ તેહ કેતકી સુગંધ,
પ્રભુ પ્રેમમાં સહુ પ્રેમનો પ્રબંધ.

○ ○ ○ (નરસિંહરાવ : કુસુમમાળા)

પ્રિયા પ્રીતમતણે કંઠ લીન થાય,
પિતા કંઠ વિષે બાલકો ભરાય,
ભિન્ન ઠામ ભિન્ન ભિન્ન રૂપ ભાસે,
બધે પ્રેમ! તું જ એકલો પ્રકાશે.

○ ○ ○ (મણિલાલ દ્વિવેદી)

મંદ મંદ હાસ્ય મુખ થકી કરીને,
પ્રણયના અનેક ઝરણને ઝરીને;
મૃદુલ ચરણ વિમલ વ્યોમમાં ધરીને,
ઉદય શર્વરીશ પામતો ઉમંગે (બોટાદકર)

૫૪ અભંગ :

આ પણ મરાઠીમાંથી આવેલો પદ્યપ્રકાર છે. તે આવર્તી અક્ષરબંધના ઉદાહરણ તરીકે નોંધપાત્ર છે. કેટલાક અભંગ બે ચરણવાળા તો કેટલાક ચાર ચરણવાળા પણ હોય છે. (૧) બે ચરણવાળા અભંગનાં બંને ચરણો આઠ આઠ અક્ષરોનાં હોય છે: એમાં લઘુગુરુનો કશો નિયમ નથી; ચરણાંતે અનુપ્રાસ લાવવા, માત્ર છેલ્લો અક્ષર મળે તો પણ ચાલે. આને ન્હાનો અભંગ કહે છે. જ્યારે (૨) ચાર ચરણવાળા અભંગનાં પહેલાં ત્રણ ચરણો છ અક્ષરોનાં (દ્વયક્ષર સંધિની ત્રણ આવૃત્તિનાં બનેલાં), અને ચોથું ચરણ ચાર અક્ષરનું (એકાક્ષર સંધિની ચાર આવૃત્તિનું) હોય છે. આમાં લઘુ ગુરુ કે યતિ–ગણનો કશો નિયમ નથી. આને મોટો અભંગ કહે છે.*

---

* ગાયનવાદન પાઠમાળા પૃ. ૪૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(૧) સાચું પળે પળે બોલો, ખોટું કદી નહીં બોલો
સાચું પ્રભૂજીને ગમે, સાચે સર્વે સિદ્ધિ મળે.

० ० ०

(૨) પાપ વાસનાઓ થાય જ્યારે ક્ષય
પામશે ઉદય પુણ્ય વૃત્તિ.

० ० ०

આજ ભક્ત વૃન્દ ધરીને આનંદ
સત્ય સુખકંદ ધામે ચાલો.

० ० ०

(નરસિંહરાવ)

જાગ્યો નથી જેના રુદિયામાં રામ
કહે તુકારામ સંસારી તે.

***૫૫ ગઝલ :**

આ પ્રકાર આપણે ત્યાં ફારસી સાહિત્યમાંથી આવ્યો છે. દી. બ. ઝવેરીએ લખ્યું છે: 'ગઝલ' એ કોઈ છન્દ કે છન્દ-પ્રકારનું નામ નથી. 'ગઝલ' એ કાવ્યનો એક પ્રકાર છે. એ મૂળ અરબી શબ્દ છે અને એનો અર્થ પ્રેમયુક્ત ભાષામાં અથવા કાવ્યરૂપે બોલવું એમ થાય છે...ગઝલની ખાસિયત એ છે કે દરેક બેતમાં ભિન્ન ભિન્ન ભાવના કે લાગણી દર્શાવાય છે: કોઇ એક અમુક વિચાર, ભાવ યા લાગણી એક જ બેતમાં સમાઈ જાય છે, તેની પછીની બેતમાં તેને ખેંચવામાં આવતી નથી. મતલબ કે આખી ગઝલ એક જ ભાવનું દર્શન કરાવતી નથી, પરંતુ તેમાં જુદી જુદી ભાવનાઓ એકત્ર થયેલી જોવામાં આવે છે. ('ગુજરાતી ગઝલો') શ્રી પાઠકસાહેબ નોંધે છે: 'આપણી ગઝલ બેતની કોઇ સંખ્યા આવશ્યક માનતી નથી. એ પોતાની ઊર્મિના પ્રકટીકરણ માટે જોઇએ તેટલો વિસ્તાર કરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ દ્વિદલ છંદ છે, અને તે બબ્બે પંક્તિઓની કડી કે બેતોનો બનેલો હોય છે. તેની પ્રત્યેક પંક્તિમાં ચૌદ માત્રા અને ચાર તાલ હોય છે. સાતમી માત્રાએ યતિ આવે છે. તેમાં કાફિયા—પ્રાસનું મહત્ત્વ સ્વીકારાયેલું છે.

૧૨ ૨ ૨ ૧૨ ૨૨ ૧૧૧૨ ૨૧ ૨૨૨
ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારૂં પ્યારાએ અતિ પ્યારૂં ગણી લેજે.
૦ ૦ ૦ (બાલાશંકર)

ક્હીં લાખો નિરાશામાં, અમર આશા છુપાઈ છે;
ખફા ખંજર સનમનામાં, રહમ ઊંડી લપાઈ છે.
૦ ૦ ૦ (મણિલાલ દ્વિવેદી)

હું જાઉં છું! હું જાઉં છું! ત્યાં આવશો કોઈ નહીં!
સો સો દિવાલો બાંધતાં ત્યાં ફાવશો કોઇ નહીં!
(કલાપી : કલાપીનો કાવ્યકલાપ)

અમારો એકડો ઇશ્વર, અમે સૌ એમનાં મીંડાં;
અમારો એહ છે શ્રીધર, અમે સૌ બાળકો શ્રીનાં.
૦ ૦ ૦ (દેશળજી પરમાર : ઉત્તરાયન)

મને એ જોઈને હસવું હજારો વાર આવે છે
પ્રભુ તારાં બનાવેલાં તને આજે બનાવે છે.
૦ ૦ ૦ (શયદા)

હા, આંધળો છું પ્રેમમાં એની મને પરવા નથી!
પણ તોય તારી આંખનું તો નૂર થાતો જાઉં છું!
(શેખાદમ આબુવાલા : ચાંદની)

નિચોવી રક્ત હૈયાનું અમે મેંદી લગાવી છે.
ઉજાડીને ચમન દિલનો અમે વેણી સજાવી છે.
૦ ૦ ૦ (ભાનુમતી ઝવેરી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શુદ્ધિ

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૭	૧	વિદ્યામાન	વિદ્યમાન
૧૧	૧૪–૧૫	પંચ–બત્રીસી તેમ...	પંચકલ, સપ્તકલ તેમ...
૧૪	ફૂટનોટ–૧	વિસર્ગોંત	વિસર્ગો
૨૧	શીર્ષક	શ્લોકભગ	શ્લોકભંગ
૩૦	૪/૬	પાડે	પડે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અલંકારશાસ્ત્રનું વિદ્યાર્થીભોગ્ય વિશિષ્ટ પુસ્તક

અલંકારદર્શન

પ્રા. ચિમનલાલ શિ. ત્રિવેદી

પ્રા. ચંદ્રશંકર પુ. ભટ્ટ

વિશિષ્ટતાઓ:

* મહત્ત્વના શબ્દાલંકારો, અને
* ગુજરાતીમાં પ્રચલિત મુખ્ય મુખ્ય અર્થાલંકારોનું સ્વરૂપ દર્શન
* ગુજરાતી કાવ્યસાહિત્યમાંથી, અને વિશેષ તો આધુનિક ગુજરાતી કાવ્યસાહિત્યમાંથી, વિવેકપૂર્વક વીણેલાં સંખ્યાબંધ ઉદાહરણો
* ગુજરાતી સાહિત્યમાં 'કવિતા અને અલંકાર'ના સંબંધની વિદ્વાનોએ કરેલી ચર્ચાને સંકલિત કરતાં—એ બંને વચ્ચેના સંબંધને અનેક રીતે ચર્ચતો—અભ્યાસયુક્ત લેખ. કિં. ૧-૦-૦

ખડાયતા બુક ડીપો

બાલાહનુમાન, અમદાવાદ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi